بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ડિસેમ્બર-૨૦૧૨**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૦૯, અંક : ૧૨, સળંગ અંક : ૧૦૮



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | એક ભૂલાઈ રહેલી સુન્નત : મિસ્વાક઼ | ૦૨ |
| ૦૨ | **શું આ મુસલમાની છે ?! "કુર્આન-હદીષ" પર ઈમાનનો દાવો અને જીવન "તેના"...** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૯ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૧ |
| ૦૫ | હ઼દાઈક઼ે બખ્શિશ | ૧૨ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૫ |
| ૦૭ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૭ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૮ |
| ૦૯ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૦ |
| ૧૦ | આપણા ધાર્મિક જલ્સા અને રાત્રી જાગરણની.. | ૨૩ |
| ૧૧ | વહાબીઓના ગુરૂ ઈબ્ને તૈમિયહને ઓળખો ! | ૨૬ |
| ૧૨ | મદ્રસાના તલબાને તાલીમ સંબંધી નસીહતો... | ૨૮ |
| ૧૩ | તર્કે તક઼લીદ ઔર ગૈરમુક઼લ્લિદીન કે ઈજતેહાદી.... | ૩૦ |
| ૧૪ | ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને પ્રચાર.. | ૩૮ |
| ૧૫ | બદ્અક઼ીદા પાસે તૌબાનામા પર સહી કરાવી... | ૪૩ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## દરશાને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ

અર્ઝ : "ગનીમત" બાલાશિનોરી

વોહ હુસૈન ઈબ્ને હૈદર પે લાખોં સલામ
નૂરે ચશ્મે પયમ્બર પે લાખોં સલામ
ફાતિમા કે જિગર, લાડલે નૂરે અયન
વોહ હસન કે બિરાદર પે લાખોં સલામ
હુક્મે શર્એ નબી પર જો કાયમ રહે
ઝોહદો તક્વા કે પયકર પે લાખોં સલામ
આપકી દીદ મેહબૂબ કી દીદ હૈં
નૂરે અહમદ કે મઝહર પે લાખોં સલામ
થે બહત્તર મગર દુશ્મનોં સે લળે
વોહ શુજાઓ મુતાહહર પે લાખોં સલામ
દીને હક્ક઼ પર કટા જિન્કા સર સજદેમેં
દીને અહમદ કે ગોહર પે લાખોં સલામ
દીન પર જિસ્ને કુંબા ભી કુર્બાં કિયા
દીને સરવર કે યાવર પે લાખોં સલામ
જિસ્ને ઈસ્લામકો દી નઈ જિંદગી
હક્ક઼ કે માહે મુનવ્વર પે લાખોં સલામ
યાદે શોહદા **'ગનીમત'** અદબસે કરો
વોહ હુસૈન આ'લે અતહર પે લાખોં સલામ




આજનો માનવ દરેક ચીજમાં દુનિયવી લાભોની છાનબીનમાં રહેતો હોય છે, અને એના જ કારણે કંપનીઓની *મફત ! મફતની* લોભામણી જાહેરાતો તથા *"એક કા ડબલ !"*નું સાંભળીને બુદ્ધિને નેવે મૂકી જે હોય તે પણ ખોઈ નાખે છે અને કરજના દરિયામાં ડૂબી જીવનને અજીર્ણ કરી નાખે છે. આશ્ચર્યની વાત છે કે ઈમાનની કમજોરીની એ કેવી હાલત છે કે છેતરામણી કંપનીઓની તથા છેતરપિંડી કરનારા લોકોની વર્ષોથી ચાલતી આ સ્થિતિ જોતા રહેવા છતાં એમાં લબડાય છે ! અને કાઈનાતમાં સૌથી સાચા નબી ﷺની બંને દુનિયાની ભલાઈ તથા લાભો સૂચવતી હદીષો સાંભળવા છતાં એના તરફ આકર્ષણ એક મો'મિન તરીકે જેવું હોવું જોઈએ તેવું નથી હોતું ! પણ હે મુસલમાનો ! એ વૃત્તિ છોડો અને ઈમાનને મજબૂત કરો. સાંભળો ! અલ્લાહના પ્યારા રસૂલ ﷺ ફર્માવે છે કે, "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી એણે મારાથી મહોબ્બત કરી અને જેણે મારાથી મહોબ્બત કરી તે જન્નતમાં મારી સાથે હશે." બીજી હદીષમાં છે કે, "એવા સમયે જ્યારે લોકો મારી સુન્નતથી દૂર ભાગતા હશે તેવા સમયે જે મારી એક સુન્નત પર અમલ કરશે તેને સો શહીદોનો સવાબ મળશે." (સુબ્હાનલ્લાહ !)

કોણ બેવકૂફ હશે જેને જન્નતમાં રસૂલે ખુદા ﷺના સાથની ઈચ્છા ન હોય ?! અને કોણ હશે જે એક સુન્નત પર અમલ કરી સો શહીદોનો સવાબ ન પામે ?! શહીદ તે છે જે વિના હિસાબે જન્નતમાં જશે ! જ્યારે અહીં તો સો શહીદોનો સવાબ છે ! સારાંશ કે જે ખરેખર બુદ્ધિશાળી છે તે જરૂર સુન્નતોને અપનાવશે જ.

આવો અત્રે મિસ્વાક (દાતણ)ની સુન્નતની દુનિયવી તથા આખેરતની ફઝીલતો જોઈ લઈએ.

**નમાઝનો સિત્તેરગણો સવાબ !** : હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે સરકારે મદીના ﷺએ ફર્માવ્યું કે, "મિસ્વાક સાથે નમાઝ પઢવાની ફઝીલત વિના મિસ્વાક (કર્યે) નમાઝ પર સિત્તેરગણી વધુ છે." *(મિશ્કાત)*

**યાદશક્તિ તેજ થાય છે** : હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે મિસ્વાક યાદશક્તિને વધારે છે અને કફ દૂર કરે છે. *(મરાકીયુલ ફલાહ)*

**રોજીમાં બરકત થાય છે** : હઝરત અબૂ દરદા رضی اللہ عنہ ફર્માવે છે કે મિસ્વાકને લાઝિમ કરી લો, એમાં ગફલત ન કરો, કેમ કે મિસ્વાકમાં ચોવીસ ખૂબીઓ છે એમાં સૌથી મોટી ખૂબી એ છે કે અલ્લાહ عزوجل રાજી થાય છે, માલદારી તથા વિશાળતા પેદા થાય છે, મોઢામાં ખૂશ્બુ પેદા થઈ જાય છે, મસોડાં મજબૂત થાય છે, માથાના દર્દને સુકૂન થાય છે, દાઢનું દર્દ દૂર થાય છે અને ચહેરાને નૂર તથા દાંતોની ચમકના કારણે ફરિશ્તા મુસાફો કરે છે.

**સર્વ બીમારીઓ માટે શિફા છે** : હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે મિસ્વાકમાં મૌતના સિવાય દરેક બીમારીથી શિફા છે. *(દયલમી)*

**ઈમાનની સાથે દુનિયાથી જશે** : મશાઈખે કિરામ ફર્માવે છે કે જે મિસ્વાકનો આદી હશે તેને મરતી વખતે કલ્મો નસીબ થશે અને જે અફીણનો (માદક દ્રવ્ય)નો આદી હશે તેને મરતી વખતે કલ્મો નસીબ થશે નહીં. મઆઝલ્લાહ ! *(બહારે શરીઅત)*

**મિસ્વાક ફર્ઝ હોત !** : હસન સનદથી હઝરત અલી رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, "જો મારી ઉમ્મતને ભારરૂપ થશે (એવું ન હોત) તો હું તેમને દરેક વુઝૂની સાથે મિસ્વાક કરવાનો હુકમ ફર્માવી આપત. એટલે કે ફર્ઝ કરી આપત. તેમજ એમાં જ છે કે હુઝૂર ﷺ કોઈ નમાઝ માટે ત્યાં સુધી તશરીફ ન લઈ જતા જ્યાં સુધી આપ મિસ્વાક ન કરી લેતા. *(તિબ્રાની, બહારે શરીઅત)*

સારાંશ કે આ સિવાય અનેક મિસ્વાકની સુન્નત પર અમલ કરવાના ફાયદા વધુ પેજ નં. ૧૪....પર

# શું આ મુસલમાની છે ?!

## "કુર્આન-હદીષ" પર ઈમાનનો દાવો અને જીવન "તેના" જ દુશ્મનો જેવું ?!

તંત્રી લેખ

***રૂહમેં સોઝ નહીં, ક઼લ્બમેં એહસાસ નહીં – કુછ ભી પયગામે મુહમ્મદ ﷺ કા તુમ્હેં પાસ નહીં***

***વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ – યહ મુસલમાં હૈ જિસે દેખ કે શરમાએ યહૂદ***

***યૂં તો સૈયદ ભી હો, મિર્ઝા હો અફ઼ઘાન ભી હો – તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો ?!***

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે મુસલમાન છીએ. કઈ રીતે મુસલમાન છીએ ?! કે "કુર્આને પાક" એટલે "અલ્લાહના કલામ" પર આપણુ અટલ ઈમાન છે. કુર્આનની એક એક આયત, એક એક શબ્દ, એક એક અક્ષર, એક એક નુક઼તા પર આપણુ ઈમાન છે. તેમજ "હદીષે રસૂલ" ﷺની એક એક વાત પર આપણુ મજબૂત ઈમાન છે, જેથી આપણે મુસલમાન છીએ. જો કુર્આન શરીફની ૬૬૬૬ આયતોમાંથી કોઈ એક પણ આયતમાં કોઈ વાંધો ઉઠાવે તો તે તુરંત આપોઆપ ઈસ્લામથી બહાર થઈ જશે, કોઈના ફત્વાનો તે મોહતાજ રહેશે નહીં ! તે જ પ્રમાણે હદીષોના પ્રકાર મુતવાતિર તથા મશ્હૂર પ્રમાણે તેનો ઈન્કાર કરનાર અનુક્રમે કાફિર કે ગુમરાહ ઠરશે. કુર્આન–હદીષ એ આપણી બંને જહાનની ભલાઈ માટેનું અલ્લાહ તરફથી રજૂ થયેલું "જીવન બંધારણ" છે, અને તેના મુજબ જીવન જીવીશું તો જ આપણે દુનિયામાં પણ તથા આખેરતમાં ચૈન સુકૂન મેળવી શકીશું, એ યક઼ીની વાત છે. આ વાતને દિમાગમાં રાખીને ગંભીરતાપૂર્વક નીચે મુજબ કુર્આન હદીષના આદેશોનો અભ્યાસ કરશો.

### ★ મો'મિન તથા મુનાફિક઼ની ઓળખ કુર્આનમાં ! ★

સૌ પ્રથમ તો ખૂદ કુર્આનના આદેશ પ્રમાણે "મુસલમાનની ઓળખ" તથા "મુનાફિક઼ની ઓળખ"ની નિશાનીઓ જોઈ લો ! મુસલમાન કોણ તેના વિશે ખૂદ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**"મો'મિન પુરૂષો તથા સ્ત્રીઓ** એકબીજાનાં મિત્રો છે, ભલાઈનો હુકમ આપે છે, બુરાઈથી રોકે છે, નમાઝ ક઼ાયમ રાખે છે, ઝકાત આપતા રહે છે, અને **અલ્લાહ અને તેના રસૂલનું કહેવું માને છે."** *(સૂરએ તૌબા, આ. ૭૧)*

સારાંશ કે સાચો મુસલમાન તે છે જે "અલ્લાહ અને તેના રસૂલનું ફર્માન" માને, જ્યારે એથી ઉલ્ટુ કરનાર કોણ છે ?! સાંભળો ! રબ્બે કરીમ ફર્માવે છે : **"મુનાફિક઼ પુરૂષો** તથા **મુનાફિક઼ સ્ત્રીઓ** એકબીજામાંથી છે, **બુરાઈનો હુકમ આપે** છે અને **ભલાઈથી મના કરે છે."** *(સૂરએ તૌબા, આ. ૬૭)*

ભલાઈ એ છે જેને કરવાનો અલ્લાહ વ રસૂલે હુકમ આપ્યો અને બુરાઈ એ છે જેનાથી રોકાવાનો, જેને ન કરવાનો, જેનાથી દૂર રહેવાનો હુકમ આપ્યો. **હવે આપણા પોતાના વિશે ફેંસલો આપણે જાતે જ કરી લઈએ કેમ કે આપણા કરતૂતોને આપણા પોતાનાથી વધુ કોઈ નથી જાણી શક્તું, કે આપણે કુર્આનની રૂએ સાચા મો'મિન છીએ કે બીજુ કાંઈ ?!** એ પણ ફર્માવ્યું કે **મુસલમાન તે છે જે અલ્લાહ અને તેના રસૂલનું કહ્યું માને.** તો આવો ! કુર્આનમાં રબ તઆલાનું કહ્યું શું છે ? તેને

અભ્યાસ કરીએ અને આપણા ઝમીરને, દિલો દિમાગને ઝંઝોળીએ કે શું આપણો અમલ એના મુજબ છે ?

### ★ શું કુર્આનની આ આયતોનું તમારી નજરમાં કોઈ મહત્વ નથી ?! ★

આજે આ બેહયાઈના દૌરમાં આપણે જોઈએ તો સૌથી વિશેષ ગુનાહ આંખોથી થાય છે, બલ્કે ગુનાહોના સાગરમાં જવાનું પ્રથમ પગથિયું આંખ જ છે. તો એનાથી બચવા રબ તઆલા શું હુકમ આપે છે સાંભળો ! : **"ઈમાનવાળા પુરૂષોને કહી આપો કે પોતાની નિગાહો નીચી રાખે."** *(સૂરએ નૂર, આ. ૩૦, પા. ૧૮)* તથા ફર્માવે છે, **"અને ઈમાનવાળી સ્ત્રીઓને કહો કે તેણીઓ પોતાની નજરો નીચી રાખે."** *(સૂરએ નૂર, આ. ૩૧, પા. ૧૮)*

વધુમાં રબ તઆલા ફર્માવે છે : **"સ્ત્રીઓ પોતાના પગો જોરથી ન રાખે** જેનાથી શણગાર જાહેર થાય. *(સૂરએ નૂર, આ. ૩૧)* એટલે કે તેમના પાયલ, સેંપલ, વગેરેનો અવાજ પુરૂષોના કાનોમાં ન પહોંચે.

ઉપરોક્ત આયતોમાં આપણો પરવરદિગાર, ખાલિક઼, માલિક પરાયાં (નામહરમ) પુરૂષો તથા સ્ત્રીઓને એકબીજા પર નજર સુદ્ધાં ઉઠાવવાથી રોકી રહેલ છે અને નીચી નજરે રહેવા હુકમ કરી રહેલ છે. એટલું જ નહીં બલ્કે પર પુરૂષ આકર્ષાય એવી રીતે ચાલવાથી રોકી રહેલ છે કે પાયલની ઝંકારથી પુરૂષનું ચિત્ત ભ્રમ ન થાય જેથી જોરથી ઠુમકા મારી ચાલવાથી મના કરે છે !

બદ્‌નઝરીથી બચવાનો ઉપાય રબ તઆલા ખૂદ ફર્માવે છે જેનાથી પર્દાની ફર્ઝિયત જાહેર થાય છે. જેમ કે કુર્આનમાં છે કે, "જ્યારે તમે કોઈ ચીજ સ્ત્રીઓથી માગો તો પર્દાની પાછળથી માગો, આ તમારા તથા તેમના માટે **પાક તરીક઼ો** છે." *(સૂરએ અહઝાબ, આયત : ૫૩)* આ પરથી સાબિત થયું કે પર સ્ત્રી સાથે બેપર્દા કોઈ લેવડ દેવડ કરવી, આમને સામને બેપર્દા બેસીને વાતચીત કરવી એ **નાપાક તરીક઼ો** છે !

તેમજ રબ તઆલાએ સ્ત્રીઓને ફર્માવ્યું : "વાત કરવામાં નરમી ન કરો, નહીં તો જેના દિલમાં બીમારી છે તે લાલચ કરશે એટલે કે આકર્ષાશે." *(સૂરએ અહઝાબ, આ. ૩૨, પારા : ૨૨)* સ્ત્રીને પણ પર પુરૂષ આકર્ષાય નહીં એ રીતે લચકદાર અંદાઝમાં વાત કરવાથી ખૂદ રબ તઆલા મના કરે છે.

તેમજ રબ ફર્માવે છે, "સ્ત્રીઓ પોતાનો બનાવ શિંગાર (સાઝ શણગાર) જાહેર ન કરે, પણ જેટલો ખૂદ જાહેર થાય (ચહેરાનું ચોકઠુ તથા હથેળીઓ, પગના પંજા) અને પોતાનાં ગરેવાનોને ઓઢણી વડે ઢાંકી લે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ :૩, પારા : ૨૨)* અને જ્યારે બહાર નીકળે તો ચહેરો પણ ઢાંકી લે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : "હે નબી ! તમારી પત્નીઓ તથા પુત્રીઓ અને મુસલમાન સ્ત્રીઓને કહી દો કે પોતાના ઉપર ચાદર નાખી લીધા કરે." *(સૂરએ અહઝાબ, આ. ૫૯, પારા : ૨૨)*

જે લોકો પોતાને મોર્ડન તથા એજ્યુકેટેડ સમજીને ફેશનમાં ફરે છે તેઓ જાણી લે કે **કુર્આનની દષ્ટિએ જાહિલિયત (અજ્ઞાનતા) કોને કહેવાય ?** સ્ત્રીઓને રબ ફર્માવે છે : "ઘરમાં રોકાયેલી રહો અને **આગલી જાહિલિયતના રિવાજ મુજબ બની ઠનીને ન નીકળ્યા કરો !** નમાઝ પઢો, ઝકાત આપો અને અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞાનું પાલન કરો." *(સૂરએ અહઝાબ, આયત : ૩૩ )*

### ★ માબાપ, પતિ, ભાઈ સામે જ આજે સ્ત્રી કેવી થઈને ફરે છે ?! ★

ઉપરોક્ત દર્શાવ્યા તે કુર્આની હુકમો, રબ તઆલાનાં ફર્માનો પર આપણુ ઈમાન છે અને એના પર અમલ કરવો એ "ફર્ઝ" છે, એનાથી વિરુદ્ધ વર્તન કરવું હરામ તથા જહન્નમનું રજીસ્ટ્રેશન કરાવવા સમાન છે. છતાં આજે અફસોસ સાથે કહેવું પડે છે કે **મુસલમાનોની બહુમતિ બલ્કે અમુકને છોડીને સઘળી કૌમ**

**ઉપરોક્ત અલ્લાહના ફર્માનોની વિરુદ્ધ ખુલ્લમ ખુલ્લા બિન્દાસ્ત વર્તીને બેહયાઈભરી જિંદગી જીવી રહેલ છે !** સાંભળી લો ! **અલ્લાહ હક્ક઼ વાત કહેવાથી શરમ નથી ફર્માવતો જેથી અમો અહીં ચોખ્ખે ચોખ્ખુ લખીએ છીએ** કે આજે અધિક પ્રમાણમાં નાની વય કે મોટી વયની સ્ત્રીઓ પોતે નવી નવી ફેશનની ઢબના ડ્રેસોથી પોતાને શણગારીને મોડેલ જેમ સડકો પર ઘૂમી રહી છે. એને જાણે ગુનોહ છે એવું સમજતી જ ન હોય એ રીતે **ક્યાંક ખભાથી લઈને આખા માંસલ હાથો કે જે હથેળી સુધી ઢાંકવા જોઈએ તે તદ્દન ખુલ્લા અથવા તેના પર નેટની તદ્દન પારદર્શક બાંય હોય છે જે અધિક આકર્ષણ ઉભુ કરે છે.** હે લોકો ! તમારી સ્ત્રીઓને **આવું હરગિઝ હરગિઝ ન પહેરવા દો કે જેમાં તેણી અર્ધ નગ્ન જાહેર થઈ જાય છે !** અને વળી ડ્રેસ તદ્દન ફિટોફિટ જે **છાતીના ઉભારો જેને ઓઢણીથી ઢાંકવા જોઈને તેને બદલે તેનું પ્રદર્શન કરવા જ સીવડાવ્યો હોય તેવો હોય છે અને કાયદેસર રીતે મોડેલ જેમ તેનું પ્રદર્શન કરતી આજની યુવતી ફરી રહી છે,** અતિ શરમની વાત છે કે **છાતીઓનું આ રીતે પ્રદર્શન કરવું ફેશન થઈ ગઈ છે !** વળી તે વાળો કે ગૈરમર્દો સામે જેને ખોલવા હરામ છે, તેને ખુલ્લા છોડવામાં આવે છે કે પાછળ ગુચ્ચા દેખાડવામાં આવે છે ! અને આંખો પરનાં **ભવાં** જે **કતરાવનાર મલઊન** છે તેને બદલે આઈબ્રો બનાવવાની ફેશન ચાલી છે !

**બેડરૂમમાં પહેરવાનાં અતિ ટૂંકાં, ચુસ્ત, પારદર્શક કપડાં પહેરી પરાયા મર્દો સામે બેધડક ઔરતો ફરવાને બહાદુરી સમજી રહી છે !** આગળ પાછળનાં એવાં ચુસ્ત કે ટૂંકા કપડાં હોય છે કે ક઼સમ ખાવી પડે કે આ મુસલમાન છે ! આમ અંગે અંગને જાહેર કરતા ડ્રેસો પહેરવામાં આવે છે ! **અને આ બધું આજે તેણીઓનાં મા બાપ, ભાઈ, પતિ વગેરે જોઈ રહ્યાં છે છતાં "દૈયૂષ" જેમ ચુપ છે !** શાદીનો પ્રસંગ હોય કે અન્ય સામાજિક પ્રસંગ બલ્કે ધાર્મિક પ્રસંગે પણ એક બાગૈરત, શરમવાળા, ઈસ્લામી ગૈરતવાળા માણસે એવી જગાએ ક્યાં ઊભા રહેવું કે સ્ત્રીઓની બેહયાઈ નજરે ન પડે એ એક મુશ્કેલ સમસ્યા બની ગઈ છે. સ્ત્રી પુરૂષોની ભેળસેળવાળો ચો તરફ આ જ પ્રકારનો માહોલ હોય છે.

હઝરત મૌલાના શફીઅ ઓકાળવી પાકિસ્તાની رحمۃ اللہ علیہએ ખૂબ જ ચિંતનમય વાત કહી હતી કે "તમે મટન લેવા જાવ છો તો તે શેર, કીલો, બે કીલો બોટીઓને ઢાંકીને ઘરે લઈ જાવ છો જેથી કોઈ જાનવર કે પક્ષીની નજર ન લાગે અને મોઢું ન મારે, જ્યારે આ તમારી બે બે મણની બોટીઓ બજારોમાં ઉઘાડી ફરી રહી છે તેને કેમ ઢાંકતા નથી ?! એને કોઈની નજર નહીં લાગે ? એને કોઈ બોટી નહીં જાય ?!" **હે મુસલમાનો ! કુર્આન પર તમારું આ કેવું ઈમાન છે ?** કે જે ચીજોથી રબ તઆલા ખૂદ રોકે છે તેને તમો બેધડક કરી રહ્યા છો, અને **ઈસ્લામની દુશ્મન યહૂદી, ઈસાઈ, યૂરોપી, અમરિકી બેહયા ક઼ૌમનું અનુકરણ તથા અનુસરણ કરી રહ્યા છો ?!** તો ક્યા મોઢે તમો પોતાને મુસલમાન કહીને જન્નતના ઉમેદવાર ઠરાવો છો ?! **જે ક઼ૌમ ઈસ્લામના ક઼ાનૂનોનો વિરોધ કરી રહેલ છે,** પર્દા પર પાબંદી લગાડી રહી છે, **નબી કરીમ صلی اللہ علیہ وسلمની બેઅદબી કરતી ફિલ્મો તથા કાર્ટૂનો પ્રસિદ્ધ કરી જગતભરમાં મુસ્લિમોની બેઈજ્જતી કરી રહી છે ! તે જ ક઼ૌમની જેવી ફેશનો અપનાવી નગ્નતાભર્યા ડ્રેસો પહેરીને તમે કોને ખુશ કરી રહેલ છો ?!** શું આ અલ્લાહના ગઝબને દા'વત આપવું નથી ?! શું આ જહન્નમની રાહ નથી ?! સમજો ! અને હાથે કરીને જહન્નમના ખાડામાં ન કૂદો !

## ★ નબી صلی اللہ علیہ وسلمના ફર્માન હેઠળ ઝાનિયા (વ્યભિચારીણી) કોણ ?! ★

આજે યુવતીઓ એટલા માટે બનીઠનીને બહાર નીકળીને પોતાનો શણગાર જાહેર કરતી ફરે છે કે

લોકોની નજરો તેના તરફ આકર્ષાય ! લોકો તેની સુંદરતાનાં વખાણ કરે ! તથા વિવિધ પ્રકારનાં પરફ્યુમ્સ તથા અત્તરો લગાડી ખુશ્બુ ફેલાવી લોકોના આકષર્ણનું કેન્દ્ર બનતી હોય છે તો, આ રીતે પ્રદર્શનનો નમૂનો બનીને ફરનારી વિશે અલ્લાહના રસૂલ ﷺ શું ફર્માવે છે તે સાંભળો !

આપણા પ્યારા નબી ﷺ ફર્માવે છે કે, **"જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તે ઝાનિયા (વ્યભિચારણી) છે."**

હવે વિચારો ! વ્યભિચારી સ્ત્રીને ક્યા નામથી આપણા સમાજમાં સંબોધન થાય છે તે ખૂદ વિચારી લો ! એ જ પ્રમાણે બીજી હદીષમાં આપણા પ્યારા નબી ﷺ ફર્માવે છે, **"જે સ્ત્રી અત્તર લગાડીને પુરૂષો પાસેથી પસાર થાય જેથી એની ખુશ્બુ લોકો સૂંઘે (અને આકર્ષાય) તો એવી સ્ત્રી ઝાનિયા (વ્યભિચારીણી) છે."** *(હવાલો કિતાબ : ઔરત ઔર પર્દા)*

સારાંશ કે સ્ત્રીઓના આ રીતે ડ્રેસો પહેરી ફરવાથી તથા આકર્ષણો ઉભાં કરવાથી પર પુરૂષો સાથે નાજાઈઝ સંબંધો સ્થાપિત થતા હોય છે જેનાથી સમાજમાં ગંદકી તથા ખરાબીઓ પેદા થાય છે અને એવાં કામો કરનારાંઓની દુનિયા તથા આખેરત બંનેવ બર્બાદ થાય છે. એના જ કારણે સમાજમાં બળાત્કાર, અપહરણ, છોકરી ભાગી જવાના, લડાઈ, ઝઘડા, ખૂન તથા તલાક઼ના બનાવો રોજ ઉપસ્થિત થાય છે.

## ★ વ્યભિચારીઓનો અંજામ શું થશે ?! જાણી લો ! ★

હદીષે પાકમાં તો છે કે, **"તમારામાંથી કોઈના માથામાં સોય ખોસી દેવામાં આવે તો એ એનાથી બેહતર છે કે તે કોઈ એવી સ્ત્રીને સ્પર્શે જે એના માટે હલાલ નથી.** એટલે જેની સાથે નિકાહ નથી થયા." *(હવાલો કિતાબ : ઔરત ઔર પર્દા)* જ્યારે પર સ્ત્રીને સ્પર્શવામાં આ ચેતવણી છે તો જેઓ નાજાઈઝ સંબંધો રાખીને વ્યભિચારી બને તેની સજા તથા અઝાબ કેટલો ભયાનક હશે ?! જેમ કે હદીષની કિતાબ *સુનને ઈબ્ને માજહ શરીફ*માં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મારાથી શીખી લો ! મારાથી શીખી લો ! મારાથી શીખી લો ! અલ્લાહ તઆલા સ્ત્રીઓ માટે એ હુકમ ફર્માવે છે કે જો કુંવારો શખ્સ કુંવારી સ્ત્રી સાથે ઝિના કરે તો તેમને સો કોરડા મારવામાં આવે અને એક વરસ માટે તડીપાર કરવામાં આવશે અને **શાદીશુદા (પરણીત) ઝિના કરે તો તેઓને સંગસાર (જાહેરમાં પથ્થરો મારી મારીને ખત્મ) કરી દેવામાં આવશે."** *(સુનને ઈબ્ને માજહ, પેજ : ૧૦૫, હદીષ નં. ૩૨૩)*

વિચારો ! ઝિનાની આ દુનિયામાંની સજા છે, તો આખેરતનો અઝાબ કેટલો ભયાનક હશે ?! અને ઝિના કેટલી ભારે બુરાઈ છે કે એની આવી કડક શિક્ષા ઈસ્લામી બાદશાહ હોય તો તે લાગુ પાડે તેવો હુકમ હદીષમાં થયેલો છે. હવે આખેરતની સજાની ઝલક પણ જોઈ લો ! :–

"એ પણ રિવાયત છે કે જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ સુધી ઉપર આવી જશે, પછી એકદમ તે ભડકાઓ ઓલવાઈ જશે તો સૌ ઉપરથી ભટ્ટીના તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

## ★ ક઼યામતમાં તમારાં હાથ નીચેનાં વિશે તમને સવાલ થશે ?! ★

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! સમાજમાં ખરાબીઓ ફેલાવવામાં બેપર્દગી, તથા સ્ત્રી પુરૂષોની બેધડક ભેળસેળ, બેપર્દગીવાળો આપણા ઘરોનો માહોલ અને અન્ય પુરૂષોને લલચાવે તેવા ડ્રેસો (લિબાસો)

પહેરવાની છૂટછાટે મહાન રોલ અદા કર્યો છે, જ્યારે કે કુર્આનમાં રબ તઆલા ખૂદ ફર્માવે છે કે :–

"હે ઈમાનવાળાઓ ! અમે તમારી તરફ લિબાસ ઉતાર્યો જે તમારી શરમગાહોને છુપાવે." *(સૂરએ અહઝાબ, પારા : ૮, રુકૂઅ : ૧૦)* સંબોધન ઈમાનવાળાઓને થઈ રહ્યું છે ! તો તમો ઈમાનવાળા નથી ?! આ આયત પર તમારું કેવું ઈમાન છે કે **રબ તઆલાએ લિબાસ ઉતાર્યો શરમની જગાઓ છુપાવવા માટે અને તમો તથા તમારી ઔલાદ એવી સ્ટાઈલના લિબાસ પહેરે કે શરમની જગાઓ લોકોમાં જાણી જોઈને જાહેર થાય ?! રબના હેતુની વિરુદ્ધ વર્તીને તમે શું ભલાઈ પામશો ?! વિચારો !**

સાંભળો ! કુર્આનમાં રબનું એલાન છે કે, "કોઈ મુસલમાન પુરૂષ તથા મુસલમાન સ્ત્રીની એ શાન નથી કે જ્યારે અલ્લાહ અને તેના રસૂલ કોઈ મામલામાં ફેંસલો ફર્માવી આપે, ત્યાર પછી પણ તેને પોતાના મામલામાં અધિકાર બાકી રહે. અને જેણે અલ્લાહ અને તેના રસૂલની નાફર્માની કરી તે **ઉઘાડો ગુમરાહ** થયો." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, આ. ૩૬)*

સારાંશ કે મુસલમાન થઈને પણ ઉપરોક્ત અલ્લાહ વ રસૂલનાં હુકમો તમે નહીં માનો, અને તેનાથી વિરુદ્ધ કાફિર બેહયા કૌમો જેમ જીવન જીવશો તો અલ્લાહ ફર્માવે છે કે, "તમો ઉઘાડા ગુમરાહ" છો ! હવે તમારા માટે જહન્નમ સિવાય શું બાકી રહ્યું ?! તમે ખુદાના ગઝબને ખૂદ નોંતર્યો છે. જો એનાથી બચવું છે તો આવો ! અને આજથી તમારા ઘરની સફાઈમાં લાગી જાવ ! પાછલા ગુનાહોથી તૌબા કરીને પોતે પણ ઘરમાં પર્દાનો ઈસ્લામી માહોલ બનાવો અને તમારી સ્ત્રીઓ, દીકરીઓને પર્દાની પાબંદ કરો.

કુર્આને પાકમાં છે કે, اَلرِّجَالُ قَوَّامُوْنَ عَلَى النِّسَآءِ "પુરૂષ સ્ત્રીઓ પર હાકિમ છે." અને હાકિમે પોતાની સત્તા હેઠળનાં વિશેનો, પોતાની હુકૂમતનો હિસાબ રબને આપવો પડશે. તમે ઘરનું આવારાપણુ રોકવાની તા'લીમ ઘરવાળાંને આપી કે અપાવી કે એના વિશે કાંઈ કોશિશ કરેલી કે પછી ઘરમાં બેહયાઈ આવે તેવાં સાધનો ઘરમાં લાવી આપી છૂટછાટ રાખેલી અને ઘરની વહુ, દીકરીઓ બેહયા બનીને ફરતી હતી તેનાથી આંખ આડા કાન કરેલા ?! ઘરવાળાંને ઈલ્મે દીનની, નમાઝ રોઝાની તથા સારા અખ્લાકની તા'લીમ આપેલી કે તેમના હાલ પર છોડી મૂકેલાં ?! હદીષે પાકમાં પણ છે કે, كُلُّكُمْ رَاعٍ وَكُلُّكُمْ مسئُل عَنْهُ "તમારામાંની દરેક વ્યક્તિ હાકિમ છે અને દરેક વ્યક્તિ પોતાની હુકૂમત (હાથ નીચેનાં)નો જવાબદાર છે."

હે મુસલમાનો ! તમે તમારા હાથ નીચેનાંની સર્વ જરૂરિયાતો માટે કોશિશ કરો છો, ખાવા પીવા પૂરું પાડવાની, ઉચ્ચ કહેવાતુ મોર્ડન એજ્યુકેશન અપાવવાની, શાળા, કોલેજ આવવા જવાની વ્યવસ્થાની જવાબદારી નિભાવો છો, તો દીનની રાહ પર રહીને ઔલાદ તથા ઘરવાળાં અલ્લાહ વ રસૂલના હુકમો પર ચાલે તેના માટે તમે શું કોશિશ કરી ?! તમારા ઘરમાં હજારોના કે લાખોના ખર્ચા જીવન જરૂરિયાત માટે તમે કરતા હશો તો તમારા દિલને પૂછો કે ઈસ્લામી તા'લીમ માટે તેમજ ઈસ્લામી જીવન ઔલાદ તથા ઘરનાં અપનાવે તેના માટે કેટલા હજારો ખર્ચ્યા ? કેટલા રૂપિયાની વરસમાં ઈમાન અકીદા મજબૂત કરે તેવી તથા અમલોની સુધારણા થાય તેવી કિતાબો ઘરોમાં વસાવી ?! કેટલાં દીની માસિકો તમારા ત્યાં આવે છે ? **એક માસિક અંકની વાર્ષિક ફી સો દોઢસો કાઢવાની તમને અઘરી લાગે છે અને ૧૨ હજાર, ૨૫ હજારનાં દુનિયાભરની નાગી ઉઘાડી ચેનલો દેખાડે તેવાં ટી.વી. વગેરે સાધનો તમે વસાવી શકો છો ! ટીવી ચેનલવાળાને મહિને રૂા. ૫૦૦/- એડવાન્સ ડિપોઝિટ સાથે રેગ્યુલર ભરો છો અને વર્ષમાં ફક્ત એકવાર રૂા. ૧૫૦/- ભરીને દીની સુન્ની માસિક અંક નથી બાંધી શક્તા !**

વળી ટી.વી., કોમ્પ્યુટરો માટે શો કેસ, ટેબલો મોઘાં મોઘાં વસાવી શકાય છે **અને દીની માસિક અંકો, કિતાબો ઘરમાં એવું બહાનુ કરીને નથી રાખવામાં આવતી કે બેઅદબી થાય ... તે**

**કુર્આન શરીફ, કિતાબો માટે શો કેસ નથી બનાવી શક્તા જેથી બેઅદબી ન થાય ?** અસલમાં દીન જાણવાની વૃત્તિ જ ખતમ થઈ ગઈ છે. (ઈલ્લા માશા અલ્લાહ !) તો દીનથી દૂરીનું પરિણામ નિશ્ચિત રીતે જહન્નમથી નઝદીકી છે એ ભૂલશો નહીં ! વળી મોડી રાત સુધી શાદીઓમાં યુવાન સ્ત્રીઓને દીકરીઓને ભટકવાની છૂટ હોય છે, મોર્ડન એજ્યુકેશનના નામે કે પ્રવાસોમાં દૂર દૂર નજરોથી ઓજલ ગૈર મર્દો સાથે દિવસો સુધી મોકલી શકો છો, પણ કદી કદી થતા સુન્ની ઈજતેમા કે દીની જલસામાં નથી મોકલી શક્તા ! **તે દીને ઈસ્લામ જેના પર ક઼ાયમ રહ્યા વિના આપણી નજાત અશક્ય છે** એ વાતને જાણવા સમજવા છતાં આપણા ઘરવાળાં દીન પર, સુન્નિયત પર મજબૂત રીતે જામેલાં રહે એના માટે આપણે કોઈ જ મજબૂત ક઼દમ ભર્યો નથી તો રિઝલ્ટ શું આવશે ?! પોતે પણ જહન્નમનો અઝાબ વેઠવો પડશે તથા હાથ નીચેનાં પણ સાથે જ જહન્નમમાં હશે ! (અલ્લાહની પનાહ !)

## ★ કુર્આન હદીષ પર ઈમાન વિશે કેવળ ઝબાની દાવો પૂરતો નથી ! ★

હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! ઈસ્લામી માહોલ બનાવવા કોશિશ તો કરો ! એના માટે ખૂદ કુર્આન હદીષનો ઈલ્મ સમજાવતી કિતાબો વાંચો વંચાવો, **અહલે સુન્નતના બાઅમલ ઉલમા જેમના વઅઝમાં કાંઈ જાણવાનુ શીખવાનું મળે ત્યાં હાજરી આપો, સુન્ની ઈજતેમાઓમાં હાજરી આપો તો જરૂર દીને ઈસ્લામ પ્રત્યે, અલ્લાહનાં ફર્માનો પ્રત્યે, રસૂલે પાક ﷺની સુન્નતો પ્રત્યે તથા આપના હુકમો પ્રત્યે લાગણી જન્મ લેશે જે તમારા ઘરના માહોલને પાકીઝા તથા દીની બનાવી આપશે.**

ઈમાનદારીથી કહો ! કુર્આન જે આપણી દુનિયા તથા આખેરતને સમારવા માટેનું અલ્લાહે આપેલુ રસૂલે પાક ﷺ લાવેલા તે બંધારણ છે, અને હદીષો એ બંધારણના સમર્થનમાં છે, તો **દિલ પર હાથ રાખીને કહો કે વરસના ૩૫૫ કે ૩૬૫ દિવસમાં એ કુર્આનને કેટલા વખતે ઉઘાડયું ? અને એની કઈ આયતને સમજવાની આપણે કોશિશ કરી ?** (ઈલ્લા માશા અલ્લાહ !) હાલત એ છે કે **મોટા ભાગના લોકોને કુર્આનને સ્પર્શવાની પણ ફુરસદ નથી ! સમજવાની વાત તો દૂર રહી !** હવે જાતે જ વિચારો કે **જે કિતાબ રબ તઆલાએ આપણા જીવનના માર્ગદર્શન માટે ઉતારી તેની આટલી બધી ઉપેક્ષા ?!** તે હદીષે મુબારકા જે રસૂલે પાક ﷺએ આપણી રહનુમાઈ માટે ફર્માવી તેની કિતાબોથી આટલી હદે ઉપેક્ષા આપણે કરીએ અને પછી પણ પોતાને આપણે અલ્લાહને ચાહવાવાળા, રસૂલને ચાહવાવાળા કહીએ તો આપણા મોઢે એ શોભે છે ખરું ?! અને આપણો આ દાવો કેવળ મુંહઝબાની પોકળ નથી જણાતો ?! કુર્આન હદીષનાં ફર્માનો વિરુદ્ધ તેની જ વિરોધી યહૂદ, નસારા, પશ્ચિમી ક઼ૌમની દરેક સ્ટાઈલ આપણે જીવનમાં વણી લઈને જીવીએ અને કહીએ કે અમે કુર્આન હદીષ પર ઈમાન ધરાવીએ છીએ એ જાહેરી રીતે જોતાં હાસ્યાસ્પદ તથા ફોગટની વાણી નથી લાગતી ?! ખુદારા ! હજી સમય છે સમજી જાવ અને ઈસ્લામના દુશ્મનો કે જેમનું ઠેકાણુ જહન્નમ છે તેમનો તરીક઼ો ત્યજીને તૌબા કરી લો અને સંપૂર્ણપણે ઈસ્લામી પવિત્ર જીવન પદ્ધતિ અપનાવો, દરેક ઘરવાળાં આ રીતે કરશે તો પૂરા સમાજનો માહોલ ઈસ્લામી થઈ જશે. (ઈન્શાઅલ્લાહ !) માટે કોશિશ કરો અને સાચા મો'મિન બની જાવ.

પ્રિય વાંચકો ! આપણા સમાજમાં બે ખરાબીઓ એક ''બેપર્દગી તથા બેહયાઈ'' અને બીજી ''સુલેહ કુલ્લિયત'' ખૂબ જ વ્યાપક પ્રમાણમાં છે જેથી જેમ ડાયાબિટિશવાળાને સતત દવા આપવી પડે, નહીં તો રોગ જીવલેણ સાબિત થાય, તેમ બંને વિષયના લેખો સતત રજૂ કરવા પડે છે એ ઉમ્મીદ સાથે કે કાંઈ તો હિદાયત સુન્ની ભાઈઓ બહેનોને થશે. બસ ! અલ્લાહ નેક તૌફીક઼ આપે. (આમીન)

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَاعۡتَصِمُوۡا

بِحَبۡلِ اللّٰهِ جَمِيۡعًا وَّلَا تَفَرَّقُوۡا ۖ وَاذۡكُرُوۡا نِعۡمَتَ

اللّٰهِ عَلَيۡكُمۡ اِذۡ كُنۡتُمۡ اَعۡدَآءً فَاَلَّفَ بَيۡنَ قُلُوۡبِكُمۡ

فَاَصۡبَحۡتُمۡ بِنِعۡمَتِهٖۤ اِخۡوَانًا ۚ وَكُنۡتُمۡ عَلٰى شَفَا حُفۡرَةٍ

مِّنَ النَّارِ فَاَنۡقَذَكُمۡ مِّنۡهَا ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمۡ

اٰيٰتِهٖ لَعَلَّكُمۡ تَهۡتَدُوۡنَ ﴿۱۰۳﴾

### ત.....ર્જુ.....મો.....

અને મજબૂતીથી પકડી લો અલ્લાહની રસ્સી[૧૧૦] સૌ મળીને અને અલગ અલગ ન થશો[૧૧૧]. અને યાદ રાખો અલ્લાહ તઆલાની તે નેઅમત (જે એણે) તમારા પર ફર્માવી જ્યારે કે તમો હતા (આપસમાં) દુશ્મન પછી તેણે મહોબ્બત પેદા કરી આપી દિલોમાં તો બની ગયા તમે એના એહસાનથી ભાઈ ભાઈ[૧૧૨] અને તમે (ઉભા) હતા દોઝખના ખાડાના કિનારે છતાં એણે બચાવી લીધા તમને (એમાં) પડવાથી. આ જ પ્રમાણે વર્ણવે છે અલ્લાહ તઆલા તમારા માટે પોતાની આયતો જેથી તમે હિદાયત પર અડગ રહો.

### તફસીર.........

**૧૧૦.** **حبل** (હબ્લ)નો શાબ્દિક અર્થ છે, તે ચીજ જે હેતુ સુધી પહોંચવાનો સબબ હોય." *(કુર્તબી)* પણ એનો ઉપયોગ વિવિધ અર્થોમાં થાય છે. તે રગ (નસ) જે ડોકને ખભાઓ સાથે મિલાવે છે, એને પણ **حبل** કહે છે. **والحبل الرسن والحبل العهد**નો અર્થ રસ્સી પણ છે અને વાયદો (ક઼રાર) પણ છે. હઝરત સૈયદના અલી رضی اللہ عنہ તથા ઈબ્ને મસઊદ رضی اللہ عنہ તથા અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہએ રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمથી રિવાયત કરી કે અલ્લાહની રસ્સીથી મુરાદ કુર્આન છે. પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)થી "હ઼બ્લિલ્લાહ"ની તફસીરમાં જે વિવિધ કથનો નક઼લ થયેલ છે એમાં વિરોધાભાસ નથી બલ્કે તે એકબીજાનાં સમર્થક તથા માફકનાં છે.

**૧૧૧.** જિંદગીની આ હાર જીતમાં જ્યાં સર્જન તથા વિનાશ અને ફના તથા બક઼ાનો ન ખત્મ થનારો ક્રમ ચાલી રહ્યો છે તેમાં કોઈ ક઼ૌમ ઈજ્જત તથા વક઼ારની સાથે ઝિંદા તથા સલામત નથી રહી શક્તી જ્યાં સુધી એમની વ્યક્તિઓમાં એકતા તથા ઈત્તેહાદ ન હોય. અને કોઈ એકતા મજબૂત તથા ક઼ાયમ નથી રહી શક્તી જ્યાં સુધી મજબૂત તથા વાસ્તવિક પાયાઓ પર એની ઈમારત ન બાંધવામાં આવી હોય. મુસ્લિમ ઉમ્મત કે જે રૂશ્દો હિદાયતની દૌલતની અમીન અને રહમતે ખુદાવંદીની ક઼ાસિમ (વહેંચનાર) બનાવીને મોકલવામાં આવી છે, જેણે દરેક બાતિલથી ટકરાવાનું છે અને ટકરાઈને તેના ટુકડે ટુકડા કરવાના છે, જેતી દિલ તથા દૃષ્ટિના સર્વ બુતખાનાઓ તોડી પાડવાનાં છે, જેણે દરેક દિલને બયતુલ્લાહ અને દરેક નિગાહને તેને ઓળખનાર બનાવવાની છે. એ ક઼ૌમના માટે જરૂરી છે કે પોતાના માટે નહીં તો પોતાના ઉચ્ચ તથા પાકીઝા મક઼સદોના માટે જીવંત રહે અને ઈજ્જત તથા વક઼ારની સાથે ઝિંદા રહે જેથી એનો અવાજ સાંભળવામાં આવે અને માનવામાં આવે. અને એ એના વિના શક્ય નથી કે એની વ્યક્તિઓમાં એકતા તથા સહમતિ હોય. અને

તે એકતા તથા એકમતિ ઉપર ઉપરની ન હોય જેને કોઈ તીવ્ર તેજ લહેર વહાવીને લઈ જઈ શકે બલ્કે વાસ્તવિક તથા મજબૂત હોય. એટલા માટે આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ મુસલમાનોને એક થવાનો પણ હુકમ આપ્યો અને તેમનો તે મજબૂત પાયો નિશ્ચિત કર્યો જેનાથી અધિક મજબૂત કોઈ પાયો નથી હોય શક્તો, તે કુર્આને કરીમ છે. કુર્આને કરીમ પર અમલ કરવાના માટે તેને સહીહ રીતે સમજવું જરૂરી છે, અને તેની સહીહ સમજ તે ઝાતે પાકના બયાન તથા તફસીર વિના અશક્ય છે જેને કુર્આન નાઝિલ કરનાર ખુદાએ કુર્આન સહીહ સમજાવવા જ મોકલ્યા હતા. અલ્લામા કુર્તબીએ ફર્માવ્યું અને સરસ ફર્માવ્યું : "અલ્લાહ તઆલાએ આપણને હુકમ આપ્યો છે કે **આપણે અકીદાની રૂએ તથા અમલની રૂએ કિતાબ તથા સુન્નતની રસ્સીને મજબૂતીપૂર્વક પકડી લઈએ. આપણી એકતાનો કેવળ એ જ સબબ છે અને કેવળ એ જ રીતે એકતા તથા ઈત્તેફાકની નેઅમત મયસ્સર આવી શકે છે જેનાથી આપણી દીન તથા દુનિયાની સ્થિતિઓ સંવરી શકે છે.**

**૧૧૨.** રહમતે આલમ ﷺના આગમનથી પહેલાં અરબસ્તાન દ્વિપની શું હાલત હતી ? તે આપસમાં મહોબ્બત તથા પ્રેમભાવ તથા દયા દાખવનાર માનવોનો દેશ ન હતો બલ્કે એક અગ્નિથી ભરપુર પહાડ હતો જેમાંથી દરેક પળે અદાવત તથા દુશ્મનીની આગ વરસ્યા કરતી હતી અને દૂર દૂર સુધી આબાદીઓ સળગીને ખાક થઈ જતી હતી. દરેક કબીલો અન્ય કબીલાથી બાખડતો રહેતો હતો, દરેક વિસ્તાર બીજા વિસ્તારવાળા સાથે લડાઈમાં પડેલો હતો. ભાવનાઓ એટલી ઉશ્કેરાટ તથા બેકાબૂ હતી કે થોડી થોડી વાતમાં લોહીની નદીઓ વહયા કરતી હતી. એકવાર જો જંગની આગ સળગી ઉઠતી તો સદીઓ સુધી તેના શોલાઓ ભડકતા રહેતા હતા. અવસ તથા ખઝરજમાં લડાઈનો ક્રમ એકસો વીસ વરસો સુધી ચાલુ રહ્યો, કોઈની જાન કોઈનો માલ સલામત ન હતો, ત્યાં સુધી કે **ઈસ્લામનું વાદળ આવ્યું અને ખુદા પાકની રહમત બનીને વરસ્યું. હુઝૂર ﷺ સરાપા નૂરો સુરૂરનો ઝહૂર થયો તો અરબના ઉજડેલા ચમનમાં વસંત ખીલી ઉઠી, અદાવતની જગા મહોબ્બતે, જંગલીપણાની જગા લાગણી તથા મહોબ્બતે, બદલાની જગા માફીએ, સ્વાર્થનુ સ્થાન નિખાલસતાએ તથા ત્યાગભાવનાએ અને ઘમંડનુ સ્થાન આજીજી તથા નમ્રતાએ લઈ લીધું.** આ તે ઈન્કિલાબ (ક્રાંતિ) હતો જેણે અરબસ્તાનની કાયાપલટ કરી નાખી. જેની બરકતથી અરબના રણવાસીઓએ જગતના ઈતિહાસનું પાસુ પલ્ટી નાખ્યું. અલ્લાહ તબારક વ તઆલા પોતાના મહાન એહસાનની યાદ તાજી કરાવી રહ્યો છે કે કઈ રીતે તેણે પોતાના મહબૂબે કરીમ ﷺની બરકત તથા ફયઝવાળી નિગાહથી તમારાં તૂટેલાં દિલો જોડી આપ્યાં અને તમને ભાઈ ભાઈ બનાવી આપ્યા. બેઈજ્જતી તથા બદ્નામીની પસ્તીઓથી કાઢીને પ્રગતિ તથા ઈજ્જતના ધોરી માર્ગ પર દોડતા કરી આપ્યા. તમે દોઝખના કિનારા પર ઉભા હતા, બસ આંખ બંધ કરવાની જ વાર હતી અને તમે એ ખાડામાં ગબડી પડતા ! પણ રહમતે ઈલાહીએ તમારી દસ્તગીરી કરી અને તમને જહન્નમની આગમાં પડવાથી બચાવી લીધા. એ એહસાનોને યાદ કરો અને યાદ રાખો અને ઈસ્લામની રસ્સીને મજબૂતીથી પકડી રાખો અને તમારી સફોમાં વિખવાદને સ્થાન ન આપો. આ આયતના પ્રથમ શ્રોતા (જેમને સંબોધન થયું તે) સહાબાએ કિરામ છે અને એમના સંબંધે જ બસીર તથા ખબીર (જોનાર તથા જાણનાર) ખુદા ફર્માવી રહ્યો છે કે મેં એમનાં દિલો જોડી આપ્યાં, તેમને ભાઈ ભાઈ બનાવી આપ્યા, તેમને દોઝખથી કાઢી લીધા. અને જે લોકો એ પાક હસ્તીઓ પર જાત જાતના એતરાઝો કરે છે, તેમને ઈસ્લામી વર્તુળથી બહાર સમજે છે. તેઓ પોતે જ જરા ઈન્સાફ કરે અને બતાવે કે એ કોણ લોકો હતા જેમને હુઝૂર ﷺએ શીરો શકર જેમ (દૂધમાં ખાંડ ભળી જાય તેમ) ભેગા કર્યા હતા, તેઓ કોણ હતા જેમને દોઝખને કિનારેથી હટાવીને જન્નતમાં પહોંચાડયા હતા. **હકીકતમાં સહાબાએ કિરામ પર વાંધો ઉઠાવવો એ એમના પર**

વધુ પેજ નં. ૧૧....પર

દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

***હદીષ :*** *રિવાયત કરી અહમદ ઈબ્ને માજહએ અને તિર્મિઝીએ તેમનાથી જ એ જ પ્રમાણે દારમીએ અબૂ ઉમામાથી. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે ઈલ્મ શીખો અને લોકોને શીખવાડો, ફર્ઝો શીખો અને લોકોને શીખવાડો, કુર્આન શીખો અને લોકોને શીખવાડો[1]. હું વફાત પામનારો છું, ઈલ્મ નજીકમાં જ ઉઠી જશે, ફિત્ના જાહેર થશે, ત્યાં સુધી કે બે શખ્સો એક ફર્ઝના બારામાં ઝઘડશે, એવો કોઈ ન મળશે જે એમનામાં ફૈંસલો કરી આપે[2]. એને દારમી તથા દારકુત્નીએ રિવાયત કરેલ છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે એ ઈલ્મનું દષ્ટાંત કે જેનાથી ફાયદો ન ઉઠાવવામાં આવે, એ ખજાનાની જેમ છે જેમાંથી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવામાં ન આવે[3]. (અહમદ તથા દારમી)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** ફર્ઝોથી મુરાદ ઈસ્લામી ફર્ઝો રોઝા, નમાઝ, વગેરેના મસાઈલ છે. અથવા ઈલ્મે મીરાષ (વારસાનો ઈલ્મ). બીજો અર્થ અધિક જાહેર છે જેવું કે આગલા લખાણથી જણાઈ રહ્યું છે. જો કે ઈલ્મ તથા કુર્આનમાં એ પણ આવી ગયું હતું પણ અધિક કાળજીના માટે ખાસ કરીને એનો અલગથી ઉલ્લેખ કરવામાં આવ્યો.

**૨.** એટલે હમણા તો તમને આસાની છે કે દરેક મસ્અલો મને પૂછી લો, પણ મારા પછી એક સમયે મુશ્કેલી ખડી થશે કે આલિમો ઉઠી જશે ત્યાં સુધી કે એક મરનારનો વારસો વહેંચવો હશે તો મુફ્તી મળશે નહીં. જાહેર એ છે કે અહીં બેથી મક્સદ મૈયતના બે વારસો છે અને ફર્ઝથી મુરાદ વારસાનો મસ્અલો છે, અને શક્ય છે કે ફરીઝાથી કોઈ અન્ય શરીઅતનો મસ્અલો મુરાદ હોય.

**૩.** સુબ્હાનલ્લાહ ! કેટલુ પવિત્ર દષ્ટાંત છે ! એટલે કે જે ઈલ્મથી ન આલિમ લાભ ઉઠાવે ન અન્ય લોકો, તે એ જ માલની જેમ છે જેનાથી ન માલિક ફાયદો ઉઠાવે ન અન્ય લોકો. જેમ કે એ માલ બેકાર બલ્કે નુકસાકર્તા છે, એવી જ રીતે આ ઈલ્મ વબાલ છે.

પેજ નં. ૧૦ નું ચાલુ...

**એતરાઝ નથી બલ્કે કુર્આને કરીમ પર, ઈસ્લામ પર તથા પયગંબરે ઈસ્લામ પર ડાયરેક્ટ વાંધો છે.** અને જેમના ફિત્ના ઉછેરતા દિમાગે એ શંકાઓને જન્મ આપ્યો હતો એમનો હેતુ સહાબીઓની ટીકા કરવાનો ન હતો બલ્કે ચાલાકીપૂર્વક ઈસ્લામ તથા ઈસ્લામના પયગંબરની મહાનતાને દાગદાર કરવાનો હતો કે આ છે તમારા એ નબીના પ્રથમ હરોળના શાગિર્દો જેમના પ્રશંસાનાં ગીતો ગાવામાં તમે રાત દિવસ આસ્માન માથે ઉઠાવતા રહો છો ! વાંધાઓ કરનારઓ પર તો અમને આશ્ચર્ય નથી પણ અફસોસ અમને એ મુસલમાનો પર છે ! જેઓ દુશ્મનના આ ધોકામાં ફસાય જાય છે અને એ પવિત્ર હસ્તીઓના વિશે બેબાકીની હિંમત કરે છે જેમના દફતરની દરેક લીટી સૂર્ય તથા ચંદ્રની જેમ ચમકતી છે.

**આશિક઼ાને ઊ ઝ ખૂબાં ખૂબતર**
**ખુશ્તર ઝયબાતર વ મહબૂબતર**

–(ડો. ઈક઼બાલ)

# હદાઇકે બખ્શિશ

અઝ

આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા

**મૌલાના સાદિક઼ સાબરી દહેગામી**

**આરિઝે શમ્સો ક઼મર સે ભી હૈં અન્વર એળિયાં**
**અર્શ કી આંખો કે તારે હૈં વો ખુશ્તર એળિયાં**

*(આરિઝ = ગાલ, શમ્સો ક઼મર = સૂર્ય, ચંદ્ર, અનવર = ખૂબ પ્રકાશિત, ખુશ્તર = ખૂબ સરસ, એળિયાં = એડીઓ)*

**અર્થ** : હુઝૂર સરાપા નૂર ﷺની મુબારક એડીઓ સૂર્ય અને ચંદ્ર કરતાં પણ વધારે નૂરાની છે બલ્કે આપની આ ખૂબ સરસ એડીઓ અર્શે આ'ઝમની આંખોના તારા છે કે મેઅરાજની રાતે અર્શે આ'ઝમે આપની એડીઓનો બોસો લીધો.

**જા બજા પરતવ ફ઼ગન હૈં આસમાં પર એળિયાં**
**દિન કા હૈં ખુર્શિદ શબ કો માહ અખ્તર એળિયાં**

*(જા બજા = દરેક જગ્યાએ, પરતવ ફ઼ગન = રોશની આપનાર, દિન = દિવસ, ખુર્શિદ = સૂર્ય, શબ = રાત, માહ વ અખ્તર = ચાંદ તારા)*

**અર્થ** : આકાશમાં દરેક જગ્યાએ હુઝૂર ﷺની મુબારક એડીઓનું નૂર ફેલાયેલ છે, દિવસમાં એડીઓની બરકતથી સૂર્ય ચમકે છે અને રાત્રે ચંદ્ર જગમગે છે.

**નજમે ગરદું તો નઝર આતે હૈં છોટે ઔર વો પાઉં**
**અર્શ પર ફિર ક્યૂં ન હોં મેહસૂસ લાગર એળિયાં**

*(નજમે ગરદું = આકાશના સિતારા, પાઉં = પગ, લાગર = કમજોર)*

**અર્થ** : આકાશમાં તારા ઘણા મોટા છે પરંતુ પૃથ્વી પર જોનારને નાના દેખાય છે. જ્યારે પહેલા આકાશના તારા દૂર હોવાના કારણે આટલા નાના દેખાય છે. તો અર્શે આ'ઝમ તો સાતેવ આસ્માનની પણ ઉપર છે તો જોનારને આપની એડીઓ નાની દેખાશે. આ ખુલાસો છે એ વાતનો કે અર્શની આંખોના તારા એડીઓ બતાવી છે તેનું કારણ શું છે.

**દબ કે ઝેરે પા ન ગુંજાઈશ સમાનેકી રહી**
**બન ગયા જલ્વા કફે પા કા ઉભર કર એળિયાં**

*(દબ કે = દબાઈને, ગુંજાઈશ સમાનેકી = સમાવવાની જોગવાઈ, જલ્વા = ચમક, કફે પા = પગનું તળિયુ)*

**અર્થ** : હુઝૂર ﷺના ક઼દમ નીચે દબાઈ જવાની તાક઼ત કોઈ નથી ધરાવતું એટલે હુઝૂર ﷺના મુબારક તળિયાની ચમક ઉભરાઈને એડીઓ બની ગઈ.

**ઉનકા મંગતા પાઉં સે ઠુકરા દે વો દુન્યા કા તાજ**
**જિસ્કી ખાતિર મર ગએ મુન્ઈમ રગળકર એળિયાં**

*(ઉનકા મંગતા = હુઝૂર ﷺની બારગાહનો ભિખારી, મુન્ઈમ = માલદાર)*

**અર્થ** : દુનિયાની ઈજ્જતના તાજ માટે માલદારો એડીઓ રગડી રગડીને મરી ગયા, હુઝૂર ﷺના ગુલામો એવા તાજને ઠોકર મારી દે છે.

**દો ક઼મર દો પંજએ ખૂર દો સિતારે દસ હિલાલ**
**ઉનકે તલ્વે પંજે નાખૂને પાએ અત્હર એળિયાં**

*(દો ક઼મર = બે ચાંદ, પંજ એ ખૂર = સૂર્યનો પંજો, હિલાલ = પહેલો ચાંદ, પાએ અત્હર = પવિત્ર પગ)*

**અર્થ** : હુઝૂર ﷺનાં મુબારક તળિયાં બે ચાંદ છે અને બંનેવ પંજા બે સૂર્ય, એડીઓ બે સિતારા અને મુબારક પગની દસ આગળીઓના નખો નવા ચાંદ જેવા લાગે છે.

**હાએ ! ઉસ પથ્થર સે ઈસ સીને કી કિસ્મત ફોળિયે**
**બે તકલ્લુફ જિસ્કે દિલમેં યૂં કરેં ઘર એળિયાં**

**અર્થ** : જે પથ્થર પર હુઝૂર ﷺએ ક઼દમ મુબારક મૂક્યા અને તે પથ્થરે પોતાના સિનામાં હુઝૂર ﷺના ક઼દમને સમાવી લીધા અને તેના પર હુઝૂર ﷺના મુક઼દ્દસ ક઼દમના નિશાન બની ગયા. એવા મુબારક પથ્થરને સીનાથી લગાડીને કિસ્મત જગાડી લો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ જે પથ્થર પર પગ મૂક્તા હતા તે નરમ થઈ જતો હતો. *(બૈહક઼ી)*

**તાજે રૂહુલ કુદ્દસ કે મોતી જિસે સજદા કરેં**
**રખતી હૈં વલ્લાહ વો પાક઼ીઝા ગોહર એળિયાં**

*(તાજ = મુગટ, રૂહુલ કુદ્દસ = હઝરત જિબ્રઈલ علیہ السلامનો લક઼બ, વલ્લાહ = અલ્લાહની ક઼સમ, ગોહર = મોતી, મર્તબો)*

**અર્થ** : મારા અઝમતવાળા નબી ﷺની શાન તો એવી છે કે જ્યારે મેઅરાજની રાતે હઝરત જિબ્રઈલ علیہ السلام પોતાના કાફૂરી નૂરાની હોટ વડે હુઝૂર ﷺના મુક઼દ્દસ ક઼દમને બોસો આપી રહ્યા હતા ત્યારે આપના તાજનાં મોતી હુઝૂર ﷺની એડીઓને સજદો કરી રહ્યા હતાં.

**નોંધ** : શરીઅતે મુહમ્મદી ﷺમાં માનવીએ કોઈને તાઝીમી સિજદો કરવો હરામ છે પણ નિર્જીવ વસ્તુઓ માટે હરામ નથી. જાનવરો અને વૃક્ષોનું હુઝૂર ﷺની બારગાહમાં સિજદો કરવો હદીષોથી સાબિત છે.

**એક ઠોકર મેં ઓહદ કા ઝલઝલા જાતા રહા**
**રખતી હૈં કિતના વક઼ાર અલ્લાહુ અકબર એળિયાં**

*(ઓહદ = મદીના શરીફનો એક પહાડ, ઝલઝલા = ધરતીકંપ, ધ્રુજારી, વક઼ાર = ઈજ્જત)*

**અર્થ** : ઓહદ પહાડનો ઝલઝલો એક જ ઠોકરમાં જતો રહ્યો ! અલ્લાહ અકબર ! હુઝૂર ﷺની એડીઓ કેટલી ઈજ્જત ધરાવે છે. આ શેઅરમાં એક હદીષ શરીફ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. હદીષે પાકમાં છે કે એક વખત નબીએ પાક ﷺ હઝરત અબૂબક્ર સિદીક઼, હઝરત ઉમર, હઝરત ઉષ્માન ગની رضوان اللہ تعالیٰ علیہم اجمعینની સાથે ઓહદ પહાડ પર તશરીફ લઈ ગયા, તો ઓહદ પહાડ ધ્રુજવા લાગ્યો. (હુઝૂર ﷺની આમદની ખુશીમાં વજદમાં આવી ઝુમવા લાગ્યો !) તો આપે એડીની ઠોકર મારી અને ફર્માવ્યું, અય ઓહદ ! શાંત થઈ જા ! તારી ઉપર હમણા એક નબી (હુઝૂર ﷺ), એક સિદીક઼ (અબૂબક્ર) અને બે શહીદ (ઉમર અને ઉષ્માન رضی اللہ عنہما) છે. તો પહાડ શાંત થઈ ગયો. *(બુખારી શરીફ, તિર્મિઝી શરીફ)*

આ હદીષથી સાબિત થયું કે અલ્લાહ પાકે હુઝૂર ﷺને ઈલ્મે ગયબ અતા ફર્માવ્યો છે કારણ કે હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ (હિ.સ. ૨૩માં અને હઝરત ઉષ્માન ગની હિ.સ. ૩૫માં એટલે કે હુઝૂર ﷺના વિસાલ બાદ અનુક્રમે ૧૩ અને ૨૫ વરસ પછી શહીદ થયા અને હુઝૂર ﷺએ પોતાની પાક હયાતીમાં જ

બંનેવની શહાદતની ખબર આપી. કોઈનું મૃત્યું કેવી રીતે થશે તે ગયબ છે અને હુઝૂર ﷺએ તે ગયબ વર્ષો પહેલાં હઝરત ઉમર અને ઉષ્માન رضی اللہ عنہما માટે બયાન કરી આપ્યું.

**ચર્ખ પર ચળ્હતે હી ચાંદીમેં સિયાહી આ ગઈ**
**કર ચૂકી હૈં બદ્ર કો ટિકસાલ બાહર એળિયા**

*(ચર્ખ = આકાશ, ચાંદી = સફેદી, સિયાહી = કાળશ, બદ્ર = ચાંદ, ટિકસાલ બાહર = ખોટો સિક્કો)*

**અર્થ** : જ્યારે હુઝૂર સરાપા નૂર ﷺ મેઅરાજમાં આકાશ પર તશરીફ લઈ ગયા તો આપના નૂર સામે ચાંદનું પ્રકાશ ફીકુ પડી ગયું અને ચાંદમાં કાળો ડાઘ પડી ગયો અને આપની એડીઓએ ચાંદને ખોટો સિક્કો બનાવી દીધો.

**અય રઝા ! તુફાને મેહશર કી તલાતુમ સે ન ડર**
**શાદ હો, હૈં કશ્તીએ ઉમ્મત કો લંગર એળિયાં**

*(તલાતુમ = મોજાં, અર્થ : મેહશરની ભયાનક્તા, શાદ હો = ખુશ થઈ જા, લંગર = મદદગાર, તે વજનદાર વસ્તુ જેને દોરડા વડે જહાઝ જોડે બાંધી જહાઝને ઉભુ રાખવામાં આવે છે)*

**અર્થ** : હે અહમદ રઝા ! (رضی اللہ عنہ) મેહશરના તોફાની મોજાંઓથી ગભરાઈ ન જા ! ખુશ થઈ જા ! ઉમ્મતની કશ્તીને બચાવવા માટે હુઝૂર ﷺની એડીઓ લંગરનું કામ આપશે. અર્થ એ કે હુઝૂર ﷺ ઉમ્મતને બચાવી લેશે.

પેજ નં.૦૨ નું ચાલુ...

છે, પણ આપણા દિમાગો ભૌતિક્તામાં જીવે છે ! આજનો ફાસિક ફાજિર બલ્કે કાફિર ડોકટર જે ચીજથી પરહેઝ કરવાનું કહે તેના પર સૌ અમલ કરે છે ! જ્યારે અલ્લાહના હબીબ ﷺ જેમાં બંને દુનિયાના ફાયદા દર્શાવે છે તે તરફ આપણી સુસ્તી જગજાહેર છે ! અલ્લાહ તૌફીક આપે.

### ★ મિસ્વાક વિશે જરૂરી મસાઈલ ★

⍟ ઓછામાં ઓછું ત્રણ ત્રણવાર જમણા ડાબા, ઉપર–નીચેના દાંતોમાં મિસ્વાક કરે અને દરેક વખતે મિસ્વાકને ધોઈ લે, મિસ્વાક ન બહુ નરમ હોય ન બહુ કઠણ. અને પીલુડીનું ઝાડ અથવા ઝયતનનું ઝાડ અથવા લીમડાનું ઝાડ વિગેરે કડવી લાકડીનું હોય. મેવા અથવા સુગંધીદાર ફુલના વૃક્ષનું ન હોય. ટચલી આંગળી જેટલું જાડુ હોય અને વધારેમાં વધારે એક વેંત લાંબુ હોય. અને એટલું નાનું પણ ન હોય કે મિસ્વાક કરવું મુશ્કેલ થાય. જે મિસ્વાક એક વેંત કરતાં વધારે હોય તેના પર શયતાન બેસે છે. જ્યારે મિસ્વાક ઉપયોગને લાયક ન રહે તો તેને દફન કરી દો અથવા કોઈ સ્થળે સાવધાનીથી મૂકી દો કે કોઈ નાપાક સ્થળે પડે નહીં. કારણ કે એક તો તે સુન્નત અદા કરવાનું સાધન છે. એટલે તેનો આદર કરવો જોઈએ. બીજુ મુસલમાનના મૂખનું થૂંક નાપાક જગ્યાએ નાખવાથી પોતે સુરક્ષિત રાખવું જોઈએ. એટલા માટે જ જાજરૂમાં થૂંકવાને ઉલ્માએ અયોગ્ય લખ્યું છે. ⍟ મિસ્વાક જમણા હાથથી કરો, અને એવી રીતે હાથમાં પકડો કે ટચલી આંગળી મિસ્વાકની નીચે અને વચ્ચેની ત્રણ આંગળીઓ ઉપર અને અંગૂઠો મથાળે, નીચે હોય અને મુટ્ઠી વાળે નહીં. ⍟ દાંતોની પહોળાઈમાં મિસ્વાક કરે, લંબાઈમાં નહીં. ચત્તાપાટ સૂઈ રહીને મિસ્વાક ન કરે. ⍟ પ્રથમ જમણી તરફના ઉપરના દાંત માંજે, પછી ડાબી બાજુના ઉપરના દાંત, પછી જમણી બાજુના નીચેના, પછી ડાબી બાજુના નીચેના (દાંત સાફ કરે). ⍟ જ્યારે મિસ્વાક કરવું હોય ત્યારે તેને ધોઈ લે. એવી જ રીતે મિસ્વાક કરી લીધા પછી (મિસ્વાક)ને ધોઈ નાખે અને જમીન પર પડેલું ન રહેવા દે, બલ્કે ઉભુ રાખે અને રેશાનો ભાગ ઉપર રહે તે રીતે રાખે. *(બહારે શરીઅત)*



# દલીલુલ આરિફીન

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મજલિસ : ૫)***

(***દલીલુલ આરિફીન*** *: મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ*)

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ માબાપને જોવું ઈબાદત ! ★

સોમવારના દિવસે કદમબોસીની દૌલત નસીબ થઈ. શયખ જલાલુદ્દીન શયખ મુહમ્મદ ઓહદ ચિશ્તી અને અન્ય બુઝુર્ગ ખિદમતમાં હાજર હતા અને વાત એના બારામાં થઈ રહી હતી કે **પાંચ ચીજાને જોવું ઈબાદત**માં સામેલ છે. ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એ પાંચમાંથી **પ્રથમ** એ છે કે **પોતાના માબાપનો ચહેરો જોવો.** એટલા માટે કે હદીષમાં છે કે જે ફરઝંદ મહોબ્બત સાથે પોતાના માબાપનો ચહેરો જુએ તેના આમાલનામામાં હજનો સવાબ લખવામાં આવે છે. ત્યારબાદ ફર્માવ્યું કે એક ફાસિક઼ તથા બદકાર યુવાન મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે હાજીઓની સાથે જન્નતમાં ટહેલી રહ્યો છે. લોકોને આશ્ચર્ય થયું અને સબબ પૂછયો તો તેણે કહ્યું કે મારી વૃધ્ધા મા હતી. જ્યારે હું ઘરથી નીકળતો તેણીના કદમો (ગોદમાં) પર માથુ રાખી દેતો. મા દુઆ આપતી કે અલ્લાહ તઆલા તને બખ્શી આપે અને હજનો સવાબ તને નસીબ કરે. અલ્લાહ તઆલાએ તેણીની દુઆ કબૂલ કરી લીધી અને મને બખ્શી આપ્યો. હવે હું હાજીઓની સાથે જન્નતમાં ટહેલી રહ્યો છું.

ત્યારબાદ એક અન્ય હિકાયત વર્ણવી કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આ મર્તબો આપને કઈ રીતે મળ્યો ? તો ફર્માવ્યું કે, હું હજી સાત વરસનો હતો ત્યારે મસ્જિદમાં ઉસ્તાદથી કુર્આન શરીફ પઢવા જતો હતો. જ્યારે આ આયત પર પહોંચ્યો : بِالْوَالِدَيْنِ اِحْسَانًا તો ઉસ્તાદને એનો મતલબ પૂછયો. ફર્માવ્યું, અલ્લાહનો હુકમ છે કે જેવી રીતે મારું આજ્ઞાપાલન કરો છો તેવી રીતે માબાપનું આજ્ઞાપાલન કરો. આ સાંભળતાં જ દફતર બાંધીને ઘરે આવ્યો અને માના કદમો (ગોદ)માં પર માથુ રાખી દીધું કે હે મા ! મેં સાંભળ્યું છે કે અલ્લાહ તઆલાએ رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین એવું ફર્માવ્યું છે કે અલ્લાહ તઆલાથી મારા માટે કાંઈક માંગ હું સંપૂર્ણપણે તારી ખિદમત કરીશ. જ્યારે માને આવી દરખાસ્ત કરી તો તેણીએ રહમ ખાઈને બે રકાત પઢયા બાદ મારો હાથ પકડીને કિબ્લા રુખ થઈને ખુદા તઆલાને સોંપ્યો. આ દૌલત મને ત્યાંથી નસીબ થઈ જેનો સબબ માની દુઆ હતી.

બીજુ એ કે એકવાર ઠંડીની રાતમાં મારી માએ પાણી માગ્યું. હું કૂજો ભરીને હાથ પર રાખીને હાજર થયો, પરંતું મા મારી સૂઈ ગયાં. મેં ન જગાડયાં. તો રાતના અંતિમ હિસ્સામાં જાગી ગયાં અને મને કૂજો લઈને ઉભેલો જોયો. જ્યારે મારી પાસેથી કૂજો લીધો તો ઠંડીના માર્યા મારા હાથ કૂજા સાથે ચોંટી ગયા હતા. માએ દયા ખાઈને મારુ માથુ બગલમાં લઈ લીધું અને છાતીએ લગાડી બોસો આપ્યો. હે જાને માદર ! તેં ઘણી જ તકલીફ ઉઠાવી ! આમ કહીને મારા હક્કમાં દુઆ કરી કે અલ્લાહ તઆલા તને બખ્શે. મારી માની દુઆ કબૂલ થઈ અને આ સર્વ દૌલત (મર્તબો) એ જ દુઆના કારણે નસીબ થયાં.

## ★ કુર્આનેપાકને જોવું ઈબાદત ! ★

ત્યારબાદ ફર્માવ્યું કે **કુર્આન શરીફને જોવું ઈબાદત છે.** એટલા માટે કે 'શરહે અવલિયા'માં મેં લખેલુ જોયું છે કે જે શખ્સ કલામુલ્લાહ શરીફની તરફ જુએ છે અથવા પઢે છે, અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેને બમણો સવાબ આપો, એક કુર્આન શરીફ પઢવાનો અને બીજો કુર્આન શરીફ જોવાનો, અને દરેક હર્ફના બદલે દસ નેકીઓ અતા થાય છે, અને દસ ગુનાહો મિટાવવામાં આવે છે. ત્યારબાદ દુઆગોએ (હઝરત બખ્તિયાર કાકીએ ખ્વાજા સાહબને) અરજ કરી કે કુર્આન શરીફ લશ્કર તથા સફરમાં સાથે લઈ જઈ શકાય કે નહીં ? ફર્માવ્યું, ઈસ્લામના પ્રારંભમાં કેમ કે કાફિરોનો પ્રભાવ હતો એટલા માટે આં હઝરત ﷺ કુર્આન શરીફ સાથે લઈ જતા ન હતા કે ક્યાંક કાફિરોના હાથે જતુ રહે, પરંતું જ્યારે ઈસ્લામનો પ્રભાવ છવાયો તો પછી સાથે લઈ જતા હતા.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે સુલ્તાન મહમૂદ ગઝનવીને વફાત બાદ ખ્વાબમાં જોઈને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ આપની સાથે કેવો સુલૂક કર્યો ? ફર્માવ્યું, એક રાતે એક શખ્સને ત્યાં મહેમાન હતો. એક તાખલામાં કુર્આન શરીફ રાખેલુ હતું. મેં દિલમાં કહ્યું કે, અહીં કુર્આન શરીફ છે તો હું કેવી રીતે સૂઈ શકીશ ?! પછી વિચાર્યું કે કુર્આન શરીફ બીજા મકાનમાં (રૂમમાં) રાખી દેવામાં આવે. પછી ખયાલ આવ્યો કે મારા આરામને ખાતર શાથી એને બહાર કરી દઉં ?! (અને સૂતો નહીં) તો મૃત્યુ સમયે એના ખાતર મને બખ્શી દેવામાં આવ્યો.

ત્યારબાદ ફર્માવ્યું કે **જે શખ્સ કુર્આન શરીફને જુએ છે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી તેની દષ્ટિ (બીનાઈ) તેજ થઈ જાય છે અને તેની આંખ કદી નથી દુઃખતી અને ન સૂકાઈ જાય છે.** ત્યારબાદ ફર્માવ્યું કે મેં જામિઉલ હિકાયાતમાં લખેલુ જોયું છે કે આગલા જમાનામાં એક ફાસિક્ યુવાન હતો જેની બદ્કારીથી મુસલમાનોને નફરત થતી હતી. એને ખૂબ જ મના કરતા પણ એક ન સાંભળતો. સારાંશ જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોવામાં આવ્યો કે માથા પર તાજ રાખીને, ખિર્કો પહેરીને ફરિશ્તાઓની સાથે જન્નતમાં જઈ રહ્યો છે. તેને પૂછવામાં આવ્યું કે તું તો બદ્કાર હતો તો તને આ દૌલત ક્યાંથી નસીબ થઈ ?! જવાબ આપ્યો કે દુનિયામાં મારાથી એક નેકી થઈ તે એ કે જ્યાં ક્યાંક કુર્આન શરીફ જોઈ લેતો તો ઊભો રહીને ઘણી જ ઈજ્જતની નજરોથી એને જોતો. અલ્લાહ તઆલાએ મને એના સબબે બખ્શી આપ્યો અને આ દરજ્જો અર્પણ કર્યો.

## ★ આલિમે દીનને જોવું ઈબાદત ! ★

ત્યારબાદ (ખ્વાજા સાહબે) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે જે દિલમાં આલિમો તથા મશાઈખ (શરીઅતના પાબંદ સાચા પીરો)ની મહોબ્બત હોય તેના આમાલનામામાં **હજાર સાલની ઈબાદતનો સવાબ** લખી દેવામાં આવે છે. જો તે એ જ હાલતમાં મરી જાય તો તેને આલિમોનો દરજ્જો મળે છે અને એ મકામનું નામ ઈલ્લીય્યીન હોય છે. વળી ફતાવા ઝહીરિય્યહ્માં લખેલું જોયું છે કે પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે, "જે શખ્સ આલિમોને ત્યાં આવજા રાખે અને સાત દિવસ તેમની ખિદમત કરે તેના **સર્વ ગુનાહો અલ્લાહ તઆલા બખ્શી આપે છે અને સાત હજાર વરસની નેકી તેના આમાલનામામાં લખે છે,** એવી નેકી કે દિવસે રોઝા રાખે અને રાતે (નમાઝમાં) ઉભો રહીને પૂરી કરી દે." (સુબ્હાનલ્લાહ !)

## ★ આલિમના ગુસ્તાખનો અંજામ ! ★

પછી હિકાયત વર્ણવી કે પહેલાંના જમાનામાં એક માણસ હતો જે આલિમો તથા શયખોને જોઈને હસદના કારણે મોઢું ફેરવી લેતો હતો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો લોકોએ તેનું મોઢું કિબ્લા તરફ કરવા ચાહ્યું પરંતુ ન થઈ શક્યું. ગયબથી અવાજ આવ્યો, એને શા માટે તકલીફ આપો છો ! એણે દુનિયામાંથી ઉલમા તથા મશાઈખ (બાઅમલ આલિમો તથા શરીઅતના પાબંદ સાચા પીરો)થી ચહેરો ફેરવ્યો હતો એટલા માટે અમે અમારી રહમતથી તેનું મોઢું ફેરવી દીધું છે અને કયામતના દિવસે રીંછની શકલમાં તેનો હશ્ર કરીશું.

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ મુરીદની કરામત ★

મેં મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફી رحمۃ اللہ علیہથી સાંભળ્યું કે હુસૈન બિન અહમદ ફારસીએ તેમને વર્ણવ્યું કે યુવતીએ એમને કહ્યું કે અહમદ બિન મન્સૂર ફર્માવતા હતા, મારા ઉસ્તાદ અબૂ યાકૂબ સૂસી رحمۃ اللہ علیہએ મને જણાવ્યું કે મેં એક મુરીદને (મૃત્યુ બાદ) ગુસ્લ આપ્યું તો તેણે મારો અંગૂઠો પકડી લીધો જ્યારે કે એ તખ્તા પર (મરેલો) પડયો હતો. મેં કહ્યું, બેટા ! મારો હાથ છોડી આપ, હું જાણુ છું કે તું મુર્દા નથી ! આ (મૃત્યુ) તો એક ઘરથી બીજા ઘરે બદલી થવાનું નામ છે, તો એણે મારો હાથ છોડી આપ્યો.

### ★ અન્ય એક મુરીદની કરામત ★

અને મેં એમનાથી સાંભળ્યું કે અબૂબક્ર અહમદ બિન મુહમ્મદ તરસૂસી رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે મેં ઈબ્રાહીમ બિન શયબાન رحمۃ اللہ علیہને ફર્માવતાં સાંભળ્યા કે એક મુરીદ મારી સોહબતમાં રહ્યો તો મૃત્યુ પામ્યો. મને એનો ખૂબ જ ગમ થયો. હું જાતે તેને ગુસ્લ આપવા લાગ્યો, પણ જ્યારે એના હાથ ધોવા લાગ્યો તો ગભરાટને કારણે તેના જમણા હાથથી શરૂ કરવાને બદલે ડાબા હાથથી શરૂ કર્યું, પણ તેણે ડાબો હાથ છોડાવીને જમણો હાથ પકડાવી આપ્યો. એના પર મેં કહ્યું, બેટા ! તું સાચો છે, મારાથી જ ગલતી થઈ ગઈ. *(રિસાલા કુશૈરિયહ)*

### ★ અલ્લાહનો દરેક વલી ઝિંદા છે ! ★

મેં એમનાથી જ સાંભળ્યું કે અબૂન્નજમ મુક઼રી બરૂઈ શીરાઝી رحمۃ اللہ علیہએ કહ્યું કે તેમણે અદક઼ીથી સાંભળ્યું. અહમદ બિન મન્સૂર ફર્માવતા હતા કે મેં યાકૂબ સૂસીને ફર્માવતાં સાંભળ્યું કે એક મુરીદ મારી પાસે આવ્યો અને કહ્યું, હે ઉસ્તાદ ! હું કાલે ઝહોરના સમયે મૃત્યુ પામીશ, આ દીનાર લો અને અડધાથી ક઼બ્ર ખોદાવાશે અને અડધાથી કફન પહેરાવજો. જેથી જ્યારે બીજો દિવસ આવ્યો તો તેણે આવીને કા'બાનો તવાફ કર્યો અને પછી દૂર હટીને મૃત્યુ પામ્યો. મેં એને ગુસ્લ આપ્યું અને કફન પહેરાવ્યું અને ક઼બ્રમાં રાખી દીધો. તો તેણે આંખો ખોલી. મેં કહ્યું, મૌત પછી જિંદગી ?! શું વાત છે ? તેણે જવાબ આપ્યો કે, હું ઝિંદા છું અને અલ્લાહનો દરેક મુહિબ્બ (વલી) ઝિંદા છે.

### ★ હઝરત સર્રી رحمۃ اللہ علیہની કરામત ★

મેં અબૂ અબ્દુલ્લાહ શીરાઝીથી સાંભળ્યું કે અબૂ અબ્દુલ્લાહ બિન મફલજે તેમને કહ્યું કે અલ્મગાઝલીએ કહ્યું કે હઝરત જુનૈદ رحمۃ اللہ علیہ ફર્માવતા હતા કે મારી પાસે ચાર દિરહમ હતા જેને લઈને હઝરત સર્રી સકતી رحمۃ اللہ علیہની પાસે ગયો અને કહ્યું કે હું આ ચાર દિરહમ આપના માટે લાવ્યો છું. આપે ફર્માવ્યું, છોકરા ! તમને ખુશખબરી થાય કે તું નજાત પામીશ. મારે ચાર દિરહમોની જરૂરત હતી જેથી મેં કહ્યું કે ઈલાહી ! એ શખ્સના હાથે એ દિરહમ મોકલ જે તારે ત્યાં નજાત પામનાર હોય.

### ★ અમ્ર બિન ઉત્બાની કરામત ★

અલી બિન ઈબ્રાહીમ બિન અહમદે વર્ણવ્યું કે ઉષ્માન બિન અહમદે તેમનાથી સાંભળ્યું કે હુસૈન બિન ઉમર ફર્માવતા હતા કે મેં બિશ્ર બિન હારિષને કહેતાં સાંભળ્યા કે અમ્ર બિન ઉત્બા જ્યારે નમાઝ પઢતા તો વાદળ એમના માથે હોતાં અને સિંહો તેમની આસપાસ પૂછડી હલાવતા. *(રિસાલા કુશૈરિયહ)*

(ચર્ચાઈ)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

## ★ "ગયબથી મેસેજ પહોંચાડવાનું સાધન !" ★

હઝરત શાહ ઈમ્દાદુલ્લાહ સાહેબના સંબંધે 'કેટલાક બનાવો'ની એક કિતાબ 'કરામાતે ઈમ્દાદિયહ્'ને નામે પ્રસિદ્ધ થઈ છે, જેમાંની લગભગ 'રિવાયતો' દેવબંદી મૌલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી, મૌલ્વી રશીદ અહમદ ગંગોહી અને મૌલ્વી અશરફઅલી થાન્વી વગેરેની છે, જે 'કુતુબખાના હાદી' દેવબંદ તરફથી પ્રસિદ્ધ થઈ છે. જેમાં હાજી ઈમ્દાદુલ્લાહના એક મુરીદ મૌલાના મુહમ્મદ હસન સાહેબે એક બનાવ બયાન કરેલ છે કે :–

*"એક દિવસે ઝોહરની નમાઝ પછી હું અને મોલ્વી મુનવ્વર અલી અને મુલ્લા મુહીબુદ્દીન સાહેબ કોઈ જરૂરી વાત કરવા માટે હઝરત (હાજી સાહેબ)ની સેવામાં ઉપસ્થિત થયા, હઝરત નિયમ પ્રમાણે ઉપર જઈ ચૂક્યા હતા. બીજો કોઈ માણસ ન હતો કે તેને મોકલીને ખબર આપે, અને બૂમ પાડવી એ અદબથી વિરૂદ્ધ હતું, એટલે અમોએ આપસમાં સલાહ મશ્વરો કર્યો કે, દિલમાં **'ધ્યાનગ્રસ્થ' થઈને બેસી જઈએ વાતનો જવાબ મળી જશે અથવા હઝરત પોતે પધારશે.** થોડીવાર થઈ હશે કે હઝરત ઉપરથી નીચે પધાર્યા, અમે લોકોએ તેમની માફી માગી, તે સમયે હઝરત સૂઈ રહ્યા હતા, નાહક્ક઼ તેમને તકલીફ થઈ. તેમણે ઈર્શાદ ફર્માવ્યું કે, 'તમે લોકોએ સૂવા પણ દીધું ? કેવી રીતે સૂઈ રહેતો ?" (કરામાતે ઈમ્દાદિયહ્, પેજ–૧૩)*

**જોઈ રહ્યા છો ને ?** 'મુરાકેબહ' એ 'શ્રીમાનો'ને ત્યાં 'વાયરલેસ'નું કામ કરે છે ! જ્યારે અને જ્યાં તબીયત થઈ અને ગરદન ઝુકાવી લીધી વાતચીત કરીને હાલ હક઼ીક઼ત જાણી લીધા ! ન તો અહીં કોઈને જહેમત, ન ત્યાં કોઈને તક઼લીફ ! ને દિલમાં છુપાએલા ઈરાદા પણ જાહેર કરી દીધા ! 'વાયરલેસ'ની જેમ એક તરફ 'સિગ્નલ' આપ્યું અને બીજી તરફ ઝીલી લેવામાં આવ્યું !

પરંતુ, કેટલો શરમજનક છે 'દીન'માં આ પક્ષપાત કે પોતાના અને પોતાના શયખના સવાલ ઉપર 'શિર્ક'નાં તમામ બંધન તૂટી ગયાં અને **જે વાત નબી અને વલીના હકમાં શિર્ક હતી, એ જ વાત પોતાના શયખના હક્ક઼માં ઈસ્લામ બની ગઈ !** છે ને 'બે શરીઅતવાળી' વાત ! **આ છે દેવબંદી ધરમની અસલિયત !**

## ★ દેવબંદી ધરમનું ખૂન કરનાર વાતો ! ★

એક એવો જ બીજો દિલચસ્પ કિસ્સો વાંચો, મોલ્વી મુઝફ્ફર હુસૈન કાંધલ્વી દેવબંદી વર્તુળના માન્યવર બુઝુર્ગ છે. દેવબંદી મૌલ્વી થાન્વી તેમની રિવાયતોના આધારે પોતાના પીર હઝરત હાજી સાહેબનો એક વિચિત્ર બનાવ લખે છે, ધ્યાનપૂર્વક વાંચો :–

*"હઝરત મૌલાના મુઝફ્ફર હુસૈન સાહેબ મક્કહ મુઅઝ્ઝમહ્માં બીમાર થયા અને તેમના દિલની એ ઈચ્છા હતી કે તેમનું અવસાન મદીના ખાતે થાય, તેમણે હાજી સાહેબને પૂછ્યું કે, 'મારું અવસાન મદીનામાં થશે કે નહીં ? તો હાજી સાહબે ફર્માવ્યું કે, હું શું જાણું ? તો વિનંતી કરી કે, હઝરત ! એ બહાનુ તો રહેવા દો અને ખરેખર જવાબ આપો ! હઝરત હાજી સાહેબ 'મરાકિબ' થઈ ગયા અને થોડીવાર પછી કહ્યું **"તમારું મદીના મુનવ્વરા ખાતે અવસાન થશે."** (કસસુલ અકાબિર, પેજ–૧૩૬, લેખક : દેવબંદી મૌલ્વી અશ્રફઅલી થાન્વી)*

બતાવો ! આ આંખોથી ખૂન ટપકવાની વાત છે કે નહીં ? **અર્ધી સદીથી એ 'શ્રીમાનો' બરાડા પાડી રહ્યા**

**છે, જેમ કે દારુલ ઉલૂમ અરબિયા-ભરૂચ, કંથારીયાથી પ્રકાશિત થતી કિતાબો તથા અન્ય દેવબંદીઓની કિતાબોમાં હજીય સતત એ વાતો છાપવાનો તેમનો ધંધો થઈ ગયો છે કે, અલ્લાહ સિવાય કોઈ જાણતો નથી કે, કોણ ક્યાં મરશે, એટલે સુધી કે પયગમ્બરે આ'ઝમ ﷺને પણ તેની ખબર નથી !** દલીલમાં કુર્આનની આ આયત - وَمَا تَدْرِىْ نَفْسٌ بِاَىِّ اَرْضٍ تَمُوْتُ ''અને કોઈ જાણતો નથી કે કાલે (તે) શું કમાશે અને કોઈ જીવ જાણતો નથી કે કઈ ધરતીમાં મરશે.'' *(સૂરએ લુકમાન, આયત : ૩૪, પારા : ૨૧)* ગલત ભાવાર્થ સાથે તેમની ઝબાન અને કલમની ઝબાન પર હર સમયે રહે છે, હકીકતમાં કુર્આને પાકની એ આયત આજે પણ કુર્આને પાકમાં જેમની તેમ મૌજૂદ છે, પરંતુ પોતાના 'શયખ'ને સંબંધે તેમની લાગણી પણ જોઈ લો ! તેમણે 'મુરાકેબહમાં' એક એવી વાત જાણી લીધી જે 'ખુદાઈ અધિકાર'ની છે અને 'મખ્લૂકમાંથી કોઈને પણ અલ્લાહે તેનો એ ઈલ્મ અતા ફર્માવ્યો નથી, જેમ કે 'ફત્હે બરેલીકા દિલકશ નઝ્ઝારહ' નામની કિતાબમાં 'દેવબંદી વર્તુલ'ના વિશ્વાસપાત્ર વકીલ મૌલ્વી મન્ઝૂર નુઅમાનીએ લખ્યું છે કે :-

> *''એ પાંચ ગયબ, જેમાં મરવાની જગ્યાનું ઈલ્મ પણ સામેલ છે, તેને હક્ક તઆલાએ પોતાના માટે 'ખાસ' કરી લીધેલ છે, તેની ખબર ન કોઈ ફરિશ્તાને આપી છે, ન કોઈ નબી અને રસૂલને.'' (ફત્હે બરેલી કા દિલકશ નઝ્ઝારા, પેજ : ૮૫)*

પછી 'મુરાકેબહ' અને 'દિલના ધ્યાનની આ શક્તિ' જેણે પલવારમાં ગયબના પડદાનું એક એવું રહસ્ય જાણી લીધું, જેને નબીયે અરબી ﷺના હક્કમાં એ 'શ્રીમાનો' સ્વીકારતા નથી ! જેમ કે એ જ મોલ્વી થાનવી જે પોતાના 'પીર મુર્શિદ'ના હક્કમાં બરાબર સ્વીકારે છે, જ્યારે કે પોતાની કિતાબ 'હિફઝુલ ઈમાન'માં અલ્લાહના રસૂલ ﷺની 'ગયબની શક્તિ સંબંધે આ પ્રમાણે લખે છે :-

> *''કેટલાક કાર્યોમાં આપનું ખાસ વ્યવસ્થાપૂર્ણ રીતે ધ્યાન આપવું બલ્કે, પરેશાની અને ચિંતામાં ઘેરાઈ જવું સાબિત છે, 'ઈફક'ના કિસ્સામાં આપની તપાસની હકીકત હદીષની વિશ્વાસપાત્ર કિતાબોમાં લખાએલી છે, માત્ર 'ધ્યાનસ્થ' થવાથી જાણી શકાયું નહીં. એક મહિના પછી 'વહી'નું આગમન થતાં સંતોષ થયો એટલે જાણી શકાયું.'' (હિફઝુલ ઈમાન, પેજ-૭)*

મોલ્વી થાન્વીનું કથન જો સાચુ હોય તો તેના બે કારણો સમજાય છે, ક્યાં તો હુઝૂરે અનવર ﷺની 'ગયબી શક્તિ' (મઆઝલ્લાહ !) એટલે હદે કમજોર હતી કે, છુપી સચ્ચાઈઓ (ગયબનું ઈલ્મ)ના અંતર સુધી પહોંચી શક્તી ન હતી, અથવા (મઆઝલ્લાહ !) બારગાહે ખુદાવંદીમાં તેમને એટલો નજદીકનો દરજ્જો હાંસલ ન હતો કે ધ્યાન ધરતાં જ ઉઘાડુ જાહેર થઈ જાય, નહીં તો એક મહીના સુધી ચિંતા અને પરેશાનીમાં રહેવાની જહેમત ઉઠાવવી ન પડતી, અને પાછું આ પ્રકારની સ્થિતિ એક વખત પેશ આવી ન હોતી કે તેને અચાનકની બાબત કહી શકાય, બલ્કે **થાન્વી દેવબંદી મહાશયના કથન અનુસાર કેટલાયે કાર્યોમાં એ પ્રકારની પરિસ્થિતિમાંથી હુઝૂર ﷺને પસાર થવું પડયું છે !** અને દિમાગની બેગાનગી અને તેમની કલમની બેવફાઈની તેનાથી વધુ શું સાબિતી જોઈએ છે ? પોતાના શયખના ઈલ્મની બીજી દિલચસ્પ બાબત એ છે કે, જ્યારે શાહ સાહેબે કુર્આની આયત પ્રમાણે પોતાની અજ્ઞાનતા જાહેર કરી ત્યારે પૂછનારે ચુપ થઈ જવું જોઈતું હતું, તેને બદલે આમ કહીને કે, ''એ બહાનું તો રહેવા દો !'' કહીને **તેમની 'ગયબદાની'ના સંબંધે પોતાના દિલના યકીનને જાહેર કરી આપ્યું !** છતાં તે તથા તેના બનાવને માનનારા છાપનારા મુશ્રિક ન થયા !

ખૂબ જ સારી પેઠે વિચારી લો ! 'મુકદમો' એક જ પ્રકારનો છે, પરંતુ એ 'શ્રીમાનો'ના વિચારવાની રીત જુદી છે, પોતાના 'શયખ'ની બાબતમાં જુદી અને અલ્લાહના મહાન અને શ્રેષ્ઠ રસૂલ ﷺની બાબતમાં જુદી !' આવા દ્વિમુખી પ્રપંચીઓ સાથે જે ભાઈઓ જાહેરી નમાઝ, રોઝા, દાઢી, જભ્ભા જોઈને તેમને સાચા મુસલમાન સમજી ભૂલમાં અટવાઈ ગયા હોય, તે ભાઈઓ પોતાની તથા ઔલાદની આખેરતને બચાવવા ચાહતા હોય તો હજીય તેમનાથી દૂર થઈ જાય અને તેમનાથી દોસ્તી, સગાઈ, સમાજના નામે ચાલતો વહેવાર ખત્મ કરીને ઈમાન સુરક્ષિત કરી લે.

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તહ્‌હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ બાળક પેદા થવાને કારણે જે સ્ત્રી મૃત્યુ પામે તેને બદ્‌નસીબ સમજવું ★

અમુક સ્થળોએ કેટલાક લોકો એવી સ્ત્રીને જે બાળક પેદા થવાને કારણે મૃત્યુ પામે છે તેને ખોટુ થવાનું વિચારે છે અને કહે છે કે તે સ્ત્રી નાપાકીમાં મૃત્યુ પામી છે આથી બદ્‌નસીબ અને મન્હૂસ છે. અહીંયાં સુધી સાંભળવા મળ્યું છે કે કેટલાક લોકો કહે છે કે તે મૃત્યુ પામીને ચૂડેલ બનશે. આ બધું જો કે બકવાસ અને ચોખ્ખી ખુરાફાતો (વ્યર્થ વાતો) છે.

હદીષ શરીફમાં આ પ્રમાણે મૃત્યુ પામી જનાર સ્ત્રીને શહાદતનો મર્તબો મેળવનાર ફર્માવવામાં આવેલ છે અને આનો (શહાદતનો) ઈસ્લામમાં ઘણો મોટો મર્તબો છે. રહી વાત તેની નાપાકીની તો આ તેની મજબૂરી છે જેનો તેના ઉપર કોઈ ગુનોહ નથી અને મો'મિનનું બાતિન કોઈ દિવસ નાપાક નથી અને આ નાપાકી પણ લોહી આવવાને કારણે હોય છે. ખૂન ન આવ્યું તો પણ ઝાહિરમાં તો તેણી પાક છે.

## ★ કાલ્પનિક ક઼બ્રો અને મઝારો બનાવવા★

આજકાલ એવું ઘણુ થઈ રહ્યું છે કે પહેલાં જ્યાં કાંઈ પણ ન હતું ત્યાં હવે કોઈપણ મુડદાને દફન કર્યા વગર ક઼બ્ર અને મઝાર બનાવી દેવામાં આવ્યું અને પૂછે તો કહે છે કે ખ્વાબમાં બશારત થઈ છે. ફલાણા મિયાં (કાલ્પનિક નામ)એ ખ્વાબમાં આવીને બતાવેલ છે કે અહીંયાં અમો દફન છીએ, અમારું મઝાર બનાવો. સાચી વાત એ છે કે આ પ્રમાણે ક઼બ્ર અને મઝાર બનાવવું, તેના ઉપર હાજરી આપવી, ફાતિહા પઢવું, ઉર્સ કરવો, ચાદર ચઢાવવી બધું જ હરામ છે. મુસલમાનોને છેતરવું અને ઈસ્લામને બદ્‌નામ કરવું છે અને ખ્વાબમાં મઝાર બનાવવાની બશારત શરીઅતની રૂએ કોઈ વસ્તુ નથી અને જે લોકોએ આવા (ખ્વાબમાં આવેલ કાલ્પનિક નામથી) મઝારાત બનાવી લીધેલ છે તેને ઉખાડી દેવું અને તેનું નામો નિશાન મિટાવી દેવું ઘણુ જ જરૂરી છે.

કેટલીક જગ્યાઓએ જોવા મળેલ છે કે કોઈ બુઝુર્ગની લાકડી, અમામો વગેરે કોઈ તેને લગતી વસ્તુ દફન કરીને મઝાર બનાવે છે અને ક્યાંક વળી કોઈ બુઝુર્ગના મઝારની માટી બીજી જગ્યાએ લઈ જઈને દફન કરીને મઝાર બનાવે છે, આ બધું નાજાઈઝ અને ગુનોહ છે. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "કાલ્પનિક મઝાર બનાવવું અને તેની સાથે અસ્લ મઝાર જેવું વર્તન કરવું નાજાઈઝ અને બિદઅત છે અને ખ્વાબની વાત શરીઅતની વિરુદ્ધના કામોમાં માન્ય રાખવામાં આવતી નથી." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૧૧૫)*

અને શાહ અબ્દુલ અઝીઝ સાહબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ રિવાયત ફર્માવે છે, "ખુદા તઆલાની લઅનત તેની ઉપર જે મઝાર ન હોવા છતાં તેની ઝિયારત કરે." *(ફતાવાએ અઝીઝિય્યહ્‌, ભાગ : ૧, પેજ : ૧૪૪)*

અને જે જગ્યાએ કોઈ બુઝુર્ગનો મઝાર હોવા ન હોવા અંગેની શંકા હોય, ત્યાં પણ ન જાય.

## ★ સ્ત્રીનું કફન તેના પીયરવાળાઓ ઉપર જરૂરી સમજવું ★

આ (ઉપરોક્ત) એક ખોટો રિવાજ છે. એટલે

સુધી કે અમુક જગ્યાએ પિયરવાળાઓ ગરીબ અને મુફલિસ હોય તો પણ સ્ત્રીનું કફન તેઓએ જ આપવું જરૂરી છે એવું સમજવામાં આવે છે અને તેઓ પાસેથી જબરજસ્તીથી લેવામાં આવે છે અને તેઓને વગર કારણે સતાવવામાં આવે છે, જો કે ઈસ્લામમાં એવું કાંઈ નથી.

મસ્અલો એ છે કે મૈયતનું કફન જો મૈયતને માલ છોડેલ હોય તો તેના માલમાંથી જ આપવામાં આવે અને જો તેણે કોઈ માલ છોડેલ ન હોય તો જિંદગીમાં જેના સીરે તેના પાલનપોષણની જવાબદારી હતી તે કફન આપે અને ઔરતને માટે ખાસ કરીને આ પ્રમાણે છે કે તેણીએ જો માલ છોડેલ હોય તો પણ તેના કફનની જવાબદારી તેના પતિની છે. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૨૩, પેજ : ૬૧૧, છપાઈ : રઝા ફાઉન્ડેશન–લહારો, બહારે શરીઅત, ભાગ : ૪, પેજ : ૧૩૯)*

ખુલાસો એ જ કે ઔરતનું કફન તેના પિયરવાળાઓ ઉપર જ જરૂરી સમજવું અને કોઈપણ પ્રકારે તેના પાસેથી લેવ દાવવું એ ખોટો રિવાજ (કુરિવાજ) છે જેને દૂર કરવું જરૂરી છે.

## ★ મૈયત પછી અને બાળકના જન્મ પછી પૂરા ઘરમાં પોતુ મારવું અને સફાઈ કરવું જરૂરી સમજવું ★

કેટલાક લોકો ઘરમાં મૈયત થયા પછી અને બચ્ચાની પૈદાઈશ (સુવાવડ) થયા પછી આખા ઘરમાં પોતા લગાવે છે અને એમ સમજે છે કે ઘર નાપાક થઈ ગયું તેથી ઘરને, પોતુ કરવું અને તેની સફાઈ કરવી જરૂરી છે. જો કે આ તેમની ગલતફહમી છે અને ઈસ્લામમાં વધારાનું કામ છે. હા ! જો કે પોતા મારવા અને સફાઈ કરવી એ સારી વસ્તુ છે અને તેની જ્યારે પણ જરૂરત પડે ત્યારે કરાવે. પરંતુ બચ્ચાના જન્મ (સુવાવડ)ને કારણે જ અથવા મૈયત થવાને કારણે જ આ સફાઈ કરવી અથવા કરાવડાવવી અને તેને જરૂરી સમજવું જાહિલ લોકોની વાત છે જેને સમાજમાંથી દૂર કરવું જરૂરી છે.

## ★ મૈયતના માથામાં કાંસકો ફેરવવો ★

કેટલીક જગ્યાએ મૈયતને ગુસ્લ આપ્યા પછી અને કફન પહેરાવવાના સમયે તેના વાળમાં કાંસકો ફેરવે છે આ મના છે. હદીષમાં છે કે હઝરત સૈયદના આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મૈયતના માથામાં કાંસકો ફેરવવાના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આપે મના ફર્માવ્યું. અને ફર્માવ્યું કે, "શા માટે તમે તમારી મૈયતને તકલીફ પહોંચાડો છો ?" *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૪, પેજ : ૩૩, કિતાબુલ આષારે ઈમામ મુહમ્મદ, પેજ : ૪૬)*

## ★ શું ઔરત ફાતિહા પઢી શકતી નથી ?! ★

ફાતિહા અને ઈસાલે સવાબ જેમ પુરૂષો માટે જાઈઝ છે તે જ રીતે કોઈપણ જાતના શક વગર સ્ત્રીઓ માટે પણ જાઈઝ છે, પરંતુ કેટલીક સ્ત્રીઓ કારણવગર પરેશાન થાય છે અને ફાતિહા માટે બાળકોને (ફાતિહા પઢવા માટે મૌલાનાને શોધવા ચારેબાજુ દોડાવે છે) જો કે તેણીઓ પોતે પણ ફાતિહા પઢી શકે છે. ઓછામાં ઓછું અલ્હમ્દુ શરીફ અને કુલ્હુવલ્લાહ શરીફ લગભગ સ્ત્રીઓને યાદ હોય છે. તેને પઢીને ખુદાએ તઆલાથી દુઆ કરે કે, "યા અલ્લાહ ! આ ફાતિહાનો સવાબ ફલાણા, ફલાણા અને ફલાણા જેને સવાબ પહોંચાડવાનો હોય તેનું નામ લઈને કહે કે તેની રૂહને સવાબ પહોંચાડ." આ ફાતિહા થઈ ગઈ અને બિલકુલ બરાબર અને સાચી ફાતિહા થઈ ગઈ.

"કેટલીક સ્ત્રીઓ અને છોકરીઓ, કેટલાક અજ્ઞાન પુરૂષો અને કઠમુલ્લાઓથી વધારે પઢેલી, ભણેલી અને નેક નમાઝી હોય છે. આવી સ્ત્રીઓ અને છોકરીઓ આ અજ્ઞાનીઓને બદલે પોતે ખૂદ કુર્આન (સૂરત) પઢીને ઈસાલે સવાબ કરી લે તો બહેતર છે."

કેટલીક સ્ત્રીઓ કોઈ બુઝુર્ગની ફાતિહા દેવડાવવા માટે ખાવાનું વગેરે ખૂણામાં રાખી, થોડીવાર પછી તે ખાણાને ઉપાડી લે છે અને કહે છે કે તેમણે (બુઝુર્ગે) તેમની ફાતિહા પોતે જ (બુઝુર્ગે) પઢી લીધી. આવી

બધી મનઘડત અને બેકાર વાતોની જગ્યાએ તેઓને જે પણ કુર્આનની આયત અને સૂરત યાદ હોય તેને પઢીને ઈસાલે સવાબ કરી દે તો એ જ વધારે સારું છે અને આ કાયદેસરના ફાતિહા છે.

### ★ જીવન દરમ્યાન (પોતાનું) કબ્ર અને મઝાર બનાવડાવવું ★

કેટલાક લોકો પોતાની જિંદગીમાં (પોતાની) કબ્ર કરાવે છે એ મુનાસિબ નથી. અલ્લાહ તઆલા ફર્માવે છે, (અર્થાત) : ''કોઈ નથી જાણતો કે તે ક્યાં મૃત્યુ પામશે ?''

કબ્ર તૈયાર રાખવાનો શરઈ હુકમ નથી પરંતુ પોતાનું કફન સીવડાવીને રાખી શકે છે કે જેથી કરીને જ્યાં પણ જાય ત્યાં પોતાની સાથે લઈ જાય અને કબ્ર તેની સાથે જઈ શકતી નથી.'' *(અલ્મલ્ફૂઝ, ભાગ : ૧, પેજ : ૬૯)*

કેટલીક ખાનકાહોમાં જોવા મળેલ છે કે તેઓ જિંદગીમાં પાકા મઝારો બનાવી લે છે કે તેઓ અલ્લાહના વલી અને બુઝુર્ગ અને મોટા નેક બંદાઓ છે અને મર્તબાઓને હાંસલ કરી લીધેલ છે જેથી કરીને સામાન્ય લોકોની જેમ કાચી કબ્રમાં નહીં પરંતુ તેમણે તો ખૂબસૂરત મઝારમાં દફન થઈ જવું જોઈએ. જો કે સાચા વલીઓનો તરીકો એ રહ્યો છે કે તેઓ પોતાને ગુનેહગાર સમજે છે. જેઓ પોતાને વલી સમજે છે અને પોતાની વિલાયતનો ઢંઢેરો પીટતા ફરે છે તેઓ અવલિયાએ કિરામના રસ્તા ઉપર નથી.

પીરાને પીર સૈયદના ગૌષે આ'ઝમ શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہથી વધીને મોટા બુઝુર્ગ અને વલી છેલ્લા હજાર વરસમાં ન કોઈ થયા અને ન કોઈ કયામત સુધી થઈ શકે છે. તેમના વિશે હઝરત સૂફીએ ઝમાં શૈખ મુસ્લેહુદ્દીન સઅદી શિરાઝી નકલ ફર્માવે છે કે, ''તેમને હરમે કા'બામાં લોકોએ જોયું કે તેઓ કાંકરીઓ ઉપર પોતાનું માથુ રાખીને ખુદાએ તઆલાની બારગાહમાં અર્ઝ કરી રહ્યા હતા, ''હે પરવરદિગાર ! જો હું સજાનો હક્કદાર હોઉં તો તું મને કયામતના દિવસે આંધળો કરીને ઉઠાવજે ! જેથી કરીને નેક લોકોની વચ્ચે મને શરમિંદગી ન થાય.'' *(ગુલિસ્તાન, ભાગ : ૨, પેજ : ૬૭)*

કેટલાક સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના બારામાં આવ્યું છે કે તેઓ આ પ્રમાણે દુઆ કરતા હતા કે, ''હે અલ્લાહ ! મને જ્યારે મૌત આવે તો જંગલનું કોઈ જાનવર મને ફાડીને ખાઈ જાય અથવા તો હું કોઈ દરિયામાં ડૂબીને મૃત્યુ પામું અને માછલીઓનો ખોરાક બની જાઉં !''

એટલે કે તેઓ શોહરત (ખ્યાતિ)થી બચવાનું ઈચ્છતા હતા અને નામના કમાવવાની તરફેણમાં ન હતા અને આજ સાચી ફકીરી અને દુરવેશી છે અને આજના ફકીરોને તેમના મઝારની પડી છે !

સાહેબો ! ચાહવાવાળા અને માનવાવાળા મુરીદો અને અકીદતમંદો બનાવવા અને વધારવાની તથા મઝાર અને કબ્રને સારી અને ખૂબસૂરત બનાવવાની અને બનાવડાવવાની ચિંતાની જગ્યાએ આખેરતની વધારે ચિંતા કરો, ખુદા અને તેના રસૂલને રાજી કરો. જો તમારા કારનામાઓ અને વ્યવહારોથી ખુદા અને રસૂલ નારાજ છે તો મુરીદો અને અકીદતમંદોની બહોળી સંખ્યા અને મઝારાતની ખૂબસૂરતી અને માર્બલની ચમકદમક તમને અલ્લાહના અઝાબથી અને કબ્રની સખ્તાઈથી બચાવી શકશે નહીં.

એવી કફીરી અને સજ્જાદગી (ગાદીનશીની)થી પણ શું ફાયદો કે કબ્રની અંદર આપનાં ખરાબ કાર્યો અને બદ્અકીદાઓ અને રિયાકારીઓ (દેખાવ, ખોટા ભભકા)ને કારણે અઝાબ ચાલુ હોય અને ઉપર મઝાર પર મુરીદો ચાદરો ચઢાવતા હોય, ફૂલો ચઢાવતા હોય અને ધામ ધૂમથી ઉર્સ મનાવતા હોય.

કોશિશ એ વાતની કરો કે મુરીદો હોય કે ન હોય, મઝાર બને કે ન બને, ચાદરો ચઢે કે ન ચઢે, ઉર્સ થાય કે ન થાય પરંતુ કબ્રમાં આપને રાહત મળતી હોય અને જન્નતની બારી ખુલ્લી હોય, ભલે ને ઉપરથી કબ્ર કાચી હોય ! અને આ નેઅમત હૃદયની નિખાલસતા અને અલ્લાહના હુકમો પર અમલવાળી જિંદગીથી જ પ્રાપ્ત થશે.

# આપણા ધાર્મિક જલ્સા અને રાત્રી જાગરણની હકીકત પ્રતિ નિર્દેશ

રજૂકર્તા : **અબ્દુર્રઉફ-પાલેજ** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, તા. જિ. ભરૂચ)*

*હાલમાં દીની જલસાઓની સીઝન શરૂ થઈ રહી છે. મુહર્રમ શરીફમાં તેમજ મીલાદુન્નબી ﷺના તથા ગ્યારવીં શરીફના વગેરે મહિનાઓના મુબારક દિવસોમાં ઊંચા નઝરાણા તથા એર ટિકિટ અલગ ! એ રીતે ઘણે ઠેકાણે અવનવા મુકર્રિરોની તકરીરો કરાવવામાં આવે છે અને અમુકને છોડી કેટલા તો ક્યાંનું ક્યાં બોલી આપસમાં જ સુન્નીઓનું સંગઠન તોડતા જાય છે ! મુહર્રમનો જલસો છે પણ વર્તમાન તા'ઝીયાદારી, વાજિંત્રો, ઢોલ નાચગાનની વિરુધ્ધમાં બોલતાં એવા મુકર્રિરો શરમાશે કે જે ખરાબીઓને દૂર કરવી અતિ જરૂરી છે. તો વળી ક્યાંક જલસો કોનાથી સંબંધિત હોય અને ક્યાંની વાત મુકર્રિર કહીને જતા રહે છે અને પરિણામ ?! શૂન્ય ! સુન્ની પબ્લિકને કાંઈ દિલ પર વાગે અને અકીદા તથા મસાઈલ તથા અમલો તથા અખ્લાકો સુધરે એવું બયાન થતુ નથી. ઈલ્લા માશા અલ્લાહ ! તો એવા નામના તથા વાહ વાહ માટે થતા જલસા સંબંધે સુધારણા લાવવા આ લેખ આમ તથા ખાસ લોકોની આંખો ખોલવા અત્રે રજૂ કરીએ છીએ. અલ્લાહ તઆલા આપણને સૌને નેક હિદાયત આપે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

આજ સુધી તો આપણે એવું જોતા અને સાંભળતા આવી રહ્યા હતા કે શાદીઓમાં એક બુરી રસ્મ દહેજની માંગ દિવસે દિવસે વધતી જઈ રહી છે અને તેની નકારાત્મક અસરોએ ગરીબ ઈન્સાનોનું જીવન અત્યંત મુશ્કેલ બનાવી રાખ્યું છે. પણ હવે આ જીવંત વાસ્તવિક્તાને પણ ગળે ઉતારવી પડશે કે દહેજની જેમ સ્ટેજના મુકર્રિરોની માગમાં પણ વધારો થતો જઈ રહ્યો છે ! અને તેનું પરિણામ ઈસ્લામ અને સુન્નિયત માટે ખૂબ જ ભયાનક સાબિત થઈ રહ્યું છે. જે રીતે આપણે ખૂબ જ ગરીબ માણસોને પોતાની છોકરીની શાદી માટે ચંદો કરતા જોઈએ છીએ તેવી જ રીતે જલ્સા કરાવવાવાળાઓની કમિટીને પણ ગલીઓમાં ફરતાં જોઈએ છીએ, ફરક એટલો છે કે લોકો ગરીબ વ્યક્તિને ખૂબ જ સાબિતી અને પુરાવા આપ્યા પછી કાંઈક આપી દે છે જ્યારે કે જલ્સાવાળાઓને ખૂબ જ નવાઝે છે ! આવા જલ્સાઓને જરૂરી અને દીની ફરીઝો બનાવી લેવાની વાત સહી સમજના વિરુદ્ધ જણાઈ રહી છે કે લોકો આ કામમાં કેમ આટલી હદે દિલચસ્પી લે છે અને પોતાનો કિંમતી સમય અને માલ લૂટાવે છે.

વિચારવા જેવી વાત તો એ છે કે જેવી રીતે તકરીર અને તેહરીર (લખાણ)ના માધ્યમો થકી લોકોને દહેજને લગતા શરઈ એહકામો અને તેના ભયાનક નુકસાનોથી ખબરદાર કરતા રહેવા છતાં પણ તેમાં વધારો થતો જઈ રહ્યો છે, એ જ રીતે મહાન ઉલમા તથા દાનિશ્વર તબકો (સમજદાર વર્ગ) લેખન તથા તબ્લીગના થકી વર્તમાન પ્રચલિત જલ્સાઓની વાસ્તવિક્તા અને તેનાં પરિણામો જાહેર કરતો આવી રહ્યો છે છતાં પણ આ સંબંધે લોકોમાં જઝબાતની ભડકતી આગ ઠંડી પડવાના બદલે તેમાં ઓર વધારો થતો જઈ રહ્યો છે !

ગામના એક વ્યક્તિ સાથે ફોન પર વાત થતાં આ ખબર સાંભળીને કે, "એક ગામમાં જલ્સો થઈ રહ્યો છે જેમાં એક એવો મુકર્રિર આવી રહ્યો છે જેનું નજરાણુ ત્રીસ હજાર રૂપિયા છે." મારા હોશ ઉડી ગયા. પછી મારા દિમાગની સપાટી પર ભાતભાતના સવાલો ઉઠવા લાગ્યા કે શું આ ખબર સાચી છે ? જો સાચી છે તો શું આ સ્ટેજો અને રાત્રી જાગરણનો

રિવાજ આ રીતે આમ થતો રહેશે ? શું તે મકર્રિર ત્રીસ હજાર રૂપિયા લેવાનો હક્ક અદા કરશે ?! લોકોને સીધા રસ્તા પર લાવીને ઉભા કરી શક્શે ?! તેમનાં દિલો ઈસ્લામના ફર્ઝોની અદાયગીનો એહસાસ અને જઝબો પૈદા કરી આપશે ? શું જલ્સા કરવાવાળા તેની વાસ્તવિક્તા જાણી લીધા પછી પણ આ રીતે દૌલત વહાવતા રહેશે ?! આજે બદ્‌મઝહબિયત ફેલાતી જઈ રહી છે, નવી પેઢી દીની તા'લીમથી દૂર થતી જઈ રહી છે, સમાજમાં બુરાઈઓ આમ થતી જઈ રહી છે. આ વાતોની રહનુમાઓને કોઈ ફિક્ર નથી ?! કાશ ! તેઓ આ મોટી રકમ કોઈ સારા નેક કામમાં લગાડે, લાયબ્રેરીમાં કિતાબો ખરીદીને આપે, ગરીબ બાળકોની તા'લીમની વ્યવસ્થા કરી આપે, ગરીબ છોકરીઓની શાદી કરાવી આપે તો આ રીતે તેઓને ખૂબ જ સવાબ મળતો અને કૌમનું પણ ભલુ થતુ.

આ રાત્રી જાગરણથી શું ફાયદો અને શું નુકસાન થાય છે, તેને આપણે સારી રીતે જાણીએ છીએ. પ્રથમ તો ચંદો કરી લાખો રૂપિયા ભેગા કરવામાં આવે છે અને લોકો જલ્સાના નામ પર આપવામાં પણ ખચકાતા નથી, જ્યારે કે તા'લીમ અથવા મદ્રસાના નામ પર તેઓના હાથ ટૂંકા થઈ જાય છે ! ત્યાં સુધી કે પોતાના ઈમામને પણ માંડ બે ત્રણ હજાર રૂપિયા દેવા તૈયાર નથી થતા ! પછી લચકદાર તકરીર કરવા અને ખૂબ નારા લગાડવાવાળા મુકર્રિરને બોલાવવામાં આવે છે, દરેક પ્રકારની સજાવટ અને સુંદરતાથી સ્ટેજને સજાવવામાં આવે છે, પછી ત્યાં મુસલમાનોની પુષ્કળ સંખ્યા એકઠી થઈ જાય છે, જેમાં બે પર્દા સ્ત્રીઓ પણ હોય છે ! પણ આ પુષ્કળ સંખ્યાની નિય્યત ઈસ્લામની તા'લીમ શીખીને તેના પર અમલ કરવાની નથી હોતી ઈલ્લા માશાઅલ્લાહ ! પરંતુ તેમની નિય્યત ત્યાં આવીને મોજ મજા અને મનોરંજન કે મેળો માણવાની હોય છે. તે મુકર્રિરો અને શાયરોની નિય્યતો પણ મોટા ભાગે આ જ પ્રકારની હોય છે. આવા જલ્સાઓમાં દીનની દા'વત અને તબ્લીગની જગાએ લોભ અને લાલચ વધારે માત્રામાં જોવા મળે છે.

સારાંશ કે રાત્રી જાગરણ માટે લોકો લાંબો સમય અને પુષ્કળ દૌલત ખર્ચી નાખે છે તેનાથી કોઈ ફાયદો પ્રાપ્ત નથી થતો, પરંતુ તાજે તાજુ નુકસાન એ જોવામાં આવે છે કે દરરોજની સરખામણીમાં જલ્સાની સવારે નમાઝીઓની સંખ્યા ઓછી થઈ જાય છે ! અને કેટલીક જગાઓ પર તો ફજરની અઝાન દેવાવાળુ પણ કોઈ નથી હોતું ! આ તે સાચી વાત છે જે હકીકત પર આધારિત છે, જેના માટે આપણે કોઈ દલીલની જરૂરત નથી, તમને ઘણે ઠેકાણે આની દલીલ મળી જશે.

આ કામમાં બદલાવ અને સુધાર તે સમયે જ શક્ય છે જ્યારે તે લોકો જે કૌમના રહનુમા અને આગેવાનો કહેવાય છે અને તેમની વાતો પર લોકો અમલ કરે છે તેઓ પહેલાં તો પોતે સુધરી જાય અને તેઓમાં દીનની ખિદમતની ભાવના જાગી ઉઠે અને તેઓ પોતાના દિલોમાંથી લાલચ, લોભ અને રિયા જેવી બીમારીઓ કાઢીને પોતાના ફરાઈઝ અદા કરવાની લાગણી જાગૃત કરી લે. પણ આ કામ અસંભવ જેટલુ મુશ્કેલ અને કઠણ જણાય છે ! કેમ કે તેઓ અમસ્તા જ જલ્સા કરવાનું માર્ગદર્શન નથી આપતા, પરંતુ તેમાં તેઓનો પણ ફાયદો હોય છે, તેઓનાં ખિસ્સા ગરમ થતાં હોય છે અને બીજા તરીકાઓથી પણ પોતાનો મકસદ પૂરો કરે છે. બીજા કામોમાં સમય અને મહેનતની જરૂરત પડે છે, જ્યારે કે જલ્સામાં એક રાતમાં વગર મહેનતે ખૂબ જ મોટો ફાયદો હાથ લાગી જાય છે. હા ! કેટલાક તેમાં નેક ઈમાનદાર પણ હોય છે પણ આ નાહક્કનું ખર્ચાળ કામ તો તેઓ પણ કરે છે. આજે કેટલાય તલ્બા માત્ર અને માત્ર ફી અને ખોરાકી ન ભરી શકવાથી દીની તા'લીમ છોડી દે છે તેના તરફ ન તો જલ્સાવાળાઓની નજર પડે છે ન તો લાંબી લચ્છેદાર તકરીર કરવાવાળાની નજર પડે છે. આખરે આ બાબતે તેઓની દીનદારી ક્યાં જતી રહે છે એ સમજમાં નથી આવતુ !!!

અમે એવું નથી કહેતા કે જલ્સાઓને બિલ્કુલ બંધ કરી દેવા જોઈએ પરંતુ જલ્સા જે મેળા અને ફેશન બની ગયા છે તેમાં સુધાર લાવી તેને દીની અને અખ્લાકી તર્બિયતગાહ બનાવવામાં આવે, શું જરૂરત

છે કે લાખો રૂપિયા ખર્ચી નાખો અને દેશના મોટા મોટા મુકર્રિરોને બોલાવો કે પુષ્કળ લોકોની સંખ્યામાં જમા કરી લો ?! જરૂરત છે કે આ કામ ઈસ્લામી સંસ્કૃતિની હદોમાં રહીને કરવામાં આવે જેથી દા'વત અને ખિદમતે દીનનો ફરીઝો પરિણામે પહોંચી શકે અને કૌમને સીધા રસ્તાનું માર્ગદર્શન મળી શકે. દિલમાં ખિદમતે દીનની ભાવના રાખવાવાળા, સાચી તડપ ધરાવનારા એક બે બાઅમલ આલિમે દીનને બોલવામાં આવે અને સમયનો ખાસ ખયાલ રાખવામાં આવે જેથી લોકો કંટાળી ન જાય અને મહેફિલ પણ વ્યવસ્થિત અને સારી રીતે પૂરી થાય. આખી રાત ચાલનારા જલ્સાઓમાં આપણે જોઈએ છીએ કે એજ્યુકેટેડ અને ઉચ્ચ દરજ્જાના લોકો અને માલદારો ઉપસ્થિત નથી રહેતા, પણ જ્યારે આપણે સમયનો ખયાલ કરીશું તો તેઓ પણ હાજરી આપશે, અને આપણી દા'વત આમ થશે.

અહીં મદ્રસાઓના તલ્બાને નમ્ર વિનંતિ છે કે આ સામાન્યતઃ થતા બેકાર રાત્રી જાગરણના રિવાજને જ્યાં સુધી થઈ શકે રોકવાની કોશિશ કરે. ઉમ્મીદ છે કે આપની કોશિશ જરૂર રંગ લાવશે, કેમ કે સામાન્યપણે જોવામાં આવે છે કે મદ્રસાના તલ્બામાં તા'લીમ દરમિયાન આવી ઉછરી રહેલી બુરાઈઓના વિરુદ્ધ જેહાદ કરવાનો જઝબો જાગૃત હોય છે, પણ ફરાગત પછી જ્યારે તેઓ અવામમાં જાય છે તો તેમના રંગમાં રંગાઈ જાય છે અને મામલો ઉલ્ટો થઈ જાય છે ! તેનું કારણ રોજી તથા પગારની સમસ્યા છે કે જે કામને પહેલાં તેઓ નાપસંદ કરતા હતા તેને હવે રાજી ખુશી પરિણામ સુધી પહોંચાડવા લાગે છે.

જેથી આપને વિનંતિ છે કે તમે પોતાની દીની દા'વતની ભાવનાને જીવંત રાખવાની કોશિશ કરો, દીની તા'લીમને રોજીનું માધ્યમ ન સમજો. અલ્લાહ તબારક વ તઆલાએ રોજીના ખૂબ જ રસ્તા પેદા કર્યા છે તેને અપનાવો. આધુનિક તા'લીમ પણ મેળવો, ટાઈમ પાસ, ગફલત અને સુસ્તી અને આરામને છોડી તાલિબે ઈલ્મીના જ સમયમાં પોતાને સાચો દાઈ અને મુબલ્લિગ બનાવો અને આ રાહમાં આવનારી મુશ્કેલીઓને સહન કરવાની ટેવ પાડી લો. કેમ કે ઈન્સાન માત્ર જઝબાતથી પોતાના હેતુ પૂરા નથી કરી શક્તો પરંતુ હેતુ પ્રાપ્ત કરવાના સિદ્ધાંતો પર અમલ કરવો જરૂરી હોય છે. જ્યારે તમે તે વાતો પર અમલ કરશો ત્યારે જ કૌમને અને પોતાને તબાહીના કિચડથી બચાવી શક્શો !

કેટલાક લોકો કહે છે કે, "સારો અને પ્રખ્યાત મુકર્રિર નહીં બોલાવીએ તો ભીડભાડ નહીં થાય, લોકો ચંદો પણ ઓછો આપશે, અને નામ પણ નહીં થાય !" આનો મતલબ એ થયો કે આ જલ્સાનો હેતુ માત્ર લોકોની ભીડ જમા કરવાનો અને રૂપિયા ભેગા કરી ખર્ચો કરવાનો છે, કૌમની સુધારણાનો હેતુ નથી ! અને જો કૌમની સુધારણાનો હેતુ છે તો એ જોવું જ ખોટું છે કે ભીડ થશે કે નહીં, જો ઓછા લોકોમાં અમુક સુધરી જાય તો એ તેના કરતાં ખૂબ જ સારું છે કે ખૂબ જ ભીડભાડ થાય અને તેમાંથી કોઈ પણ ન સુધરે ! આજે દરેક કૌમ તા'લીમના મેદાનમાં આગળ વધી રહી છે અને દરેક મઝહબના લોકો જાગી ગયા છે, તેમજ મુસલમાનના નામે તમામ ફિર્કા પોતાના મિશનને મજબૂત બનાવી રહ્યા છે પણ એક આપણે જ સુન્ની એવા છીએ કે અસલ હેતુને નેવે મૂકીને માત્ર શોરબકોર અને નફો મેળવવાની અને દૌલત પ્રાપ્ત કરવાની પાછળ પડયા છીએ. અલ્લાહ તઆલા આપણને નેક હિદાયત આપે અને ફુઝૂલખર્ચીથી બચાવે. (આમીન)

*–(અશ્રફિયા ઉર્દૂ મંથલી, મુબારકપુર, ઓક્ટો–૨૦૧૨)*

આ લેખ પરથી બોધ એ લેવાનો છે કે જલસા સમયસર વહેલા શરૂ થાય અને મુકર્રિરો વિષયવાર લોકોના અકીદાની મજબૂતી, અમલની સુધારણા થાય, બહેનો પર્દાની પાબંદ બને, યુવાનો ઈસ્લામ પ્રતિ આકર્ષાયને પુખ્તા સુન્ની બને સાથોસાથ, દાઢી વગેરેની સુન્નતો અપનાવે, નમાઝના પાબંદ બને, લોકો હરામ ધંધા, હરામ કમાઈ, ઝિનાકારી, જૂઠ વગેરેથી દૂર થાય તેવાં બયાનો થવાં જોઈએ અને જલ્સા રાત્રે જલ્દી શરૂ થઈ જલ્દી પૂરા થવા જોઈએ તો કૌમને ફાયદો થશે, નહીં તો ફાયદાને બદલે નુકસાન જાહેર છે.

# વહાબીઓના ગુરૂ
# ઈબ્ને તૈમિયહને ઓળખો !

રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન-પારખેત**
(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

**પ્યારા સુન્ની ભાઈઓ ! વહાબિયતના જન્મદાતા મુહમ્મદ ઈબ્ને વહ્હાબ નજદીના ગુરૂ એટલે ઈબ્ને તૈયમિહની પાકિસ્તાની પ્રો. તાહિરુલ ક઼ાદરી પોતે તક઼રીરોમાં ખૂબ તારીફ઼ કરે છે, તે ઈબ્ને તૈમિયહ કેવો ગુમરાહ છે તેનો સંક્ષિપ્ત ચિતાર અત્રે અહલે સુન્નતના મહાન ઉલમાની ગવાહી થકી રજૂ કરીએ છીએ.**

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીનો મઝહબી આઈડિયલ ઈબ્ને તૈમિયહ અને દાઊદ જાહેર છે. અહીં ઈબ્ને તૈમિયહ વિશે કેટલીક વાતો રજૂ કરું છું.

(૧) અલ્લામા ઈબ્ને હજર હયતમીએ ઈબ્ને તૈમિયહ વિશે લખ્યું : ઈબ્ને તૈમિયહ એક એવો વ્યક્તિ છે જેને અલ્લાહ તઆલાએ બેઈઝ્ઝત અને ગુમરાહ કર્યો, અને આંધળો, બહેરો તથા ઝલીલ કર્યો. તેનું સંપૂર્ણ વર્ણન તે ઈમામોએ કર્યું જેમણે તેની જૂઠી વાતો અને ગલત વિચારો બયાન કર્યા, જેને વિગતો જોઈએ તે ઈમામો તથા મુજતહિદોનું વર્ણન વાંચે જેમની ઈમામત, મહાનતા તથા ઈજતેહાદના મર્તબા પર સૌ એકમત છે, એટલે અબુલ હસન સુબુકી અને તાજુદ્દીન સુબુકી અને શૈખુલ ઈસ્લામ હઝરત ઈઝઝ બિન જમાઆ અને તેમના સાથીઓ તથા બીજા શાફઈ, માલિકી તથા હન્ફી ઉલમાના લખાણો વાંચે. (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) ઈબ્ને તૈમિયહએ ઉઠાવેલા વાંધા ફક્ત પાછલા અવલિયાએ કિરામ પર નથી બલ્કે તેણે ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ તથા અલી બિન અબી તાલિબ رضی اللہ عنہ જેવાઓ પર પણ વાંધા ઉઠાવ્યા જેવું કે જાહેર છે. અને વાતનો નિચોડ એ કે ઈબ્ને તૈમિયહની વાતમાં કાંઈ વજન નથી, બલ્કે ફેંકી દેવા લાયક છે. અલ્લાહ તઆલા પોતાના ઈન્સાફ દ્વારા તેની સાથે મામલો ફર્માવે અને અમને તેના જેવા તરીક઼ા, અક઼ીદા તથા અમલથી બચાવે. આમીન *(ફ઼તાવા હદીષિયા, ૮૪, દારુલફ઼િક્ર-બૈરૂત અલ્લામા ઈબ્ને હજર)*

(૨) હયતમીએ આ જ કિતાબમાં બીજી જગ્યાએ લખ્યું : ઈબ્ને તૈમિયહ અને તેના શાગિર્દો ઈબ્ને ક઼ૈયિમ જૌઝિયા વગેરેની કિતાબો તરફ ધ્યાન કરવાથી બચો, જેમણે પોતાની ઈચ્છાને (નફ઼સને) પોતાનો ખુદા બનાવી લીધો અને અલ્લાહ તઆલાએ તેમને ઈલ્મ હોવા છતાં ગુમરાહ કર્યા અને તેમના કાન તથા દિલ પર મહોર મારી દીધી અને તેમની આંખ પર પડદો નાખી દીધો, તો પછી અલ્લાહ બાદ તેમને કોણ હિદાયત આપશે ?! તે બેદીનોએ દીનની હદ ઓળંગી અને ઈસ્લામી રસમોથી આગળ વધ્યા અને શરીઅતની ચાદર ફાડીને પણ તેમણે વિચાર્યું કે પોતાના રબ તરફથી હિદાયત પર છે ! જો કે એવું નથી બલ્કે આ લોકો બદતરીન ગુમરાહી અને બુરી આદતો તથા બદનસીબી, નુકસાન અને ઘણા જ જૂઠમાં ફસાયેલા છે. અલ્લાહ તઆલા તેમના તાબેદારોને બેઈઝ્ઝત કરે અને તેમના જેવા લોકોથી જમીનને પાક ફર્માવે. *(ફ઼તાવા હદીષિયા, પેજ નં. ૧૪૪, દારુલફ઼િક્ર-બૈરૂત અલ્લામા ઈબ્ને હજર)*

(૩) ઈબ્ને તૈમિયહના સમયના કેટલાક ફાઝિલોએ કહ્યું છે : "અને હું તેમનામાંથી છું જેમણે તેની વાત સાંભળી જ્યારે તે સાલેહિયામાં જામેએ જબલના મિમ્બર પર હતો અને હઝરત ઉમર رضی اللہ عنہનો ઝિક્ર થયો તો તેણે (ઈબ્ને તૈમિયહએ) કહ્યું, બેશક ! ઉમરની ભૂલો અને આફતો છે (રાવીએ કહ્યું) અને આ કઈ આફતો છે ?! અને ઈબ્ને તૈમિયહ વિશે કેટલાક ઉલમાએ ખબર આપી કે એક બીજી મજલિસમાં હઝરત અલી رضی اللہ عنہ વિશે વાત કરવામાં આવી તો તેણે કહ્યું, હઝરતે અલીએ ત્રણ સૌથી વધુ જગ્યાઓ પર ભૂલો કરી છે. (હયતમીએ કહ્યું) "મને સમજાતુ નથી કે તને ક્યાંથી સીધો રસ્તો મળશે જ્યારે તારા વિચાર પ્રમાણે હઝરત અલી رضی اللہ عنہ તથા હઝરત ઉમર رضی اللہ عنہએ ગલતીઓ કરી છે !" *(ફ઼તાવા હદીષિયા, પેજ નં. ૮૪, દારુલફ઼િક્ર-બૈરૂત અલ્લામા ઈબ્ને હજર)*

(૪) જાણી લો કે ઈબ્ને તૈમિયહએ ઘણા મસાઈલમાં ઉલમાનો વિરોધ કર્યો છે. તાજુદ્દીન સુબુકી વગેરેએ એને લખ્યું છે. તો તે કામો જેમાં તેણે ઈજમાઅની ખિલાફ વર્તન કર્યું છે તે ઈબ્ને તૈમિયહનો કૌલ : (૧) અલૈયત્તોક઼ (મારા ઝિમ્મા પર તલાક઼)ના વિશે છે કે આ વાક્યથી તલાક઼ લાગુ નહીં પડે. બલ્કે ક઼સમનો કફ્ફારો લાગુ પડશે. (અને એનાથી પહેલાં મુસલમાનોમાંથી કોઈએ પણ કફ્ફારાનો કૌલ નથી કર્યો.) (૨) અને એ પણ કે હૈઝવાળી સ્ત્રીની તલાક઼ નહીં થાય. (૩) અને એવી જ રીતે જે દિવસોમાં સોહબત કરી તેમાં પણ તલાક઼ નહીં થાય. (૪) અને નમાઝ જ્યારે જાણી જોઈને છોડી દેવામાં આવે તો તેની ક઼ઝા નથી. (૫) અને હૈઝવાળ ીનું તવાફ કરવું જાઈઝ છે, અને તેના પર કફ્ફારો નથી. (૬) ત્રણ તલાક઼ એક તલાક઼ તરફ ફેરવી દેવામાં આવશે. (અને આ દાવો કરતા પહેલાં તે (ઈબ્ને તૈમિયહ) આના વિરૂદ્ધ (એટલે ત્રણ તલાક઼ પર) મુસલમાનોનો ઈજમાઅ નકલ કરી ચૂક્યો છે !) (૭) અને ચંગી (વેપારીઓ પાસેથી લેવામાં આવતો મેહસૂલ જે બહારથી માલ લાવવા પર લેવાય) લઈ લેવામાં આવે તો આ ટેક્ષ ઝકાતના બદલે પૂરતો છે, ભલે ઝકાતના નામ પર અથવા એના તરીક઼ા પર ન હોય. (૮) અને વહેતી વસ્તુઓની અંદર કોઈ જાનવર જેમ કે ઉંદરના મૌતથી નાપાક થશે નહીં. (૯) અને જુનુબી રાતની પોતાની નફ્લ નમાઝ, ફજરથી પહેલાં પઢી શકે છે અને તે ગુસલ કરવાની રાહ ન જુએ, ભલે શહેરમાં હોય. (૧૦) વક઼્ફ કરનારની શરત માન્ય નથી, બલ્કે જો શાફઈઓ પર વક઼્ફ કરવામાં આવ્યું તો તેને હન્ફીઓ પર ખર્ચ કરી શકાય છે, અને તેનાથી ઉલ્ટુ ક઼ાઝીઓ પર વક઼્ફ કરવામાં આવ્યું તો સૂફીઓ પર ખર્ચ કરી શકાય. (આવા જ ઉસૂલી મસાઈલમાં પણ ઈજમાઅ વિરૂદ્ધ તેના ફત્વા છે.) (૧૧) કોઈ કામનું સારું કે બુરુ હોવા વિશેનો મસ્અલો. (૧૨) ઈજમાઅનો ઈન્કાર કરનાર ન કાફિર થશે ન ફાસિક઼ (૧૩) એનો અક઼ીદો છે કે અલ્લાહ તઆલાની જાતમાં પરિવર્તન થાય છે. (જ્યારે કે રબ્બે કરીમ ઘણો બુલંદ છે તેનાથી જે આ મુન્કિર કહે છે. (૧૪) અલ્લાહ તઆલા મુરક્કબ છે અને ખુદાની જાત જેવી રીતે કુલ જુઝ (વિભાગો)નો મોહતાજ હોય છે એ રીતે મોહતાજ છે. (૧૫) અને કુર્આન ખુદાની જાતમાં હાદિષ (ફના થવાવાળુ) છે. (જ્યારે કે અલ્લાહ તઆલા એનાથી બુલંદીવાળો છે) (૧૬) અને દુનિયા "ક઼દીમ બિન્નવ્અ" (હમેશાંથી) છે. અલ્લાહ તઆલાની સાથે હમેશાં કોઈ વસ્તુ રહી છે. (ઈબ્ને તૈયમિયહએ અલ્લાહ તઆલાને મજબૂરીના વશ કોઈ કામ કરનાર ઠરાવ્યો છે, ન કે સ્વઈખ્તિયારથી કોઈ કામ કરનાર. જ્યારે કે અલ્લાહ તઆલાની શાન આનાથી ઉચ્ચ છે) (૧૭) અને ઈબ્ને તૈમિયહનું (અલ્લાહ તઆલા માટે) શરીર હોવાનું, દિશા(માં હોવાનું) અને એક સ્થળેથી બીજા સ્થળે જવાને માનવું. (૧૮) અને એ પણ કે અલ્લાહ તઆલા અર્શની બરાબર છે, ન તેનાથી નાનો છે ન મોટો છે. (અલ્લાહની શાન આ બુરા ઉઘાડા સ્પષ્ટ કુફ્રી આક્ષેપોથી પાક તથા અતિ બુલંદ છે. અલ્લાહ તઆલા ઈબ્ને તૈયમિયહ્ તથા તેના તાબેદારોને ઝલીલ કરે અને તેના અક઼ીદતમંદોના સંગઠનને વિખેરી નાખે.) (૧૯) અને ઈબ્ને તૈમિયહએ કહ્યું કે જહન્નમ ફના થઈ જશે. (૨૦) અને અંબિયાએ કિરામ માસૂમ નથી. (૨૧) અને હુઝૂર ﷺનો કોઈ (ખાસ) મર્તબો નથી અને તેમનો વસીલો પણ ન લઈ શકાય (૨૨) અને ઝિયારતની નિય્યતથી નબીએ કરીમ ﷺના મઝાર તરફ સફર કરવો ગુનો છે, આ સફરમાં નમાઝ "કસ્ર" પઢવામાં નહીં આવે. અને (હયતમી કહે છે : ઈબ્ને તૈમિયહ મેહરૂમ થશે તે દિવસે જ્યારે તેને શફાઅતની જરૂર હશે. (૨૩) અને તૌરાત તથા ઈન્જીલમાં ફેરબદલ ન થયો. બલ્કે તેનો મતલબ બદલી નાખવામાં આવ્યો. *(ફતાવા હદીષિયા, પેજ નં. ૮૫, દારુલફિક્ર-બૈરૂત અલ્લામા ઈબ્ને હજર)*

અને જેમના પર ઈબ્ને તૈમિયહએ હુમ્લાઓ કર્યા તે વલી તથા કુતુબ આરિફ બિલ્લાહ અબુલ હસન શાઝલી છે, (અલ્લાહ તઆલા તેમના ઈલ્મથી આપણને માલામાલ કરે) જેવી રીતે તેણે (ઈબ્ને તૈમિયહએ) મુહયુદ્દીન ઈબ્ને અરબી અને ઈબ્ને ફારિઝ તથા ઈબ્ને સબ્ઈન (વિસાલ : હિ.સ. ૬૬૯)ના વિશે બકવાસ કર્યો અને તેણે મન્સૂર બિન હલ્લાજ વિશે પણ વાંધાજનક વર્ણનો કર્યા તથા ઈસ્લામના અકાબિર અવલિયા પાછળ પડયો, ત્યાં સુધી કે તેના સમયના ઉલમા તેના પર તૂટી પડયા, તો કેટલાકે તેને **ફાસિક઼** કહ્યો અને કેટલાકે **બિદઅતી** અને વધુ પડતા ઉલમાએ તેને **"કાફિર"** ઠરાવ્યો. *(ફતાવા હદીષિયા, પેજ નં. ૮૫, દારુલફિક્ર-બૈરૂત, અલ્લામા ઈબ્ને હજર)*

# મદ્રસાના તલબાને તાલીમ સંબંધી નસીહતો

રજૂ : **મૌલાના અલ્તાફ હુસૈન મિસ્બાહી કુરચનવી** *(ઉસ્તાદ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈસ્લામી મદ્રસાઓમાં નવા તાલીમી વર્ષની શરૂઆત થઈ ગઈ છે. બે મહિનાના લાંબા વેકેશન પછી મદ્રસાઓમાં રોનક ફરીથી આવી ગઈ. તલ્બાના કાફલા પોતાની ઈલ્મી પ્યાસ બુઝાવવા માટે 'માદરે ઈલ્મી'ની સુંદર છાયામાં પહોંચી ગયા છે અને વર્તમાન તાલીમી વર્ષમાં કાંઈક નવુ કરવાના ઉમંગો એમના દિલોમાં જોશ મારી રહ્યા છે.

મદ્રસાઓમાં પ્રચલિત આલિમ કલાસના નવ વર્ષનો કોર્સ વિદ્યાર્થીઓની તાલીમ તર્બિયત અને એમની શખ્સિયતના નિર્માણ માટે કેટલી હદે ફાયદામંદ તથા લાભદાયક છે એનો આધાર મદ્રસાઓના શૈક્ષણિક બંધારણ તથા તલ્બાની જાત અને લગન પર છે. તાલિબે ઈલ્મની શ્રેષ્ઠ તાલીમ તથા તર્બિયતમાં મદ્રસાઓના અસરકારક શૈક્ષણિક બંધારણની સાથે સાથે તાલિબે ઈલ્મની વ્યક્તિગત દિલચસ્પી અને મહેનતનો ઘણો રોલ રહેલો છે. જે વિદ્યાર્થીઓ પોતાના ધ્યેય તથા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ ન હોય બલ્કે માત્ર મદ્રસાની ચાર દિવારમાં નવ વર્ષની જિંદગી ગુજારી લેવી પોતાના માટે કાફી સમજે તેઓ કદાપિ સફળ નથી થઈ શક્તા. કામયાબ વિદ્યાર્થીના માટે જરૂરી છે કે સંપૂર્ણ વ્યવસ્થાપૂર્વક પોતાનું તાલીમી વર્ષ પસાર કરે અને પોતાનો ધ્યેય નિશ્ચિત કરી યોજનાપૂર્વક એને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરતો રહે. અહીંયા મદ્રસાઓના વિદ્યાર્થીઓ માટે થોડાક માર્ગદર્શનીય નિયમો રજૂ કરવામાં આવે છે જેના પર અમલ કરી તાલિબે ઈલ્મ પોતાના શૈક્ષણિક વર્ષને ફાયદામંદ તથા લાભદાયક બનાવી શકે છે.

**ધ્યેય પર નજર** : તાલિબે ઈલ્મનો મદ્રસામાં આવવાથી હેતુ માત્ર શ્રેષ્ઠ શિક્ષણ અને પોતાની શખ્સિયતમાં નિખાર પેદા કરવું છે, પણ અફસોસની વાત છે કે અમુક વિદ્યાર્થીઓ મદ્રસામાં આવ્યા પછી આ મહત્વપૂર્ણ મક્સદને ભૂલી જાય છે જેથી એમનો વધારે પડતો કિંમતી સમય ગૈરતાલીમી પ્રવૃતિઓમાં ખર્ચ થાય છે. આવા વિદ્યાર્થીઓ માટે દર્સગાહોમાં ગેરહાજરી કરવી, કોર્સની કિતાબો પ્રતિ બેદરકારી તથા કલાસ (દર્સ)ના સમયે બિનજરૂરી કામોમાં વ્યસ્ત રહેવું એક મામૂલી વાત છે. આવા વિદ્યાર્થી ન માત્ર ઈલ્મ તથા હુનર (ટેકનિક)થી અપરિચિત રહે છે બલ્કે ઈદારા (સંસ્થા) માટે પણ બદનામીનો સબબ બને છે. જ્યાં સુધી તાલિબે ઈલ્મ પોતાના ધ્યેયને નક્કી કરી એને પ્રાપ્ત કરવા માટે હમેશાં પ્રયત્નશીલ નહીં રહે ત્યાં સુધી એનાથી કામયાબીની ઉમ્મીદ નથી રાખી શકાતી.

**સમયની પાબંદી** : શૈક્ષણિક વર્ષને સારું તથા બામક્સદ બનાવવા માટે જરૂરી છે કે દરેક તાલિબે ઈલ્મ પોતાના કામકાજનું એક ટાઈમ ટેબલ તૈયાર કરે જેમાં રાત દિવસનાં કામોનો સમય નિશ્ચિત હોય અને ત્યાર પછી એના ઉપર સખ્તીથી અમલ પણ કરવામાં આવે. આનાથી જેવી રીતે દરેક કામ પોતાના સમય પર પાબંદીથી સમાપ્ત થશે તેવી જ રીતે તાલિબે ઈલ્મને સમય બર્બાદ કરવાનો અવસર પણ નહીં મળે. આજે આપણા મદ્રસાઓમાં તલ્બા પોતાનો કિંમતી સમય કેટલી બેદર્દીથી બર્બાદ કરે છે તે કોઈથી છુપુ નથી, ન અભ્યાસનો સમય નિશ્ચિત અને ન સૂવા જાગવાનો સમય ! જો કે એક તાલિબે ઈલ્મ પર પોતાના સબક વિશે એટલી બધી

જવાબદારી લાગુ પડે છે કે જો તે જિમ્મેદારીઓને સારી રીતે નિભાવે તો ક્યારેય પણ બિનજરૂરી કામ માટે સમય ન મળે.

**દર્સિયાત પર ખાસ ધ્યાન** : તલ્બા પોતાનો વધારે પડતો સમય કોર્સની કિતાબોના અભ્યાસમાં ખર્ચ કરે અને દરેક દિવસનો સબક઼ હલ કરી એ જ દિવસે યાદ કરી લેવાની આદત બનાવે. જો તલ્બા એવું વિચારી સબક઼ યાદ નહીં કરે કે પરીક્ષા આવશે ત્યારે યાદ કરીશું તો તેઓ ખરેખર ભૂલમાં છે. આ સિલસિલામાં જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہની નસીહત ઘણી મહત્વપૂર્ણ છે જે આપ તલ્બાની મહેફિલમાં કરતા હતા. આપ કહેતા હતા કે, "દરેક તાલિબે ઈલ્મ પર પોતાના સબક઼ વિશે ત્રણ અગત્યની જિમ્મેદારીઓ લાગુ પડે છે. **પહેલી** એ કે તાલિબે ઈલ્મ દર્સગાહમાં હાજરી દેતા પહેલાં પોતાના સબક઼નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે અને સબક઼ને પોતે હલ કરવાની કોશિશ કરે. **બીજી** એ કે દર્સગાહમાં ઉસ્તાઝની તક઼રીર સંપૂર્ણ એકગ્રતા તથા દિમાગ હાજર રાખી સાંભળે અને **ત્રીજી** એ કે પોતાની ક઼યામગાહ પર પહોંચી ઉસ્તાઝના પઢાવેલ સબક઼નું પુનરાવર્તન કરે અને જે વાતો સમજવાથી રહી ગઈ છે તેના વિશે બીજા દિવસે પોતાના ઉસ્તાઝથી પૂછે. દરેક સબક઼માં તાલિબે ઈલ્મની આ જ પધ્ધતિ હોવી જાઈએ. સ્પષ્ટ છે કે જે તાલિબે ઈલ્મ પોતાના કોર્સની સર્વ કિતાબોની આ ત્રણેય જિમ્મેદારીઓને સારી રીતે નિભાવશે તો તે કોઈપણ વિષયમાં કમજોર નહીં રહે.

**કોર્સ બહારની કિતાબો તથા મેગેઝિનોનો અભ્યાસ** : સદા આ વાત યાદ રહેવી જોઈએ કે દર્સે નિઝામીનો કોર્સ એ હેતુથી તૈયાર કરવામાં આવ્યો છે કે તલ્બા એનાથી જરૂરી ઉલૂમના ક઼ાનૂનોથી પરિચિત થઈ જાય. માટે કોર્સની કિતાબોને સર્વ કાંઈ સમજી ગૈરનિસાબી (કોર્સ બહારની) કિતાબોથી સંપૂર્ણ રીતે વંચિત રહેવું બરાબર નથી. તાલિબે ઈલ્મ પર અનિવાર્ય છે કે પોતાના અભ્યાસને વિસ્તૃત કરવા માટે કોર્સની કિતાબો સિવાય અન્ય અગત્યના વિષયો પર લખાયેલ લાભદાયક કિતાબોનું વાંચન કરે. તદ્‌ઉપરાંત એક કામયાબ આલિમ માટે જમાનાના હાલાતથી પણ પરિચિત રહેવું જરૂરી છે, માટે આપણા તલ્બાએ તાલિબે ઈલ્મીના જમાનાથી જ પેપરો, મેગેઝિનોના વાંચનની આદત રાખવી જોઈએ અને સમાજમાં, વિશ્વમાં ઉપસ્થિત થતા વિવિધ મસાઈલનો અભ્યાસ કર્યા પછી પોતાનું મંતવ્ય રજૂ કરે. આ પ્રમાણે જેવી રીતે તાલિબે ઈલ્મના નોલેજમાં વધારો થશે તેવી જ રીતે ચિંતન શક્તિ પણ વિકાસ પામશે.

**લેખિત અભ્યાસ** : એ વાત સ્પષ્ટ છે કે આ લિટરેચરનો જમાનો છે, હવે આપણા દુશ્મનોને તલ્વારથી વધારે ક઼લમથી નુકશાન પહોંચાડી શકાય છે. દીનની દાવત તથા તબ્લીગ અને પોતાના અક઼ાઈદને બીજા સુધી પહોંચાડવા માટે ક઼લમથી વધારે અસરકારક બીજુ કોઈ હથિયાર નથી. માટે એક આલિમ માટે ઉલૂમો ફુનૂનના જ્ઞાન સાથે તહરીર (લેખન)નું મજબૂત જ્ઞાન હોવું પણ જરૂરી છે. એ ત્યારે શક્ય છે જ્યારે કે તાલિબે ઈલ્મીના જમાનાથી જ લેખનકળા પર ખાસ ધ્યાન આપવામાં આવે. તલ્બા પર જરૂરી છે કે તહરીરી મશ્ક (લેખન પ્રેક્ટિસ) માટે તકરીરી અંજુમોનોની જેમ તહીરીરી અંજુમનોનું પણ આયોજન કરે અને સંપૂર્ણ મહેનત સાથે અંજુમનોમાં ભાગ લેવાનો સિલસિલો જારી રાખશે તો ખરેખર સારું પરિણામ જોવા મળશે.

**અમલની ઈસ્લાહ** : તાલિબે ઈલ્મ માટે જેવી રીતે મદ્રસાઓની હવામાં રહી ઈલ્મ પ્રાપ્ત કરવું જરૂરી છે તેવી જ રીતે પોતાના અમલ તથા ચરિત્રને સુધારવું પણ અનિવાર્ય છે. આપણા મદ્રસાઓમાં તાલીમી બંધારણ મજબૂત કરવા માટે પ્રયત્ન થતા રહે છે પણ તર્બિયત માટે કોઈ પ્રોગામ નથી રજૂ કરવામાં આવતો. વાસ્તવમાં આ માત્ર તાલિબે ઈલ્મની જાત મહેનત પર આધારિત છે, જો તાલિબે ઈલ્મ અખ્લાક઼ તથા ચરિત્રને સુધારવા માટે પોતાને સક્ષમ કરી લે તો આજે પરિવર્તન આવી શકે છે.

*(અશરફિયા ઓક્ટોબર–૨૦૧૨)*

# તર્કે તક્લીદ ઔર ગૈરમુક્લ્લિદીન કે ઈજ્તેહાદી મસાઈલ

અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી** *(સદર મુફ્તી : જામિઆ અશ્રફિયા—મુબારકપુર)*

મુહક્કિકે મસાઈલે જદીદા **હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી સાહબ** مدظلہ العالی એ મુંબઈ ખાતે **"સુન્ની દા'વતે ઈસ્લામી"** થકી **"ઈસ્લાહે ફિક્રો એ'તેકાદ ઔર યાદગારે ઈમામ અહમદ રઝા"** નામથી ગયા વરસે આયોજીત ઈજતેમામાં સરળ સાદી ભાષામાં ગૈર મુક્લ્લિદોની રદમાં ઈમાન અફરોઝ લાજવાબ બયાન કર્યું હતું તેને અત્રે "બરકાતે ખ્વાજા" (માસિક)ના વાંચકોના ઈમાનની પુખ્તગી માટે રજૂ કરીએ છીએ. *—તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهٖ سَیِّدِالْمُرْسَلِیْنَ وَعَلٰی اٰلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِیْنَ ــ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ ـ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ ـ اَطِیْعُوا اللّٰهَ وَ اَطِیْعُوا الرَّسُوْلَ وَاُولِی الْاَمْرِ مِنْكُمْ ـ صَدَقَ اللّٰهُ الْعَظِیْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِیُّ الْاَمِیْنُ الْكَرِیْمُ ـ وَنَحْنُ عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیْنَ وَالشَّاكِرِیْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِیْنَ

હઝરાત ! હમારા ઔર આપકા તઅલ્લુક્ હમેશાસે સવાલો જવાબ કા રહા હે લેકિન આજ એક દુસ્રી હેસિયતસે હમ ઔર આપ આપસમેં એક દુસરેસે ગુફતગૂ કરને કે લિએ હાઝિર હૈં. બાતેં જો હોગી ઈન્શાઅલ્લાહુ તઆલા બિલ્કુલ સીધે સાદે અલ્ફાઝમેં હોગી. કિસી કી દિલ આઝારી મક્સૂદ (દિલ રંજાડવાનો હેતુ) નહીં હય, હમ લોગોં કા કામ હે દીન કી બાતેં લોગોં તક પહૂંચા દેના. ઉસી કામ કે લિએ ઉલમાએ કિરામ કા યહ મુક્દસ કાફલા આપ કે શહરમેં ઉતરા હે, હમેં ન કિસી કી દિલ આઝારીસે મતલબ હે ઔર ન હી કિસી કો કોઈ સખ્ત સુસ્ત બાત કહની હે. કુછ બાતેં ઈખ્તેસાર કે સાથ (ટૂંકમાં) કુર્આને હકીમ ઔર અહાદીષે નબવિય્યહ કી પેશ કી જાએગી. મુમ્કિન હે કુછ વજહસે બાઝ લોગોં કી નિશાન્દેહી કી કરની પળે વો નિશાનદેહી કી હદ તક હે. આઈયે ગુફતગૂસે પહલે તાજદારે બની આદમો આલમ ફિદાક ઉમ્મીઓ અબી મુહમ્મદ મુસ્તફા ﷺકી બારગાહે બેકસ પનાહમેં બુલંદ અવાઝસે દુરૂદે પાક કા હદિયા નિછાવર કરેં ઔર પળ્હેં. (દુરૂદ શરીફ)

## ★ તક્લીદ કરના કુર્આન કી ઈતાઅત કરના હૈ ★

.....હમેં ગુફતગૂ કે લિએ આજ મૌઝૂઅ દિયા ગયા હે, "તર્કે તક્લીદ ઔર ગૈર મુક્લ્લિદીન કે ઈજતેહાદી મસાઈલ" હમને અભી જો આયતે કરીમા ઉસૂલે બરકત કે લિએ તિલાવત કી હે સબસે પહલે હમ ઉસ્કા મફહૂમ બયાન કર દેં. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માતા હે, اَطِیْعُوا اللّٰهَ وَ اَطِیْعُوا الرَّسُوْلَ وَاُولِی الْاَمْرِ مِنْكُمْ "અય ઈમાનવાલો ! હુકમ માનો અલ્લાહ કા ઔર હુકમ માનો રસૂલ કા ઔર ઉલૂલ અમ્ર કા." *(સૂરએ નિસાઅ, આયત : ૫૯)* ઉલૂમ અમ્ર" કૌન લોગ હૈં ? હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما જિન કે બારે મેં હુઝૂર ﷺને યહ દુઆ ફર્માઈ : اَللّٰهُمَّ عَلِّمْهُ الْكِتَابَ "અય અલ્લાહ ! ઈસે કિતાબુલ્લાહ કા કુર્આન કા ઈલ્મ અતા ફર્મા." ઈસી લિએ ઉન્કો સૈયદુલ મુફસ્સિરીન કહા જાતા હે. વો ફર્માતે હૈં : "ઉલૂમ અમ્ર" સે મુરાદ ફુક્હા મુજતહિદીન હૈં. ઈસ તરીકા સે ઈસ આયતે કરીમા કા મફહૂમ હુવા, "ઈતાઅત કરો અલ્લાહ કી ઔર ઈતાઅત કરો રસૂલ કી ઔર ફુક્હા કી." યહ તીન બાતોં કા હુકમ વાજેહ લફ્ઝોંમેં

દિયા ગયા હૈ. કિતાબુલ્લાહ પર અમલ યહ અલ્લાહ કા હુકમ માનના હૈ ઔર અલ્લાહ કી ઈતાઅત. સુન્નતે રસૂલુલ્લાહ પર અમલ, હદીષે નબવી પર અમલ યહ રસૂલે ગિરામી વકાર ﷺ કી ઈતાઅત હય, ઈત્તેબાઅ હય, આપ કા હુકમ માનના હય. ઔર ફુકહાએ મુજતહિદીન કે ઈજતેહાદી મસાઈલ પર અમલ યહ કયા ચીઝ હૈ ? તો કુર્આન જિસ કો ઈતાઅત કહતા હૈ હમ ભી ઉસ્કો ઈતાઅત કહતે હૈં. મગર આમ બોલચાલમેં ઈસી કો હમ લોગ તક઼લીદ કહતે હૈં. તો ચાહે આપ અપની બોલ ચાલમેં ઉસે તક઼લીદ કહેં યા કુર્આને હકીમ કે અલ્ફાઝમેં ઉસે ઈતાઅત કહેં દોનોં એક હૈ દોનો યકસાં હૈં. *(ઈતાઅત = આજ્ઞાપાલન, ઈત્તેબાઅ = અનુસરણ)*

ઈત્તેબાઅ ભી કહ સક્તે હૈં, ઈતાઅત ભી કહ સક્તે હૈં, તક઼લીદ ભી કહ સક્તે હૈં. યહ તીન ચીઝેં ક્યૂં હૈ ? દેખિયે, મામલા યહ હૈ કિ બહુત સે અહકામ શરીઅત કે ઐસે હૈં જો કિતાબુલ્લાહમેં વાજેહ અલ્ફાઝ (સ્પષ્ટ શબ્દો)મેં બયાન કર દિયે ગયે હૈં, તો ફર્ઝ હૈ કે ઉન પર ઉસી તૌર પર અમલ કિયા જાએ. બહુતસે અહકામ વો હૈં જો કિતાબુલ્લાહમેં તો નહીં મિલતે હૈં. કિતાબુલ્લાહમેં સબકુછ હૈ હમ, પાતે નહીં હૈ : مَا فَرَّطْنَا فِي الْكِتٰبِ مِنْ شَيْءٍ *(અમે આ કિતાબમાં કાંઈ ઉઠાવી ન રાખ્યું.–સૂરએ અન્આમ્, આયત : ૩૮)* કુર્આને પાકમેં તો સારે હી ઉલૂમ હૈં લેકિન હમારી અક઼લેં, લોગોં કી અકલેં ઉન તમામ મફાહિમ કો, ઉન તમામ બારીકિયોં કો સમઝનેસે આજિઝ હૈ. ઈસ લિએ ઐસે મૌકે પર હદીષે રસૂલુલ્લાહ કા સહારા લિયા જાતા હૈ. હદીષે રસૂલુલ્લાહ મેં જો અહકામ વાજેહ તૌર પર બયાન કર દિયે ગયે હૈં વહાં લાઝિમ હૈ કે ઉન અહાદીષે નબવિય્યહ કે મુતાબિક઼ અમલ કરેં ઔર હમ ઝિંદગી ગુઝારેં. લેકિન ઈસ દુન્યામેં નિત નયે મસાઈલ પયદા હોતે રહે હૈં, હો રહે હૈં ઔર ક઼યામત તક હોતે રહેંગે, ઉન સારે નવપયદા મસાઈલ કે જવાબાત વાજેહ લફ્ઝોંમેં કિતાબુલ્લાહમેં નહીં મિલતે, હદીષે રસૂલુલ્લાહમેં નહીં મિલતે, તો કયા લોગોં કો આઝાદ છોળ દિયા જાએ કે વો જૈસે ચાહેં આપની ઝિંદગી ગુઝારેં ?! ઐસા નહીં હૈ. કુર્આન ફર્માતા હૈ કે ઈન્સાન આઝાદ નહીં છોળા ગયા. ઈસલિયે ઐસે મૌકે પર કુર્આને પાકને હમેં હુકમ દિયા હૈ કે, ''ઉલૂલ અમ્ર'' યઅની ફુક઼હાએ મુજતહિદીન કી ઈતાઅત કરો.

## ★ મુજતહિદીન કા મર્તબા કુર્આન કી રોશનીમેં ★

યહ ફુક઼હાએ મુજતહિદીન કૌન હૈં ? યહ લોગ કિતાબુલ્લાહ ઔર સુન્નતે રસૂલુલ્લાહ કે માહિર હૈં. જૈસે એક સમંદર કા ગોતાખોર (મરજીવો) હો, ગોતા ખોરી કા માહિર હો કે કૂદ જાતા હૈ સમંદરમેં ઔર ઉસ્કી ગહરાઈ તક પહોંચકર સચ્ચે મોતી નિકાલ લાતા હૈ. યહ હર શખ્સ કે બસ કી બાત નહીં. બિલા તશ્બીહ વ તમ્ષીલ યહ ફુક઼હાએ મુજતહિદીન ઉસસે બળે માહિર હૈં. જો કિતાબુલ્લાહ કે અહકામ ઔર સુન્નતે રસૂલુલ્લાહ કે અહકામ કે સમંદરમેં ગોતા લગાતે હૈં ઔર ઉસ્કી હક઼ીક઼ી રૂહ તક પહુંચકર કે અહકામ કે સચ્ચે મોતી નિકાલ કર લાતે હૈં. ઔર ફિર અલ્લાહ તઆલા હમ કો હુકમ દેતા હૈ યહ મુજતહિદીન કિતાબ વ સુન્નતસે જો મસાઈલ અખ્ઝ કર કે, જો મસાઈલ નિકાલ કર કે બયાન કર કે તુમ કો બતાએં, અબ તુમ ઉસ પર અમલ કરો. જો મસ્અલા કિતાબુલ્લાહમેં વાજેહ તૌર પર મિલ ગયા ઉસ પર અમલ કરેંગે, હદીષે રસૂલુલ્લાહ મેં વાજેહ લફ્ઝોંમેં મિલ ગયા ઉસ પર અમલ કરેંગે ઔર જો મસ્અલા નહીં મિલ રહા હૈ તો ઐસે મૌકે પર અલ્લાહ તઆલા કા હુકમ હૈ કે અબ તુમ ફુક઼હા વ મુજતહિદીન કી તરફ રુજૂઅ કરો.

ઐસા હુકમ કુર્આને પાકમેં એક જગા નહીં દસિયોં મક઼ામાત પર હૈ. ઉન સબ કા એહાતા (એક સ્થળે જમા) ઈસ વક઼ત નહીં કરેંગે. લેકિન એક આયતે કરીમા ઔર સુન લિજીએ. અલ્લાહ તબારક વ તઆલા એક દુસ્રે મક઼ામ પર કુર્આને હકીમમેં ઈર્શાદ ફર્માતા હૈ : فَاسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ *(સૂરએ નહ્લ, આયત : ૪૩)* ''જો મસ્અલા તુમ્હેં મા'લૂમ નહીં વો અહલે ઝિક્રસે પૂછ લો.'' અહલે ઝિક્રસે મુરાદ કયા હૈ ? યહ વહી ફુક઼હાએ દીન હૈં જિન કા ઝિક્ર

અલ્લાહ તબારક વ તઆલાને "ઉલૂલ અમ્ર" કે લફ્ઝસે કિયા ઔર ઈસ્કે લિએ અલ્લાહ તઆલાને તરગીબ ભી દી હે કે ફિક્હે દીન હાસિલ કરો ઔર કૌમ કો ફિક્હે દીન હાસિલ કર કે ડરાઓ ! :–

فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْآ اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ

*(સૂરએ તૌબા, આયત : ૧૨૨)* અલ્લાહ તઆલા ફર્માતા હે કે ઐસા ક્યૂં ન હુવા કે તુમમેં એક ગિરોહ નિકલ જાતા, બાહર નિકલ જાતા તા કિ બાહર જાકે દીન કી ફિક્હ હાસિલ કરતા, ફકીહ બન જાતા, ફકીહે દીન બન જાતા, ફુકહા બન જાતા. યહ ફકીહ બનને કા હુકમ ક્યૂં અલ્લાહ તઆલા દે રહા હે ? ફુકહા બનને કા હુકમ ક્યૂં અલ્લાહ તઆલા દે રહા હે ? તો અલ્લાહ તબારક વ તઆલા ખૂદ ઉસ્કી હિકમત ભી ઉસ્કે બાદ હી બયાન ફર્માતા હે :– لِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْآ اِلَيْهِمْ તા કે યહ ફુકહા જબ ફિક્હે દીન હાસિલ કર કે વાપસ આએં તો લોગોં કો ડરાએં. કૈસે ડરાએંગે ?! દીન કે અહકામ બતાએંગે કે યહ હરામ હે ઈસસે બચના, યહ મકરૂહે તહરીમી હે ઈસસે બચના, યહ નાજાઈઝ હય ઈસસે બચના. યહ અલ્લાહ તઆલા કા હુકમ હે ઈસ કે મુતાબિક અમલ કરના, ઈસ કે ખિલાફ વર્ઝી (વિરુદ્ધ વર્તન) ન કરના વરના ગુનહગાર હો જાઓગે, જહન્નમ કે સઝાવાર વ હક્કદાર હો જાઓગે, યહી હે ડરાના ! તો અલ્લાહ તબારક વ તઆલા ફકીહ બનને કા હુકમ ભી દે રહા હેં, ઉભાર રહા હે, તરગીબ દે રહા હે, ક્યૂં નહીં ઐસા હુવા કે તુમમેં કા એક ગિરોહ જાતા, કૂચ કરકે જાતા, સફર કર કે જાતા ઔર ફુકહાએ દીન બન જાતા તા કિ વાપસ આકર કે લોગોં કો ડરાતા, અહકામ બતાતા.

ઔર દૂસરી જગહ હમેં હુકમ દિયા ગયા કે "ઉલૂલ અમ્ર" કી ઈતાઅત કરો. ઈસ કા મતલબ ક્યા હે ? યહ ફુકહા જબ ફુકહાએ દીન બનકર વાપસ આએં તો યહ લોગ જો કુછ તુમ્હેં બતાએં ઉનકા મર્તબા "ઉલૂલ અમ્ર" કા હે. લેહાઝા જો યહ બતાએં ઉન્કી ઈતાઅત (આજ્ઞાપાલન) કરો. ઔર અગર કોઈ મસ્અલા ઐસા આ ગયા કે વો તુમ્હારે પાસ પહોંચ નહીં પા રહે હૈં કે તુમ કો બતાએં તો فَاسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ તુમ ખૂદ જાવ ઉન્કી બારગાહમેં, ઉનસે મસ્અલા પૂછ લો ઔર જો વો બતાએં ઉસ્કે ઉપર અમલ કરો.

યહ હે કુર્આને પાક કી ચંદ આયતેં જિનસે વાજેહ તૌર પર બતાયા જાતા હે કે કુર્આને પાક હમેં ક્યા હુકમ દેતા હૈં. ગરઝ કે ઈસ આયતમેં અલ્લાહ તઆલાને હમેં કઈ બાતોં કા હુકમ દિયા ? (૧) અલ્લાહ કી ઈતાઅત કા હુકમ (૨) રસૂલ عليه الصلوٰة والسلام કી ઈતાઅત કા હુકમ (૩) ફુકહાએ મુજતહિદીન કી ઈતાઅત કા. કઈ હુએ ? તીન ! મગર ઈસી દુન્યામેં કુછ આઝાદ લોગોં કા તબકા ભી હે. એક તબકા કહતા હે કે કુર્આન હમારે લિએ કાફી હે, હદીષ કી કયા ઝરૂરત ઔર ફિક્હ કી ક્યા ઝરૂરત ?! વો મુકમ્મલ આઝાદ હો ગયા, યહ લોગ અપને આપ કો "અહલે કુર્આન" કહતે હૈં. ઔર એક દુસરા તબકા હે ઉન્હોંને સોચા કે અગર ઐસા હુવા તો બદ્નામી હો જાએગી ! ક્યૂં કે હદીષે રસૂલ ભી તો હૈં. તો ઉન્હેંને કહા, હમ કુર્આન ભી માનેંગે, હદીષે રસૂલ ભી માનેંગે, રહે "ઉલૂલ અમ્ર" ફુકહા, મુજતહિદીન, ફિક્હ ઉસ્કી કોઈ ઝરૂરત નહીં હે, કુર્આન ઔર હદીષસે કામ ચલ ગયા, અબ ફુકહાએ દીન કી કોઈ ઝરૂરત નહીં. ઈન્હોંને ભી કુછ અમલ કિયા હે ઝરૂર મગર દો હદ તક. હમ ઉન્કો "ગૈર મુકલ્લિદ" કહતે હૈં ઔર વો અપને આપકો "અહલે હદીષ" કહતે હૈં.

## ★ ફૈસલા કિજીયે, હક્ક પર કૌન ?! ★

લેકિન ! ઈસી ઉમ્મત કા જો બળા તબકા હે ઔર હમેશાસે કુર્આને પાક પર ઔર હદીષે નબવી પર અમલ કરતા રહા હે, વો તબકા હમેશાસે કુર્આને પાક કે તીનો અહકામ પર અમલ કરતા રહા હે. કિતાબુલ્લાહ કે પહલે ફર્માન પર ભી અમલ કિયા : اَطِيْعُوا اللّٰهَ (અલ્લાહ કા હુકમ માનો), કુર્આને પાક કે દુસરે ફર્માન પર ભી અમલ કિયા :

وَ اَطِیْعُوا الرَّسُوْلَ (રસૂલ કા હુકમ માનો), ઔર તીસરે ફર્માન પર ભી અમલ કિયા : وَاُولِی الْاَمْرِ مِنْکُمْ (ઉલિલ ઉમ્ર), ઔર મુસલમાન કૌન હૈ ? હમ કિસી પર હુકમ નહીં દેતે હૈં, હમ સિર્ફ પળ્હ પળ્હ કર સુનાએંગે, હમારા કામ હૈ અર્ઝ કર દેના, આપ કા કામ હૈ ફૈસલા દેના. યહ ઝરૂરી નહીં કે આપ ખળે હોકર ફૈસલા સુનાએ. અપને દિલમેં ફૈસલા કર લેં ઔર ફિર જો હક્ક્ હો ઉસ પર અમલ કરેં, જો બાતિલ હો ઉસ્કા સાથ છોળ દેં.

અલ્લાહ તઆલા ફર્માતા હૈ : اَفَتُؤْمِنُوْنَ بِبَعْضِ الْکِتٰبِ وَتَکْفُرُوْنَ بِبَعْضٍ "ક્યા તુમ લોગ કિતાબુલ્લાહ કે બાઝ હિસ્સા પર અમલ કરતે હો ઔર બાઝ હિસ્સાસે કુફ્ર કરતે હો, ઈન્કાર કરતે હો ?!" *(સૂરએ બક્રરહ–૮૫)* જો લોગ અપને આપ કો અહલે કુર્આન કહતે હૈં ઉન્હોંને ઈસ આયતે કરીમા કે એક ટુકળે પર અમલ કિયા ઔર દો ટુકળોં કો છોળ દિયા. ઔર જો લોગ અપને આપકો "અહલે હદીષ" કહતે હૈં ઉન્હોંને આયતે કરીમા કે દો ટુકળોં પર અમલ કિયા ઔર તીસરે ટુકળેકો છોળ દિયા. ઔર જો લોગ સચ્ચે મુસલમાન હૈં **અહલે સુન્નત વ જમાઅત,** અહલે હક્ક્ વો કુર્આને પાક કી ઈસ **આયતે કરીમા કે તીનોં ટુકળોં પર અમલ કરતે હૈં.** ફૈસલા કિજીએ કે હક્ક્ પર કૌન હૈ બાતિલ પર કૌન હૈ ?!

### ★ વહાબિયત કા આગાઝ કહાં સે હુવા ? ★

અચ્છા ! એક સવાલ હૈ કે યહ લોગ તર્કે તક્લીદ ક્યૂં (તક્લીદ પર અમલ ક્યૂં નહીં) કરતે હૈં ? એક ઔર સવાલ હૈ કે યહ તીન દરજે અલ્લાહ તઆલાને ક્યોં રખ્ખે ? ઈસ કી હમને વજાહત કર દી હૈ ઔર અભી હમ ઈસ કે તઅલ્લુક્સે મજીદ એક હદીષે પાક ભી ઈખ્તેસાર સે (ટૂંકમાં) પળ્હેંગે. યહ લોગ કહતે હૈં કે, "તક્લીદ કરના શિર્ક હૈ." યહ શિર્ક આયા કહાંસે જાનતે હૈં ?! હમારે ઈસ મઆશરે કા એક મૌઝૂઅ હૈ "વહાબિયત કા આગાઝ." તો હમ થોળા સા ઈસકે આગાઝ (શરૂઆત) કી તરફ ભી ઈશારા કર દેં ઔર અંજામ જો હૈ સલામ પર માલૂમ હો જાએગા, ઈન્શાઅલ્લાહુ તઆલા. આગાઝ ઈન કા કહાંસે હુવા? તો સુબૂત ઈનકા બહુત આગેસે હૈ લેકિન ઈનકા ઝુહૂર કહાંસે હુવા તો ખૂદ છુપે તો પહલે સે થે લેકિન કબ ઝાહિર હુએ ? જંગે સિફ્ફીનમેં જબ મૌલાએ કાઈનાત હઝરત અલી رضی اللہ عنہ ને ઔર હઝરત અમીરે મુઆવિયહ رضی اللہ عنہ ને ઈસ બાત પર ઈત્તેફાક્ કર લિયા કે દોનોં તરફસે હકમ મુક્રર્રર કર લિયા જાએ ઔર હકમ જો ફૈસલા કર દે ઉસી કે મુતાબિક્ દોનોં ફરીક્ અમલ કરેં. તો હઝરત મૌલાએ કાઈનાત કે સાથ કુછ ગરબળી લોગ ભી છુપે હુએ થે, ઉન્હોંને કહા કે ગૈરુલ્લાહ કો હકમ માનના, હાકિમ માનના યહ તો શિર્ક હૈ, ઔર ઉન્હોંને આયતે કરીમા ભી પળ્હ લી : اِنِ الْحُکْمُ اِلَّا لِلّٰہِ "હાકિમ તો મહઝ અલ્લાહ હૈ." *(સૂરએ યૂસફ, આયત : ૬૭)* હાલાં કે લફ્ઝ આયા હૈ, હકમ બનાને કા લફ્ઝ આયા હૈ, હાકિમ બનાને કા લફ્ઝ આયા હૈ. અહાદીષે નબવિય્યહમેં ભી હૈ. હમ ઉસ તફસીલમેં નહીં જાતે હૈ લેકિન ઉનકા કામ ક્યા થા કે દુસરી આયાતકો ઔર દુસરી અહાદીષકો પસે પુશ્ત ડાલકર, પીઠ કે પીછે ફેંક કરકે સિર્ફ એક આયતકો સામને રખ્ખા ઔર ઉસકે મુતાબિક્ કુફ્રકા ફત્વા જારી કર દિયા. (જૈસા આજકલ કે વહાબી દેવબંદી કરતે હૈં) ઉસીકી નસ્લસે યહ લોગ હૈ. ક્યોં કિ ઈન લોગોંને ભી દેખા કે જો લોગ ફુક્હાકી તક્લીદ કરતે હૈં યહ લોગ હુકમ માનતે હૈં ગૈરુલ્લાહકા ! ઔર જબ યહ લોગ ગૈરુલ્લાહકા હુકમ માન રહે હૈં તો મુશ્રિક હો ગએ ! તો વો લોગ જિન્હોંને હઝરત અલી رضی اللہ عنہ પર ઔર હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ પર ઔર ઉસ વક્ત મૌજૂદ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર કુફ્રકા ફત્વા દિયા થા ઉન્કા નામ રખ્ખા ગયા થા ક્યા ઉસ વક્ત "ખારજી", ઉન્હીં કી રવિશ પર યહ લોગ ચલ રહે હૈં. ઔર ઈન્હીં બાતોંકી તેહક્રીક્ કરકે ખાતમુલ ફુક્હા અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ ને ઈસ ગિરોહકા શુમાર ખારજિયોં મેં કિયા હૈ. ઈસ હૈસિયતસે મૈં કહતા હૂં કે ઈન્કા સિલસિલા ઉન્હીં સે મિલતા હૈ જિન લોગોંને હઝરત મૌલા અલી رضی اللہ عنہ કો કાફિર કહા, હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ

કો કાફિર કહા, હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ કો કાફિર કહા, હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ કો કાફિર કહા. હઝારોં હઝાર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن કો કાફિર કહા, વહી લોગ હૈં જો આજ સારે મુસલમાનોંકો મુકૃલ્લિદ હોનેકી બુન્યાદ પર મુશ્રિક કહતે હૈં, ઔર તકૃલીદકો શિર્ક કહતે હૈં, વહી લોગ (ખારજી) હૈં. કોઈ દુસ્રે નહીં હૈ.

## ★ ક્યા તકૃલીદ શિર્ક હૈ ? ★

યહ હમને ઈસ લિએ બતા દિયા કે આપકો માલૂમ હો જાએ કે વહાબિયતકા આગાઝ ખુલકર કહાંસે હુવા હૈ. છુપી હુઈ વહાબિયત તો પહલેસે હૈ ! અબ હમ આપકો બતાએં કે તકૃલીદ શિર્ક હૈ ?! અગર હમ ગૈરુલ્લાહકો હાકિમ માનેં, શારેઅ માનેં કુછ ભી માનેં લેકિન હકૃીકૃતમેં અગર હમને ઈમામ આ'ઝમ رضی اللہ عنہ કી તકૃલીદ કી યા શાફઈ મઝહબકે લોગોંને ઈમામ મુહમ્મદ શાફઈ رضی اللہ عنہ કી તકૃલીદ કી યા હંબલિયોંને ઈમામે અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ કી તકૃલીદ કી યા માલિકિયોંને ઈમામે માલિક رضی اللہ عنہ કી તકૃલીદ કી તો યહ તકૃલીદ ઈસ લિએ નહીં હૈ કે વો સાહિબે શરીઅત હૈ બલ્કિ હમ ઉન્કી તકૃલીદ ઈસલિએ કરતે હૈં, હમ ઉન્કે ઈજ્તેહાદ કીએ હુએ મસાઈલ પર અમલ ઈસલિએ કરતે હૈં કે હમેં અલ્લાહ તબારક વ તઆલાને હુકમ દિયા હૈ કે, **''તુમ ઈતાઅત કરો ઉલૂલ અમ્ર કી''** તો ઉન્કે ઈજ્તેહાદી મસાઈલ પર અમલ કરના હકૃીકૃતમેં તકૃલીદ નહીં હૈ બલ્કે હકૃીકૃતમેં યહ અલ્લાહ તબારક વ તઆલાકે ફર્માનકી ઈત્તેબાઅ્ હૈ, ઔર હકૃીકૃતમેં કુર્આને પાકકી ઈસ આયતે કરીમાકી ઈતાઅત હૈ. ક્યા કુર્આને હકીમકી ઈતાઅત ઔર અલ્લાહ તઆલાકા ઈત્તેબાઅ્ ભી શિર્ક હૈ ?! અગર ઈસીકા નામ શિર્ક હૈ તો હમેં અલ્લાહ તઆલાકી ઈતાઅત પર શિર્ક ઔર કુર્આને પાકકી ઈતાઅત પર શિર્ક અલ્હમ્દુલિલ્લાહ મુબારક!

## ★ ઈજ્તેહાદ ઔર તકૃલીદ કા ષબૂત હદીષ કી રોશનીમેં ★

ઔર સુનીએ, એક હદીષ ભી સુન લિજીએ. ઈન લોગોંકા કામ હૈ, કહતે હૈં, બુખારી શરીફ મેં દિખલાઈયે ! યા ઝયાદાસે ઝયાદા મુસ્લિમ શરીફમેં દિખલાઈયે. ઔર કભી કુર્આને પાકકા નામ ભી નહીં લેગેં ! હાલાંકે સબસે બુન્યાદી કિતાબ તો કિતાબુલ્લાહ હૈ, કુર્આને પાક હૈ, ફિર બુખારી શરીફ, મુસ્લિમ શરીફ હદીષકી સારી કિતાબેં હૈં. એક હદીષ સુનીયે આપ :

**عَنْ مُعَاذِبْنِ جَبَلٍ اَنَّ رَسُوْلَ اللّٰهِ صلی اللہ علیہ وسلم لَمَّا بَعَثَهُ اِلٰی الْيَمَنِ قَالَ كَيْفَ تَقْضِیْ اِذَا عَرَضَ لَكَ قَضَآءٌ قَالَ اَقْضِیْ بِكِتٰبِ اللّٰهِ قَالَ فَاِنْ لَمْ تَجِدْ فِیْ كِتَابِ اللّٰهِ قَالَ فَبِسُنَّةِ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم قَالَ فَاِنْ لَمْ تَجِدْ فِیْ سُنَّةِ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم قَالَ اَجْتَهِدُ بِرَآئِیْ وَلَا اٰلُوْقَالَ فَضَرَبَ رَسُوْلُ اللّٰهِ عَلٰی صَدْرِهٖ وَقَالَ الْحَمْدُ لِلّٰهِ الَّذِیْ وَفَّقَ رَسُوْلَ رَسُوْلِ اللّٰهِ صلی اللہ علیہ وسلم لِمَا یَرْضٰی بِهٖ رَسُوْلُ اللّٰهِ**

**(رَوَاهُ التِّرْمِذِیْ وَاَبُوْ دَاؤٗدَ وَالدَّارِمِیُّ)**

કુછ સમઝે આપ લોગ ?! અરે અંદાઝસે તો સમઝ હી ગયે હોંગે, મઅના ચાહેં સમઝેં ન સમઝેં. ચલીએ મઅના ભી સુન લિજીએ. મઆઝ બિન જબલ મશહૂર સહાબીએ રસૂલ હૈં. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ કો યમનકા હાકિમ બનાકર ભેજા. ભેજતે વક્ત ઉનસે પૂછા, અય મઆઝ! ફૈસલા કૈસે કરોગે ? તુમ્હારે પાસ મુકૃદમાત આયેંગે તો ફૈસલા કૈસે કરોગે ?! હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ અર્ઝ કરતે હૈં, હુઝૂર ! કિતાબુલ્લાહમેં જો અહકામ હૈં ઉનસે મૈં ફૈસલા કરુંગા. સરકાર علیہ الصلوٰۃ والسلامને પૂછા : અગર કિતાબુલ્લાહમેં ન હો, કુર્આનમેં ન હો, યઅની ન પાઓ તબ ક્યા કરોગે ?! તો ઉન્હોંને ફર્માયા, તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمકી સુન્નતકે મુતાબિકૃ ફૈસલા કરુંગા. સરકાર علیہ الصلوٰۃ والسلامકી હદીષકે મુતાબિક ફૈસલા કરુંગા, સરકારકી હદીષ કે મુતાબિક ફૈસલા કરુંગા. તરતીબ યાદ રખકે જાઈએગા. અબ સરકાર صلی اللہ علیہ وسلمને પૂછા, ઔર અગર રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمકી સુન્નતમેં ભી ન હો ?! યઅની તુમ્હેં ન મિલે. હૈ તો સબકુછ, કુર્આનમેં સબકુછ હૈ, હદીષમેં સબકુછ હૈ, મગર ન હોનેકા મતલબ યહ હૈ

કે તુમ ન પાઓ, તુમ્હારી નઝર વહાં તક ન પહૂંચ સકે તો ક્યા કરોગે ?! યઅની વાજેહ તૌર પર ન હો તો ક્યા કરોગે ? તબ વો અર્ઝ કરતે હૈં કે, યા રસૂલલ્લાહ ! મૈં કિતાબુલ્લાહ ઔર સુન્નતે રસૂલુલ્લાહકે મઆનીમેં ઈજતેહાદ કરુંગા, કોશિશ કરકે, ઈજતેહાદ કરકે કિતાબુલ્લાહસે ઔર સુન્નતે રસૂલુલ્લાહસે અહકામ નિકાલુંગા ઔર ફિર ઉસકે મુતાબિક ફૈસલા કરુંગા.'' યહી હૈ ઈજતેહાદ ! જબ સરકારે દો આલમ ﷺને સુના તો યહ નહીં ફર્માયા કે અરે મઆઝ ! યહ ક્યા ?! ઐસા કરોગે તો શિર્ક હો જાએગા ! તુમ્હારે ઈજતેહાદ પર યમનવાલોંને અગર અમલ કર લિયા તો મુશ્રિક હો જાએંગે ! સાહિબે શરીઅતકા કલામ સુનીયે ! સરકાર علیہ الصلوٰۃ والسلام યહ નહીં ફર્મા રહે હૈં બલ્કે જબ મઆઝ બિન જબલ رضی اللہ عنہ કા યહ અરીઝા સુના, મૈં ઈજતેહાદ કરુંગા ઔર ઈજતેહાદકે મુતાબિક્ ફૈસલા કરુંગા. તો સરકાર ﷺને ઈર્શાદ ફર્માયા :–

وَقَالَ الْحَمْدُ لِلّٰهِ الَّذِیْ وَفَّقَ رَسُوْلَ رَسُوْلِ اللّٰهِ ﷺ لِمَا يَرْضٰى بِهٖ رَسُوْلُ اللّٰهِ

''તમામ તઅરીફ અલ્લાહકે લિએ જિસને અલ્લાહકે રસૂલકે કાસિદકો હક્કકી તૌફીક્ અતા ફર્માઈ, ઐસી બાતકી તૌફીક્ ફર્માઈ જિસસે અલ્લાહ રાઝી હૈ ઔર જિસકો અલ્લાહ મહબૂબ રખતા હૈ.

ક્યા પતા ચલા ? કુછ સમઝે આપ લોગ ?! સહાબીએ રસૂલ હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ અલ્લાહ હૈ કે ગૈરુલ્લાહ ?! હર મુસલમાન જાનતા હૈ કે સહાબીએ રસૂલ હૈં, ગૈરુલ્લાહ હૈ. ઔર ગૈરુલ્લાહકે ઈજતેહાદ પર અમલ કરના અગર શિર્ક હૈ તો સરકાર ﷺને ઉનકી ષના (તારીફ) ક્યૂં ફર્માઈ ઔર ઈસ બાત પર અલ્લાહ તઆલાકી હમ્દ ક્યૂં બયાન કી ?! ઈસકા મતલબ યહ હુવા કે જબ મસ્અલા ખુલે તૌર પર કિતાબુલ્લાહમેં ન મિલે જબ મસ્અલા ખુલે તૌર પર સુન્નતે રસૂલુલ્લાહમેં ન મિલે. ઔર અલ્લાહ તઆલાને અહલ (લાયકાતવાળા) બનાયા હો ઈજતેહાદકા, અલ્લાહ તઆલાને લિયાક્ત દી હો, ઐસા ઈલ્મ દિયા હો કે વો આદમી ઈજતેહાદ કર સકે કિતાબુલ્લાહમેં, સુન્નતે રસૂલુલ્લાહમેં, યઅની દરજએ ઈજતેહાદ પર ફાઈઝ હો, વો મુજતહિદ હો તો ઉસકે ઉપર લાઝિમ હોતા હૈ કે વો કિતાબો સુન્નતસે ઈજતેહાદ કરે ઔર ઈજતેહાદસે વો મસ્અલા બતાએ, જબ વો ફૈસલા કરે, જબ વો હુકમ બતાએ તો લોગોં પર લાઝિમ હોતા હૈ કે ઉસકે મુતાબિક અમલ કરે, યહ શિર્ક નહીં હૈ બલ્કે યહ ''ઉલૂલ અમ્ર''કી પયરવી હૈ. ઔર ''ઉલૂલ અમ્ર''કી પયરવી, ''ઉલૂલ અમ્ર''કી તક્લીદ યહ કિસી બંદેકી ઈતાઅત નહીં હૈ બલ્કે હક્રીકતમેં અલ્લાહકી ઈતાઅત હૈ ઔર હક્રીકતમેં રસૂલુલ્લાહકી ઈતાઅત હૈ. મગર ઈસે વો સમઝે જિસકે સીનેમેં અલ્લાહ તઆલાને નૂરે ઈમાન દિયા હો, જિસ્કા સીના હી નૂરે ઈમાનસે ખાલી હો વો હદીષે પાકકે અહકામ કો ક્યા સમઝ સકતા હૈ ?! હદીષ તો વો સમઝે જિસકે સીનેમેં નૂરે ઈમાન હો, નૂરે ઈમાન હી નહીં તો ક્યા સમઝેગા ?! મગર આપ લોગોકે સીનેમેં અલ્લાહ તઆલાને ઈમાન ભી દિયા હૈ, ઈમાન કી ઝિલા ભી દી હૈ, નૂર ભી દિયા હૈ. હમારા મક્સદ હૈ કે આપ હઝરાત સમઝ જાએં. ઔર ઉન્કે ભી વો લોગ સમઝ જાએં જો ઉનકે બહકાવેમેં આ ગએ હૈં ઔર રાહે રાસ્ત પર હૈં. તો જો ઈસકા ખિલાફ કર રહે હૈં, મુખાલફત કર રહે હૈં હદીષે રસૂલુલ્લાહકી, ઔર ફિર ભી હૈ ક્યા ? અહલે હદીષ !!

હમ યહ કહતે હૈં, માફ કિજીયેગા હમ લોગ લતીફાકે આદી નહીં હૈં મગર આપકો સમઝાને કે લિએ એક બાત યાદ આ ગઈ. હમારે યહાં એક કસ્બા હૈ ખૈરાબાદ વહાં એક સાહબ થે ઈસ્લામ નામકે. લોગોંકી દાળ્હીયાં ખૂબ બનાતે થે. એક શાઈરને કહા,

**બીચ ખયરાબાદમેં મશ્હૂર એક હજ્જામ હૈ**
**મૂંડતા હૈ દાળ્હીયાં ઈસ્લામ ઉસકા નામ હૈ**

દાળ્હી મૂંડતા હૈ ફિર ભી વો ઈસ્લામ હૈ ! યહી હાલ હમારે ઈન કરમ ફર્માઓં કા હૈ ! હદીષ ન જાનેં, કોઈ બાત નહીં ! હદીષ પર અમલ ન કરેં, કોઈ બાત નહીં ! હદીષકી મુખાલફત પર મુખાલફત કરતે રહેં, કોઈ બાત નહીં, મગર હૈ ક્યા ? અહલે હદીષ !

બસ હમેં ઈત્ના હી સમઝાના થા. ઔર તર્કે તક્લીદકા હો ગયા મુખ્તસરન.

ઔર અબ ઈન્કે કુછ ઈજતેહાદી મસાઈલ ભી સુન લિજીયે ! ઈન્હોંને ભી ઈજતેહાદ કિયા. યહાં એક બાતકી વજાહત હમ ઔર કર દેં કે તક્લીદકા જો સિલસિલા હય યહ આજસે નહીં હૈ. યહ અહદે રિસાલતસે હી જુઝવી તૌર પર ચલા આ રહા હૈ. મષલન્ હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ કો ઈજતેહાદ કરનેકી ઈજાઝત સરકાર ﷺને અતા ફર્મા દી ઔર વજાહત કર દી કે તુમ જો ઈજતેહાદ કરોગે તો તુમ્હારે ઈજતેહાદ પર યમનવાલોં પર લાઝિમ હૈ કે અમલ કરે. તો યહ તક્લીદ હૂઈ કે નહીં ? તો અહદે રિસાલતમેં યમનમેં ખૂદ તક્લીદ ઔર યહ ભી તક્લીદે મુત્લક્ નહીં હૈ તક્લીદે શખ્સી હૈ.

## ★ સહાબામેં મુજતહિદ કિત્ને, મુક્લ્લિદ કિત્ને થે ★

અચ્છા ! ઝરા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કા આમ હાલ દેખિયે, હમારે ઉલમાને તેહકીક્ કી હૈ, હમારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہને, ઔર તહકીક્ કરકે લિખ્ખા હૈ સહાબાએ કિરામકી તાદાદ એક લાખસે ઝયાદા હૈ મગર ઉનમેં મુજતહિદ કુલ કિતને હૈં જાનતે હૈં ? દરજએ ઈજતેહાદ પર ફાઈઝ સહાબાએ કિરામકી તાદાદ ઝયાદાસે ઝયાદા કિતની હૈ ? દસ ઔર દસ બીસ ! કુલ બીસકે કરીબ હૈં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જો દરજએ ઈજતેહાદ પર ફાઈઝ હૈં ઔર જો મુજતહિદ હૈં ઔર બાકી એક લાખ ઔર ઉનસે ઝયાદા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین યહ મુજતહિદ નહીં હૈં. દીનકી ફિક્હ રખતે હૈં, દીનકી સમઝ રખતે હૈં, શરફે સહાબિયત હાસિલ હૈ, ઉન્કા મર્તબા ઉમ્મતમેં સબસે અફઝલ હૈ કે સારી ફઝીલતેં ઉન્કે લિયે હૈં લેકિન મુજતહિદ નહીં, મર્તબએ ઈજતેહાદ પર વો ફાઈઝ નહીં. મર્તબએ ઈજતેહાદ પર ફાઈઝ બસ તક્રીબન ૨૦ સહાબાએ કિરામ હૈં, જૈસે કે હઝરત સિદ્દીકે અકબર, હઝરત ઉમર ફારૂકે આ'ઝમ, હઝરતે ઉષ્માને ગની, હઝરતે મૌલાએ કાઈનાત અલીએ મુર્તઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین, હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ, હઝરતે અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરતે અબૂ હુરૈરહ, હઝરતે મુઆઝ બિન જબલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ઉમ્મુલ મો'મિનીન હઝરતે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا. યહ વો લોગ હૈં સહાબાએ કિરામમેં, સહાબિયાતમેં જિન્હેં અલ્લાહ તઆલાને ફિક્હમેં ઈજતેહાદ કે મર્તબે પર ફાઈઝ ફર્માયા હૈ, બાકી જિતને ભી સહાબાએ કિરામ હૈં સહાબિયાત હૈં વો મુજતહિદ નહીં, દરજએ ઈજતેહાદ પર ફાઈઝ નહીં. સરકાર علیہ الصلوٰۃ والسلام જબ તક હમારી ઝાહિરી નિગાહોંકે સામને રહે, ઝાહિરી નિગાહેં ઈસ લિએ બોલ રહા હૂં કે હમારે હુઝૂર જાને નૂર ﷺ ઉમ્મત કે અકીદેકે મુતાબિક્ કલ ભી ઝિંદા થે ઔર આજ ભી ઝિંદા હૈ. હમારા યે અકીદા હૈ વો કુર્આનો હદીષ સે ષાબિત હૈ કે :–

*અંબિયાકો ભી અજલ 'આની' હૈ,*
*મગર ઈત્ની કે ફક્ત 'આની' હૈ*
*ફિર ઉસી આન કે બાદ ઉન્કી હયાત*
*મિષ્લે સાબિક્ વહી જિસ્માની હૈ*

તો સરકાર علیہ الصلوٰۃ والسلام કલ ભી ઝિંદા થે, આજ ભી ઝિંદા હૈં, ઔર આગે ભી ઝિંદા રહેંગે. ઈસ લિએ હમને કહા કિ હમારી ઝાહિરી નિગાહોંસે સરકાર علیہ الصلوٰۃ والسلام પર્દા ફર્મા ગએ. જબ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કે દરમ્યાન કોઈ મસ્અલા પેશ આતા તો સરકાર علیہ الصلوٰۃ والسلام કી બારગાહમેં હાઝિર હોકર સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પૂછ લિયા કરતે થે. મગર સરકાર ﷺ જબ કિ અલ્લાહકી બારગાહમેં હાઝિર હો ગએ, રફીકે આ'લાસે જા મિલે, તો અબ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કિસ કી તરફ રુજૂઅ કરતે થે ? તો ઉન્કા તરીકા યહ થા કે જબ ભી કોઈ મસ્અલા ઉન્કા ફસતા તો વોહ લોગ ઉન મુજતહિદ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین કી તરફ રુજૂઅ કરતે થે, ઔર યહ મુજતહિદ સહાબા જો હુકમ દેતે, જો

મસ્અલા બતાતે ઉસીકે ઉપર અમલ હુવા કરતા થા. ઈસ તરહસે તક઼રીબન્ એક લાખસે ઝયાદા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ તક઼લીદ કરતે થે. અહદે સહાબામેં સિર્ફ દો હી ગિરોહ થે, મુજતહિદ યા મુક઼લ્લિદ. જો દરજએ ઈજતેહાદ પર ફાઈઝ હો ગયે થે વો ખૂદ ઈજતેહાદ કરતે ઔર ઉસ પર અમલ કરતે થે, ઔર જો મુજતહિદ નહીં થે વો ઈન મુજતહિદ કો પૂછતે થે ઔર વો લોગ જૈસા બતાતે થે ઉસીકે મુતાબિક઼ અમલ કરતે થે.ઔર ઈસીકા નામ તક઼લીદ હૈ !

કભી ઐસા નહીં હુવા કે કોઈ સહાબીએ રસૂલ મુજતહિદ ન હો ઔર ઉસકે બાવજૂદ ખૂદ હી કુછ મસ્અલા બતાએં ઔર ઉસ પર ખૂદ ભી અમલ કરેં ઔર દુસ્રોંકો ભી અમલ કરાએં ! તાબઈન કે ઝમાનેમેં ભી યહી હુવા હૈ કે મુજતહિદ ભી રહે હૈં ઔર મુક઼લ્લિદ ભી રહે હૈં. મુજતહિદ તો મસ્અલા બતાતે થે ઔર ગૈરમુજતહિદ લોગ પૂછકર ઉસી પર અમલ કરતે થે. તબેતાબઈનકે ઝમાનેમેં ભી યહી હુવા, ઈસકે બાદમેં ભી રહા, ઉસકે બાદમેં ભી રહા. ઔર માઝી ક઼રીબ તક ઐસે હી રહા હૈ કિ મુસલમાનોંમેં દો તબકા રહા હૈ, મુજતહિદકા મુક઼લ્લિદકા. જબ તક મુજતહિદીન પાએ જાતે રહે ઉસ વક્ત તક મુજતહિદકી તક઼લીદ કી જાતી રહી. ચાર મુજતહિદ મશહૂર હૂએ. ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામે માલિક, ઈમામે મુહમ્મદ ઈદરીસ શાફઈ, ઈમામે મુહમ્મદ બિન હંબલ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ, ક્યોં કી ઉન્હોંને ઝિંદગીભરકે સારે મસાઈલકો જમા કિયે જો ચાર ફિક઼્હ બન ગયે. તો ચારોં ફિક઼્હમેં ઝિંદગીભરકે સારે મસાઈલ આ ગયે. ઈસ લિએ કુછ લોગોંને ઈમામે આ'ઝમ અબૂ હનીફાકી તક઼લીદ કર લી, કુછ લોગોંને ઈમામ શાફઈકી, કુછ લોગોંને ઈમામ માલિકકી ઔર કુછ લોગોંને ઈમામે અહમદ બિન હંબલ કી, ઐસા હુવા. મગર આગે સહાબાસે લેકર માઝી ક઼રીબ તક કભી ભી ઐસા નહીં હુવા કે જો મુજતહિદ ન હો વો ઈજતેહાદકા દાવા કરે ઔર દુસ્રોંકો ભી અપને બતાયે હુએ હુકમ પર અમલ કરનેકા હુકમ દે ઔર મુજતહિદ બન જાએ ઔર અપને આપકો મુહદ્દિષ કહના શુરૂ કર દિયા. ઐસા કભી નહીં હુવા.

### ★ ગૈર મુક઼લ્લિદ કિસે કહતે હૈં ?! ★

હમ બતાના યહ ચાહતે હૈં કે ગૈર મુક઼લ્લિદ કિસે કહતે હૈં ? ગૈર મુક઼લ્લિદ વો હૈ જો દરજએ ઈજતેહાદ પર ફાઈઝ ન હો, મુજતહિદ ન હો ઔર ફિર ભી ઈજતેહાદકા દાવા કરે, ઔર લોગોંકો ઉસ પર ચલનેકી તરગીબ દે. ઔર કહે કે હમ "અહલે હદીષ" હૈં ! ઉસકો કહા જાતા હૈ ગૈર મુક઼લ્લિદ ! મુજતહિદ અપને ઈજતેહાદ પર અમલ કરેગા ઔર મુક઼લ્લિદ પર લાઝિમ હૈ કે મુજતહિદસે પૂછ કર ઉસકે મુતાબિક અમલ કરે. લેકિન જો મુજતહિદ ભી નહીં હૈ, દરજએ ઈજતેહાદ પર ફાઈઝ ભી નહીં હૈ ઔર વો ઈજતેહાદ કરે તો ફિર ઉસકા અંજામ બહુત ભયાનક હોગા. ઐસે હી હોગા જૈસે એક આદમીકો તૈરાક઼ી (તરતાં) નહીં આતી હૈ ઔર વો સમંદર કી અથાહ ગહરાઈમેં જબ પહૂંચા તો કૂદ ગયા કે મૈં ભી જાકર મોતી લાઉંગા, તો ઉસ્કા અંજામ ક્યા હોગા કે વો ખૂદ ભી હલાક હોગા ઔર અપને સાથ જો લાયા હૈ ઉસ્કો ભી હલાક કરેગા, યહી ઉસ્કા અંજામ હોગા. યહી હાલ ઉન લોગોંકા હૈ જો દરજએ ઈજતેહાદ પર ફાઈઝ નહીં હૈ, ઔર ઈસકે બાવજૂદ કિતાબુલ્લાહ વ સુન્નતે રસૂલુલ્લાહકે સમંદરકી અથાહ ગહરાઈયોંમે કૂદ કર અહકામ નિકાલનેકા દાવા કરતે હૈં.

અબ ગૌર ફર્માઈએ ! જબ એક લાખસે ઝયાદા સહાબાએ કિરામ મુક઼લ્લિદ રહે ઔર હમેશા ઉમ્મતને તક઼લીદકા ફરીઝા અંજામ દિયા, તક઼લીદ પર અમલ કરતી રહી હૈ તો ક્યા વો સહાબાએ કિરામ એક લાખસે ઝયાદા મુશ્રિક હુએ ?! ઔર લાખો લાખ જો તાબઈન થે વો મુશ્રિક હુએ ?! ઔર ઉન્કે બાદકી કરોળહા કરોળ મુસલમાન ઉમ્મત મુશ્રિક હુઈ ?! મગર યહ લોગ (ગૈર મુક઼લ્લિદ) કહતે હૈં કે હાં ! સબ મુશ્રિક ! મઆઝલ્લાહ ! અલ્લાહ તબારક વ તઆલા ઈનકો હિદાયત દે ઔર બદઝબાનીસે મેહફૂઝ રખ્ખે. ......*(ક્રમશ:)*



# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ
## અને પ્રચાર માધ્યમોનું મહત્વ

ઉર્સે રઝા : ૨૫–સફર

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

વીસમી સદીમાં દિન પ્રતિ દિન વધતી જતી મીડિયાની શક્તિ અને મહત્વતાએ સમગ્ર વિશ્વ પર ઊંડી અસરો સ્થાપિત કરી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજીની સતત પ્રગતિથી મીડિયા (પ્રચાર માધ્યમ) પણ પ્રભાવિત થયું. હવે એકવીસમી સદીમાં હાલત એ છે કે દુનિયાનો કોઈ ખૂણો પ્રચાર માધ્યમોની પહોંચથી બહાર નથી, દરેક જગ્યાએ મીડિયાની છાપ છે, જીવનનું દરેક ક્ષેત્ર તેની પકડમાં જકડાએલ છે. પ્રચાર તથા પ્રસાર માધ્યમો અને મીડિયાની આ પ્રગતિ મુખ્યત્વે પ્રેસ, કોમ્પ્યુટર, સેટેલાઈટ, ઈન્ટરનેટ–3G, ટેલીવિઝન, એફ. એમ. રેડિયો વગેરેની મારફતે આટલી હદ સુધી પહોંચી છે.

પ્રસાર માધ્યમોમાં ઈલેક્ટ્રોનિક મીડિયાની ઝડપનો કોઈ જવાબ નથી, પરંતું પ્રિન્ટ મીડિયાનું પણ એક મહત્વ છે. રોજ બરોજ સમાચારપત્રો, સામયિકો, મેગેઝિન તથા પુસ્તકોનું પ્રકાશન વધી રહ્યું છે અને તેના દ્વારા એક તરફ અધર્મી માન્યતાઓ, સૈહૂની (યહૂદિયતના) ખયાલાત આમ થઈ રહ્યા છે તથા યહૂદી ષડયંત્રો પોતાનુ કાર્ય વર્તુળ વિશાળ કરી રહ્યાં છે. તો બીજી તરફ ઈસ્લામના નામ પર પેદા થતા અવનવા બાતિલ તથા ગુસ્તાખ ફિર્કાઓની ગુમરાહકુન માન્યતાઓ ઘણી જ ઝડપથી મુસ્લિમ સમાજમાં પ્રસરી રહી છે, બદઅકીદગી અને દીનબેઝારીના જીવાણુઓ મીડિયા અને અખ્બારોના દ્વારા પોષણ પામી રહ્યાં છે.

### ★ આ'લા હઝરતની દીર્ઘદષ્ટિ અને આપણી સુસ્તી ! ★

એક સદી અગાઉ (સ.હિ. ૧૩૩૦, ઈ.સ. ૧૯૧૧માં) જ્યારે કે મીડિયા અને પત્રકારત્વનું (અખ્બાર) મહત્વ તથા તેની અગત્યતા જાહેર ન થઈ હતી ત્યારે ઈસ્લામના એક અઝીમ મુફક્કિર ઈમામ અહમદ રઝા મોહદ્દિષે બરેલ્વી (વિસાલ : હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧) رحمۃ اللہ علیہ એ દીને હક્ક઼ ઈસ્લામના પ્રચાર પ્રસાર તથા દા'વત તથા તબ્લીગ઼ માટે ઈસ્લામી પત્રકારત્વને સ્થાપિત કરવા તથા તેને મજબૂત બનાવવા બાબતે ઘણુ જોર આપ્યું હતું. જેમ કે આપ ફર્માવે છે : "તમારા ધાર્મિક અખ્બારો પ્રકાશિત થાય અને થોડા થોડા સમયે મઝહબની હિમાયત માટે દરેક પ્રકારના લેખો (લિટરેચર) આખા દેશમાં મૂલ્ય સાથે તથા વિના મૂલ્યે પ્રતિ દિન અથવા કમ સે કમ સાપ્તાહિક પહોંચાડતા રહો." *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૨, પેજ–૧૩૪)*

પ્રેસ તથા પત્રકારિત્વની શક્તિને પહેલાથી જ સમજી લેવી એ બહુ મોટી વાત છે, બંદએ મોમિનની એ શાન હોય છે કે તે અમાપ દિર્ઘદષ્ટિ વડે માલામાલ હોય છે, તેની ઈમાની સમજબુઝ ભવિષ્યની જરૂરતો તથા વિઘ્નોને ભાંપી લે છે, તેની ભલામણોમાં કૌમની સિધ્ધિ તથા પ્રગતિની ફિલોસોફી છુપાએલી હોય છે.

**કુછ ઔર હી નઝર આતા હૈ કારોબારે જહાં**
**નિગાહે શૌક઼ અગર હો શરીકે બીનાઈ**

પરંતું અફસોસ છે આપણી કૌમની બેપરવાઈ અને બેદરકારી પર કે પત્રકારત્વ, પ્રેસ તથા પ્રસાર

માધ્યમો પ્રત્યે આપણામાં જોઈએ એવી બેદારી ન રહી, જ્યારે કે યહૂદીઓ અને ઈસાઈઓ તેનું મહત્વ સમજી ગયા અને ત્યારથી જ તે માટે કોશિશો કરવા લાગ્યા. જેમ કે યહૂદી ગુપ્ત દસ્તાવેજનો એક ખાસ અંશ આ પ્રમાણે છે કે :–

''આજની દુનિયામાં પ્રેસ એક મહાન તાક઼ાત છે. પ્રેસના વાસ્તવિક રોલને સમાજવાની હક઼ીક઼તમાં બહુ ઓછી કોશિશ કરવામાં આવી છે. (દુનિયાના અન્ય) રાષ્ટ્રો આ અપાર શક્તિનો ખરો ઉપયોગ નથી જાણતા અને હવે આ શક્તિ આપણા હાથમાં છે, પ્રેસના બળ પર પર્દા પાછળ રહી સમગ્ર વિશ્વ પર પ્રભાવશાળી થવાની તાક઼ાત (આપણને) પ્રાપ્ત થઈ ચૂકી છે.'' *(યહૂદી પ્રોટોકોલ, બહવાલા માહનામા ઝિયાએ હરમ, લાહોર, જુલાઈ ઈ.સ. ૧૯૭૨)*

### ★ મીડિયાનો નેગેટિવ રોલ ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એક સદી પહેલાં મુસલમાનોને ખબરદાર કરી જાગૃત થવાનો પૈગામ આપ્યો હતો. ઈસ્લામની તબ્લીગ઼ માટે આધુનિક પ્રચાર માધ્યમોનો શરીઅતના વર્તુળમાં રહીને ઉપયોગ કરવાનું સૂચન આપ્યું હતું. પરંતું મુસલમાનોની બેદરકારીના કારણે આજે પત્રકારત્વના પ્રત્યેક વિભાગ પર ઈસ્લામ દુશ્મન લોબીનો કબ્જો છે. યૂરોપ આ હક઼ીક઼ત જાણીને મોં બગાડી બેસે છે કે ૨૦૦૬ થી ૨૦૦૯ દરમ્યાન યૂરોપમાં જેટલા પણ આતંકવાદી હુમ્લા થયા એમાં ૯૯% હુમ્લા ગૈર મુસ્લિમ આતંકવાદીઓએ કર્યા હતા. (નઈ દુન્યા, ૫–૧૦–૨૦૧૨ થી ૧૧–૧૧–૨૦૧૨) એટલે કે મિડીયા તથા પ્રચાર માધ્યમોની નાઈન્સાફી કે જે ત્રાસવાદી હુમ્લા ગૈર મુસ્લિમોએ કર્યા તેનું બ્લેક આઉટ થાય છે, તેની જાહેરાત કરવામાં અખાડા થાય છે અને કોઈ મુસ્લિમનામી હોય અથવા અટકળો કરી મુસ્લિમ નામી સંગઠનો પર ત્રાસવાદી હુમ્લા ફિટ કરીને તેની ખૂબ જાહેરાત મીડિયા થકી કરીને મુસલમાનોની બદ્નામી કરવામાં આવે છે, અને મુસલમાનો ખૂદ સૌ સમાચારો સાચા સમજીને પોતાને નીચાજોણુ સમજે છે. જ્યારે કે હક઼ીક઼ત કાંઈ ઓર જ હોય છે. જેમ કે આપણા દેશનો મીડિયા પણ કેસરીયા રંગમાં રંગાયેલ છે. થોડા વરસો પહેલાંની વાત છે કે મુંબઈના પોલીસ અધિકારી હેમંત કરકરેએ જ્યારે કટ્ટરવાદ અને આતંકવાદના છુપાએલા અસલી ચેહરાઓ (સાધ્વી પ્રજ્ઞા ઠાકુર તથા પુરોહિત વગેરે જેઓ હાલ જેલમાં છે) પરથી પર્દો ઉઠાવ્યો હતો ત્યારે મજબૂત પુરાવા હોવા છતાં સંકૂચિત દષ્ટિવાળા મીડિયાએ મુજરિમોની તરફેણ કરીને સચ્ચાઈને છુપાવવાની દરેક બનતી કોશિશો કરી હતી, તેમ છતાં આતંકવાદના એ ભયાનક ચેહરાઓ એક પછી એક ઉઘાડા થઈ રહ્યા છે ! અને દુનિયા જોઈ રહી છે કે ઈન્સાનિયતના દુશ્મન અને વાસ્તવિક આતંકવાદી કોણ છે. બીજી બાજુ મીડિયાની ઈન્સાફીનો હાલ એ છે કે કોઈ ઘટનામાં કોઈ મુસલમાનની સંડોવણી હોય કે ન હોય પણ ગમે તે રીતે તેને ઈસ્લામ સાથે જોડી ખોટા પ્રોપ્રેગન્ડા કરવામાં આવે છે અને મીડિયાની ઈસ્લામ દુશ્મની ભરપૂર રીતે જોવા મળે છે.

મીડિયાના કેનવાસમાં જે વિશાળતા છે તેનું અનુમાન એક્સપ્લોરિંગ જર્નાલિઝમ (Expolring Journalism)ના સંપાદકોના મતે આ મુજબ છે : ''પત્રકારત્વએ આધુનિક પ્રચાર માધ્યમો થકી પબ્લિક સંબંધી માલૂમાત, આમ મંતવ્ય તથા પબ્લિકના મનોરંજન સંબંધી કાયદેસર અને વિશ્વસનીય પ્રચારની ફરજ અંજામ આપે છે.'' જ્યારે કે આધુનિક મીડિયાનો મામલો જગ જાહેર છે કે તે પત્રકારત્વની આ વ્યાખ્યાથી કેટલું દૂર છે અને તેની અસંતુલિત એકતરફી પોલીસી પણ જગ જાહેર છે. જેથી મુસ્લિમ અખ્બારો તથા મેગેઝિનો તથા ઈલેક્ટ્રોનિક મીડિયાનું મહત્વ કેટલુ છે તે પણ સમજી શકાય છે. કે જેથી ગલત સમાચારો તથા ઈસ્લામ તથા મુસલમાનો વિરૂદ્ધના પ્રોપેગન્ડાનો જવાબ તથા સાચી હક઼ીક઼ત દુનિયા સમક્ષ આવી શકે.

### ★ આ'લા હઝરતથી સંકળાયેલાઓની આ ક્ષેત્રે કારકિર્દી ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના યુગમાં જ

આપનાથી સંબંધ ધરાવતા અને આપની સાથે સંકળાયેલા લોકોએ ફિક્રે રઝાના (આ'લા હઝરતના પ્રપોઝલના) અખ્બાર મીડિયાના મહત્વ સંબંધી મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરી તેને અમલમાં લાવવાની કોશિશ પણ કરી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતે પણ ઈસ્લામી પત્રકારત્વ તથા અખ્બારી માધ્યમનું સિંચન કર્યું અને બારગાહે રઝાથી ફૈઝ પામનારા એવા લોકો પણ ઉભર્યા જેમણે પોતાનાં અખ્બારો, સમાચાર પત્રો, સામયિકો તથા સાપ્તાહિકો દ્વારા ઈસ્લામનો પ્રચાર અને મુસલમાનોની ઈસ્લાહની સારી એવી ફરજ બજાવી. એમની ટૂંકી યાદી આ પ્રમાણે છે :–

**૧.** હફતરોઝા દબ્દબએ સિકંદરી (સાપ્તાહિક), રામપૂર હિ.સ. ૧૨૮૩, ઈ.સ. ૧૮૬૬માં શરૂ થયું અને લગભગ એક સદી સુધી સફળતાપૂર્વક ચાલુ રહ્યું.

**૨.** અખ્બાર રોઝ અફઝૂં–બરેલી, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ભાઈ મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہની સરપરસ્તીમાં શરૂ થયું.

**૩.** અલ્ ઈસ્લામ (સમાચાર પત્ર) આફ્રિકા, હિ.સ. ૧૩૨૨ ઈ.સ. ૧૯૦૮માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ખલીફા મૌલાના અહમદ મુખ્તાર મેરઠી رحمۃ اللہ علیہએ શરૂ કર્યું જેનો મૂળ હેતુ દીનની તબ્લીગ઼ હતી અને એમાં નવમુસ્લિમો માટે પણ ઘણુ બધું લિટરેચર સામેલ કરવામાં આવતું.

**૪.** અલ્ફક઼ીહ (સાપ્તાહિક) અમૃતસર, ઈ.સ. ૧૯૧૮માં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ખલીફા મૌલાના મુહમ્મદ શરીફ કોટલવી رحمۃ اللہ علیہએ શરૂ કર્યું.

**૫.** અહલે ફિક઼્હ (સાપ્તાહિક) અમૃતસર, હિ.સ. ૧૩૨૪માં શરૂ થયું. પંજાબમાં અહલે સુન્નતના અક઼ીદાઓની તર્જુમાની કરવામાં આ સાપ્તાહિકની મુખ્ય ભૂમિકા રહી.

**૬.** અર્રઝા (માસિક) બરેલી, હુઝૂર સદ્રૂશ્શરીઅહ્ મૌલાના અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہના સંચાલનમાં અને મૌલાના હસનૈન રઝા رحمۃ اللہ علیہના તંત્રીપદમાં શરૂ થયું, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબોનું ક્રમવાર પ્રકાશન એનું મહત્વપૂર્ણ પાસુ છે.

**૭.** અંજુમને નોઅમાનિયા (માસિક) લાહોર, એના નાયબ સદર મૌલાના શાહ મુહર્રમ અલી ચિશ્તી, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہથી હાર્દિક સંબંધ રાખતા હતા, દીની, ક઼ૌમી તથા અગત્યની બાબતોમાં આપનાથી માર્ગદર્શન લેતા હતા.

**૮.** અસ્સવાદુલ આ'ઝમ (માસિક) મુરાદાબાદ, ખલીફએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સૈયદ મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہએ હિ.સ. ૧૩૩૮માં ચાલુ કર્યું, આ માસિકે ઈસ્લામી ક઼ાનૂનના અંતર્ગત મુસલમાનોની રાજનૈતિક રહનુમાઈ કરી, એવા પુરફિતન દૌરમાં દીનની હિમાયત માટે લિટરેચર પ્રકાશિત કર્યું અને વહાબીઓ તથા આર્ય સમાજીઓના વાંધાઓના સમયસર જવાબો પ્રસિદ્ધ કર્યા.

**૯.** તોહફએ હનફિયા (માસિક) પટના, હિ.સ. ૧૩૧૫માં ખલીફએ ઈમામ અહમદ રઝા મૌલાના ક઼ાઝી અબ્દુલ વહીદ ફિરદૌસી رحمۃ اللہ علیہએ ચાલુ કર્યું, તંત્રીપદ મૌલાના અબુલ મસાકીન મુહમ્મદ ઝિયાઉદ્દીને સાંભળ્યું. અહલે સુન્નતના અક઼ાઈદની હિમાયતમાં આ માસિકે અસરકારક રોલ અદા કર્યો. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઘણી બધી ઈલ્મી તથા તેહક઼ીક઼ કિતાબોનું કાયદેસર પ્રકાશન કર્યું. (આ યાદી મૌલાના અબ્દુસ્સલામ રઝવીના તેહક઼ીક઼ી (સંશોધનાત્મક) લેખ "અહદે રઝા મેં વાબસ્તગાને રઝાકી સહાફતી ખિદમાત"માંથી યાદગારે રઝા, મુંબઈ ઈ.સ. ૨૦૦૯ના સંદર્ભે લેવામાં આવી છે. વિગત માટે ઉપરોક્ત તેહક઼ીક઼ લેખ જુઓ.)

આ અખ્બારો અને સામાયિકોએ ઈસ્લામી પત્રકારત્વને ઉત્તેજન આપ્યું. અખંડ ભારતમાં અંગ્રેજોના દુષ્પ્રભાવથી જન્મેલી અધર્મતાભરી માન્યતાઓનો જડબાતોડ જવાબ આપ્યો, પરંતુ છેવટે

એ જ વાત કે મુસલમાનોએ જ તેમના તરફ પૂરતું ધ્યાન ન આપ્યું અને પરિણામે એમનામાંથી અમુક તો થોડા અરસામાં બંધ થઈ ગયાં અને અમુક ઘણા આગળ સુધી પહોંચી હિંદુસ્તાનમાં ઈસ્લામી પત્રકારત્વની એક સારી છાપ છોડી ગયાં.

અવામમાં ખયાલો ફેલાવવા માટે સરળ માધ્યમ અખ્બારો છે. અમુક (અખ્બારો) સિવાય (અધિક્તમ અખ્બારો) પોતે આઝાદી (આઝાદ ખયાલી)ના રસિયા છે. બદ્‌મઝહબી બલ્કે નાસ્તિક્તાના ખયાલો જતા દિવસે પ્રકાશિત થાય (છે) એ (તો) ન ઝઘડો છે ન નફ્સાનિયત, પરંતુ (જો) હક્કનું સમર્થન અને તેના માટે પોતાનું કોઈ લખાણ આપવું એટલે ઝઘડામાં પડવું અને નફ્સાનિયત પર અડવું છે." (એટલે બદ્‌મઝહબી કે નાસ્તિક્તા ફેલાવે તેવું છાપે તેનો વાંધો ન લેવો પણ હક્કની તરફેણમાં તેમને રદિયો આપો તો તમે ઝઘડાળુ તથા નફ્સાનિયતમાં પડેલાં કહેવાઓ!) *(કુલ્લિયાતે મકાતીબે રઝા, ૨/૩૪૫)*

### ★ દીનની રક્ષા માટે રઝાની ભલી ભાવના ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ દીનની તબ્લીગ અને ઈસ્લામના પ્રચારને અખ્બારો અને સામાયિકોના પ્રકાશનનો મૂળ હેતુ ઠરાવ્યો. તે સમયના એક અખ્બાર અલ્ફકીહ (અમૃતસર) માટે જ્યારે આપનાથી કલમી (લેખન) સહાયની માગણી કરવામાં આવી તો આપે લેખન સહાયની સાથે સાથે આર્થિક મદદ પણ કરી અને ચેતવણી પણ આપી કે મૂળ હેતુ દીનના પ્રચાર પ્રસારનો જ હોય. મૌલાના મક્બૂલ અહમદ મિસ્બાહી લખે છે :–

"અલ્ફકીહ (અમૃતસર) અખ્બારનું વિમોચન થયું તો અખ્બારના તંત્રીએ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સમક્ષ અખ્બારની સહાયતા અને પ્રગતિ માટે ધ્યાન આપવાની દરખાસ્ત રજૂ કરી. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ પોતાના પરિવારના બાર (૧૨) સદસ્યોને તેના વાર્ષિક સભ્ય બનાવી દીધા તથા વ્યક્તિ દીઠ વાર્ષિક ત્રણ રૂપિયાના હિસાબે ૩૬ રૂપિયા રવાના કરી દીધા અને સ્પષ્ટ લખી આપ્યું કે "અખ્બાર સાથે અમારી આ સહાય ત્યાં સુધી રહેશે જ્યાં સુધી અખ્બાર ખાલિસ ઈસ્લામી ફિક (ખયાલો) અને અકીદા તથા અહલે સુન્નતના અકાઈદની તર્જુમાની (પ્રતિનિધિત્વ) કરતું રહેશે. જ્યારે પણ એમાં ફરક આવશે ત્યારે અહમદ રઝા કલમની સાથે સાથે પોતાનો હાથ પણ ખેંચી લેશે." *(માહનામા અશ્રફિયહ, મુબારકપુર, મે–૨૦૦૬, પેજ–૩, બહવાલા કુલ્લિયાતે મકાતીબે રઝા)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના યુગમાં અખ્બાર દબ્દબએ સિકંદરી (રામપૂર)એ પણ દીનના પ્રચાર પ્રસાર માટે નિઃસ્વાર્થ સેવાઓ આપી. ફિત્નએ ઈર્તેદાદ (વર્ષો પહેલાં મુસ્લિમ થયેલાઓને મુસ્લિમમાંથી ફરીથી હિંદુ કરવાની) "શુધ્ધિકરણ ચળવળ" જે કોમવાદી તત્વોએ ઘણી જ ગુપ્ત રીતે ઈસ્લામ વિરૂદ્ધ ચલાવી હતી એને નાબૂદ કરવામાં આ અખ્બારનો અગત્યનો રોલ રહ્યો. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના હુકમ અનુસાર "જમાઅતે રઝાએ મુસ્તફા"એ તે સમયે ઘણી જ સક્રિયતા દાખવી. દબ્દબએ સિકંદરીમાં જમાઅતની કામગીરીઓનો પળે પળનો રિપોર્ટ પ્રકાશિત થતો. સારાંશ કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના યુગમાં જ આપની બારગાહથી ફૈઝ પામનારા ખુશનસીબોએ ફિક્રે રઝા (આ'લા હઝરતના વિચારો) તથા આપના માર્ગદર્શન મુજબ અમલ પણ કરી બતાવ્યો જે એક અલગ વિષય છે.

### ★ અખ્બારી ક્ષેત્રે આપણી ગફલત અસહ્ય છે ! ★

શું આજે આપણે નથી જોઈ રહ્યા કે અખ્બારો તથા સામયિકોની હાલત કેવી અફસોસજનક છે ?! કોઈ અખ્બાર હક્ક વાત કહેવા તૈયાર નથી. અધિક્તમ અખ્બારો અને સામયિકો પશ્ચિમી હવા, આધુનિક્તા, અધર્મીપણુ અને મોર્ડનાઈઝેશનથી પ્રભાવિત છે. ઉર્દૂ પ્રકારત્વમાં પણ હવે ધાંધલી થઈ રહી છે. એ વાત પણ કાબિલે અફસોસ છે કે પત્રકારત્વ પર ગૈરોનો કબ્જો છે જે આપણી બેપરવાઈ અને ગફલતનું જ પરિણામ છે. એવું પણ નથી કે આપણે ત્યાં

લખવાવાળાઓની કમી છે પરંતું સામયિકો માટે લખવા પ્રતિ ધ્યાન ઓછું છે, એનું કારણ કોઈ પણ હોય પરંતું દીનના પ્રચાર પ્રસાર અને મસ્લકે હક્ક્ અહલે સુન્નત વલ જમાઅતના વિકાસ માટે અખ્બાર વગેરેથી ગફલત એક ગૈરજવાબદારી ભર્યું કામ છે. માટે નવયુવાન કલમકારોની હોંસલા અફઝાઈ કરવામાં આવે કે તેઓ આજના મીડિયા સાથે ખભેખભા મિલાવી મસ્લલે હક્ક્ મસ્લકે અહલે સુન્નતના પ્રચાર માટે કાર્યરત થઈ જાય. આ રીતે ફિક્રે આ'લા હઝરતની ઈશાઅત (પ્રચાર) અને બાતિલ ફિર્ક઼ાઓના પ્રપંચોથી ક઼ૌમની હિફાઝત પણ થશે.

ઈસ્લામમાં ચૌદસો વરસ પૂર્વથી જ પત્રકારત્વની વ્યવસ્થા સ્થાપિત છે, દીનની તબ્લીગ઼ અને હક્ક્ની દા'વત જ હકી઼ક઼તમાં આપણો પત્રકારત્વનો સફળ મોરચો છે, મસ્જિદના મિમ્બરો પણ દીનની દા'વતના મહત્વપૂર્ણ માધ્યમો છે. કુર્આને મુક઼દ્દસમાં હુકમ થયો :

وَلْتَكُنْ مِّنْكُمْ اُمَّةٌ يَّدْعُوْنَ اِلَى الْخَيْرِ وَيَاْمُرُوْنَ بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ ۔ وَاُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ

''અને તમારામાં એક ગિરોહ એવો હોવો જોઈએ જે ભલાઈ તરફ બોલાવે અને સારી વાતનો હુકમ આપે અને બુરી વાતથી રોકે અને એ (દીનની દા'વત આપનારા) જ લોકો મુરાદને પહોંચ્યા. (કામયાબ થયા) *(સૂ. આલે ઈમરાન–૧૦૪)*

આ આયતે કરીમામાં હક્ક્ વાત બીજાઓ સુધી પહોંચાડવાનો જ આગ્રહ કરવામાં આવ્યો છે તે પણ દીનની તબ્લીગ઼ અને હક્ક્ની દા'વત માટે મીડિયા અને પ્રેસના ખરા ઉપયોગ વિશે વિચારણા કરવા પર આપણને પ્રેરણા આપે છે.

**જરૂરત છે......**

મીડિયા અને પ્રેસના માધ્યમો દ્વારા મસ્લકે હક્ક્ના વિકાસની નિય્યતે કામ થઈ શકે છે. કહેવત છે ''શરાબે કુહના દર જામે નવ'' (નવા જામમાં પૂરાણી શરાબ) એ જ પ્રમાણે મુદ્દો એ જ રહે જે આપણને બુઝુર્ગાને દીનથી મળેલ છે પરંતું પ્યાલા નવા તક઼ાઝાઓ અને જરૂરતો મુજબ બદલતા રહેવું જોઈએ. ચુસ્તપણે શરીઅતના વર્તુળમાં રહી શરીઅત મુજબ જ પ્રેસના માધ્યમોને ઈસ્લામ તથા સુન્નિયતના પ્રસાર માટે અપનાવવાની જરૂરત છે.

આજે મિસાઈલ અને બોંબ દ્વારા યુધ્ધ થઈ રહ્યાં છે, જો આપણે તલવાર અને ઢાલ લઈ મિસાઈલ અને બોંબના હુમ્લા રોકવા જઈશું તો આપણુ નામ સુધ્ધાં બાકી નહીં રહે ! હવે જરૂરત છે અહલે સુન્નતના અકી઼દાઓના વિકાસ અને સુરક્ષા માટે ફિક્રે રઝાના માર્ગદર્શનમાં ઈન્ટરનેટ, સેટેલાઈટ અને પ્રિન્ટ મીડિયાના સદ્ઉપયોગથી ખુશ્નુમા ઈન્ક઼લાબ લાવવાની.

***બે મહેનતે પયહમ કોઈ જૌહર નહીં ખિલતા !***

જરૂરત છે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની તા'લીમાત પર અમલ કરી ક઼ૌમની સહી રહનુમાઈ અને ફિક્રી તર્બિયત કરવાની. પ્રચાર માધ્યમોનો ઉપયોગ ઈસ્લામના પ્રચારના માટે કરવામાં આવે તો ખયાલોના બાગમાં વસંત ખીલી ઉઠશે અને અકી઼દો તથા ઈમાન તાજુ થઈ જશે.

**રખતા હૈ અબ તક મયખાનએ મશ્રિક઼**
**વો મય કે જિસ સે રોશન હો ઈદરાક**

*(માહનામા સુન્ની દુન્યા–બરેલી શરીફ, સપ્ટે–૨૦૧૨)*

સુન્ની મુસ્લિમ અવામને અંતમાં વિનંતિ છે કે કમસે કમ એટલું તો કરે કે અખ્બારી ક્ષેત્રે આપણા જે સામાયિકો, માસિકો ખાલિસ અહલે સુન્નતની ખિદમત કરી રહેલ છે, અને નિઃસંકોચપણે, નીડરતાપૂર્વક ઈસ્લામ સામે તથા સુન્નિયત સામે જે વાંધા ગૈરો કરે છે તથા ગલત આક્ષેપો કરે છે તેનો સચોટ જવાબ ડંકાની ચોટ પર આપનાર સુન્ની સામાયિકો, માસિકોના ખરીદનાર બની તેને જરૂર સાથ આપે, જેમ કે **''બરકાતે ખ્વાજા''** (માસિક)ના જરૂરથી ગ્રાહક બની બનાવી એલાને હક્ક્ કરતા આ સુન્ની માસિકને જીવંત રાખે એ જ અહીં સુન્નિયતની ખરી લાગણી પણ ગણાશે.

# બદ્અક઼ીદા પાસે તૌબાનામા પર સહી કરાવી નિકાહ કરવા કેવું ?!

રજૂકર્તા : **હઝરત મુફ્તી મુઝમ્મિલ બરકાતી** *(દારુલ ઈફતા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*આજે લોકો ગમે તેની સાથે પ્રથમ વિચાર્યા વિના, પાકી તપાસ વિના શાદીની સગાઈ કરી નાખે છે પછી જ્યારે દીનો સુન્નિયતના રક્ષક આલિમો બતાવે છે કે અન્ય ફિર્ક઼ાવાળા (વહાબી, દેવબંદી વગેરે) સાથે નિકાહ જ થતો નથી ! તો નિકાહ કરાવવા માટે શામ, દામ, દંડ થકી તેના માર્ગો કાઢવા પ્રયાસો થાય છે ! છેવટે કાંઈ નથી થતું તો સામેની બદ્અક઼ીદા વ્યક્તિ (દુલ્હા કે દુલ્હન) પાસે તૌબાનામા પર સહી કરાવી તેને સુન્ની ઠરાવી નિકાહ માટે જાઈઝનો માર્ગ શોધવામાં આવે છે, આ સંજોગોને જોતાં આ તૌબા ઔપચારિક જ જણાય છે. આ પરથી મને એક વાત યાદ આવી જે વર્તમાન પત્રોમાં વાંચેલી જેની મોટાભાગનાને ખબર નહીં હોય કે "ફિલ્મી કલાકારો ધર્મેન્દ્ર તથા હેમામાલિની મુસલમાન થયેલાં ! જો કે તેઓ યથાવત જ પોતાના મઝહબ પર રહ્યાં છે, પણ બીજી શાદી થઈ જાય માટે ઈસ્લામ ઓન પેપર સ્વીકારેલો." અહીં પણ એ જ સ્થિતિ જેવું જણાય છે. તો બદ્અક઼ીદાઓથી તૌબા કરતા "તૌબાનામા" પર સહી કરી કરાવી નિકાહ થાય તેમાં શરીઅતની રૂએ શું કાળજી રાખવી જોઈએ તે મસ્અલાની છણાવટ અત્રે રજૂ કરીએ છીએ. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

نَحْمَدُهٗ وَنُصَلِّیْ وَنُسَلِّمُ عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

નિકાહ એક એવો પાકીઝા રિશ્તો છે જે અલ્લાહ તઆલાએ પુરૂષ તથા સ્ત્રી વચ્ચે મહોબ્બત પેદા કરવાના માટે અને તેમના થકી માનવવંશમાં વધારો કરવાના માટે ઉતાર્યો. જેમ કે રબ તઆલા ફર્માવે છે : "અને તેની નિશાનીઓમાંથી છે કે તમારા માટે તમારી જ જાતિઓમાં જોડાં બનાવ્યાં કે તેમનાથી રાહત પામો, અને તમારા આપસમાં મહોબ્બત તથા રહમત રાખી." *(પારા : ૨૧, સૂરએ રૂમ : ૨૧)* અને અલ્લાહના રસૂલ ﷺ ફર્માવે છે, "બે મહોબ્બત કરવાવાળાંઓ માટે નિકાહ જેવી કોઈ ચીજ જોવામાં નથી આવી." *(મિશ્કાત, પેજ : ૨૬૮)* એ પણ હક઼ીક઼ત છે કે મહોબ્બતમાં માણસ સર્વ કાંઈ ભૂલી જાય છે, આસપાસથી તદન બેભાન થઈ જાય છે, ન કાંઈ તેને સુઝે છે ન દેખાય છે. જેના માટે ખૂદ હદીષે પાક સાક્ષી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મહોબ્બત આંધળો બહેરો કરી નાખે છે." *(ફતાવા રઝવિય્યહ્, ૫/૨૬૬)*

**★ શ્રેષ્ઠ દૌલત કઈ ? ઈમાનવાળી નેક પત્ની ! ★**

એટલા માટે ઘણુ જ શક્ય હતું કે મુસલમાન મુસલમાન મહોબ્બતની હવામાં દીન તથા તક઼્વાને ભૂલી જાય, જેથી ઠેકઠેકાણે હદીષોમાં સગાઈ કરતી વખતે દીનને અગ્રતા આપવાની અને દીનદાર સ્ત્રી સાથે શાદી કરવાની તાક઼ીદ કરવામાં આવી, અને બેદીન તથા બદ્કાર સ્ત્રીથી દૂર રહેવાની સૂચના આપવામાં આવી. જેમ કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "દુનિયા ઉપયોગનો સામાન છે અને બેહતરીન સામાન તે પત્ની છે જે આખેરતનાં કામોમાં પોતાના પતિની મદદગાર થાય." *(રઝીન)* અને હઝરત ષૌબાન رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે આ આયત નાઝિલ થઈ : (અર્થ) : "જે લોકો સોનું ચાંદી ભેગુ કરી રાખે છે અને ખુદાના માર્ગમાં ખર્ચ નથી કરતા તેમને દર્દનાક અઝાબની ખુશખબરી આપી દો." *(સૂરએ તૌબા, આ. ૩૪)* અમે એ વખતે રસૂલુલ્લાહ

ﷺની સાથે કોઈક સફરમાં હતા. તો હુઝૂર ﷺના કેટલાક સહાબાએ કહ્યું કે, કાશ ! અમને માલૂમ થઈ જાત કે બેહતરીન માલ શું છે તો તેને જ અપનાવી લેત." એના પર હુઝૂર ﷺએ ફર્માવ્યું, "બેહતરીન માલ ઝિક્ર કરવાવાળી જીભ, શુક્ર કરનારુ દિલ અને ઈમાનવાળી પત્ની જે પોતાના પતિના ઈમાન પર તેની મદદગાર બને." *(ઈબ્ને માજહ, તિર્મિઝી)*

**★ સ્ત્રીથી નિકાહ ક્યા કારણે કરવો ? ★**

અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "સ્ત્રી સાથે ચાર ચીજોના કારણે નિકાહ કરવામાં આવે છે : તેણીની દૌલત, તેના વંશ તથા ખાનદાન, તેણીનો હુસ્નો જમાલ (સુંદરતા) અને તેણીના દીનના કારણે. તમારા પર લાઝિમ છે કે દીનવાળી સ્ત્રીને અપનાવો." *(મિશ્કાત, પેજ : ૨૬૭, બહવાલા બુખારી વ મુસ્લિમ)* હઝરત અલ્લામા અલી કારી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં ફર્માવે છે કે અહીં દીનથી દીને ઈસ્લામ અને દીનદારી બંનેવ મુરાદ હોઈ શકે છે. *(મિર્કાત, ૬/૨૬૫)* અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, સ્ત્રીઓ સાથે કેવળ તેણીઓના હુસ્નના સબબે નિકાહ ન કરો, શક્ય છે તેમનું હુસ્ન તમને તબાહીમાં ફેંકી દે, અને ન તો તેણીઓની માલ મિલ્કતના કારણે શાદી કરો, કેમ કે શક્ય છે કે તેમનો માલ તમને ગુનાહોમાં સપડાવી દે. બલ્કે તેણીઓની દીનદારીના કારણે તેમની સાથે નિકાહ કરો." પછી ફર્માવ્યું, "ચપટી નાક, કાળા રંગવાળી દીનદાર સ્ત્રી (ખૂબસૂરત આઝાદ બદ્કાર સ્ત્રી કરતાં) અફઝલ છે." *(ઈબ્ને માજહ)*

આ સ્થળે "મિશ્કાતુલ મફાતીહ"માં એક પ્રસંગ નક્લ થયેલો છે કે એક શખ્સ હઝરત ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે મારી એક પુત્રી છે એની સાથે સગાઈ કરવા માટે કેટલાયે લોકો પયગામ આપે છે તો આપ મને શું સલાહ આપો છો ? આપે ફર્માવ્યું કે એવી વ્યક્તિ સાથે શાદી કર જે ખુદાનો ખૌફ પોતાના દિલમાં રાખે, કેમ કે જો તે તારી પુત્રીથી મહોબ્બત કરશે તો તેને ઈજ્જત આપશે, અને કદીક કોઈક કારણે તેણીથી નફરત કરે તો તેણી પર જુલ્મ નહીં કરે. *(૬/૨૬૫)*

એનાથી ઉલ્ટુ, નબી કરીમ ﷺએ બદ્મઝહબો તથા બેદીનોના વિશે સ્પષ્ટપણે ફર્માવ્યું, "ન તેમની સાથે ઉઠો બેસો, ન તેમની સાથે ખાવો પીઓ, ન તો તેમની સાથે આપસમાં નિકાહના સંબંધો જોડો." *(ઈબ્ને માજહ)*

**★ આજે શાદી શું જોઈને થાય છે ?! ★**

પણ આજના દૌરમાં મુસલમાનોએ એ હદીષોથી નજરો ફેરવીને હુસ્ન તથા દૌલતની પાછળ દોટ મૂકી છે, ન દિલમાં ખૌફે ખુદા છે, ન પોતાની ન આવનારી ઔલાદની આખેરતની કોઈ ફિકર છે. અને રોજબરોજ બદ્મઝહબો સાથે શાદી વિવાહનો રિવાજ વધવા લાગ્યો છે. જો સમાજના દીનદાર લોકો તથા મસ્જિદના ઈમામોની તરફથી ક્યારેક વિરોધ થાય છે તો જાત જાતના રસ્તા કાઢવાની કોશિશ કરવામાં આવે છે. અને પોતાના પ્રભાવ તથા દૌલતના જોર પર અથવા કોઈ અન્ય તરીકાથી પૂરું જોર લગાડી દેવામાં આવે છે કે કોઈ પણ રીતે નિકાહ થઈ જાય. અને કાંઈ નહીં તો છેવટે તૌબાનામા પર સહી કરાવીને પણ શાદી કરી દેવામાં આવે છે. પણ જોવામાં આવે છે કે સામાન્યતઃ એવા લોકોના હાલાત શાદી પછી એવા જ રહે છે જે એનાથી પહેલાં હતા. ઘણા જ ઓછા લોકો એવા મળશે જે આ પ્રકારના પુરૂષ કે સ્ત્રી સાથે શાદી કર્યા બાદ તેમને અહલે સુન્નત વ જમાઅતના અકીદા પર ખરેખર ઢાળી શક્યા હોય. (મોટાભાગે શાદી કરવા પૂરતી તૌબાનામાની વિધિ કરવામાં આવે છે !) આવો ! જોઈએ કે સાચી તૌબા કોને કહે છે ?

**★ સાચી તૌબા કોને કહેવાશે ? ★**

ઈમામે અહલે સુન્નત સૈયદના આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે કે, "સાચી તૌબાનો અર્થ એ છે કે

ગુનોહ કે જે રબની નાફર્માની કરી હતી તેના પર શર્મિંદગી તથા પસ્તાવો કરીને તુરત જ તેને ત્યજી આપે, અને ભવિષ્યમાં કદી એ ગુનાહની પાસે ન જવાનો સાચા દિલથી પાકો નિશ્ચય કરે.'' *(ફતાવા રઝવિય્યહ–૯, નિસ્ફ અવ્વલ–૯૭)* તો જ્યારે તૌબાના સહીહ અને કૃબૂલ થવા માટે એ જરૂરી છે કે ભવિષ્યમાં જાણીબુઝીને ફરી એ ગુનાહમાં ન પડે કે જેનાથી તૌબા કરી ચૂક્યો છે. જ્યારે આજે સામાન્યતઃ બદ્‌મઝહબોને તૌબા (ઔપચારિકરૂપ) કરાવીને તુરત જ શાદી કરાવી દેવામાં આવે છે, પણ શાદી બાદ તેમની સ્થિતિ પહેલાં જેવી જ રહેતી હોય છે. (ઈલ્લા માશા અલ્લાહ !) જેમ કે એ જ અનુભવવામાં આવેલ છે★.

જેથી આવી સ્થિતિમાં એવું હોવું જોઈએ કે તૌબા પછી તુરત જ નિકાહખ્વાની કરવાને બદલે કેટલાક સમય સુધી સસુરાલવાળાં રોકાઈ રહે અને એ અરસામાં એના પર ધ્યાન રાખે કે તૌબા કરનાર મામલાઓમાં અહલે સુન્નતના અક્‌ીદા મુજબ છે કે નથી ?! જ્યારે તેની તૌબા સાચા દિલથી છે તેનો સંતોષ થઈ જાય અને તેના ચાલચલણથી તૌબાની અસરો પ્રદર્શિત થતી જોવા મળે તો એ વખતે શાદીની વાત આગળ વધારે. નહીં તો જો તુરત શાદી કરાવી આપી તો (જાહેરમાં તો) નિકાહ થઈ જશે પણ મુસલમાનોનાં દિલ હજી એની તૌબાથી સંપૂર્ણપણે સાફ ન થશે. અને આ ખતરાઓમાં પણ વિના કારણે નથી કે એના પ્રતિ લક્ષ ન આપવામાં આવે, બલ્કે અનુભવો પણ એ ખતરાઓનું સમર્થન કરે છે. અને ખુદા ન ખ્વાસ્તા તેનું ચાલચલન તે જ રહ્યું જે શાદીથી પહેલાં હતું તો સુન્ની છોકરા કે છોકરીની આખેરત પણ ખરાબ થઈ જશે અને તેના સરપરસ્ત પણ તે વબાલમાં સપડાશે જેમણે આ પ્રકારના સંબંધને કૃબૂલ કર્યો અને તેમના નિકાહ કર્યા.

જેમ કે રબ તઆલા ફર્માવે છે : ''અને જ્યારે તમને કહેવામાં આવે કે તમારા રબે શું ઉતાર્યું ! કહે, આગલાઓની કહાનીઓ છે કે કૃયામતના દિવસે પોતાના બોજ ઉઠાવે અને કેટલાક બોજ એમના જેમને પોતાની જેહાલતથી ગુમરાહ કરે છે.'' *(સૂરએ નહલ–૨૫, પારા : ૧૪)* અને હદીષે પાકમાં આવ્યું છે કે જેણે ઈસ્લામમાં કોઈ બુરા તરીક્‌ાને રિવાજ આપ્યો તો તેને રિવાજ આપવાનો ગુનોહ તથા તેને કરનારાઓના ગુનાહોના બરાબર ગુનોહ મળશે, એ વિના કે તે ગુનાહ કરવાવાળાઓના ગુનાહમાં કોઈ કમી થાય. *(મિશ્કાત શરીફ)*

અને આ હુકમ એટલા માટે આપવામાં આવ્યો છે કે જેવો અને જે પ્રકારનો ગુનોહ થાય છે તેની તૌબા પણ તેવી જ હોય છે. અને જાહેરમાં થતા ગુનાહને બે સંબંધો હોય છે. એક સંબંધ ખુદા સાથે કે તે ખુદાની નજીક નાફર્માન ઠરે છે, સજાનો હક્ક્‌દાર બને છે. અને બીજો સંબંધ બંદાઓ સાથે કે લોકોની સમક્ષ તે પોતાના ગુનાહોના પ્રમાણે ફાસિક્‌, ગુનેહગાર, જાલિમ, બદ્‌મઝહબ કે કાફિર ઠરે છે, જેના પરિણામે તેમનાં દિલોમાં તેના સંબંધે નફરત તથા બેઝારી પેદા થઈ જાય છે અને તે ઝલીલો રુસ્વા થઈ જાય છે અને લોકો તેની સાથે સલામ કલામ સૌ બંધ કરી આપે છે. એ જ પ્રમાણે એ ગુનાહની તૌબાનાં પણ બે પાસાં હોય છે, એક ખુદાની તરફ જેના માટે સાચા દિલથી તેનું પોતાના ગુનાહથી દૂર થવું તથા શર્મિંદગીનું જાહેર કરવું પૂરતુ છે. બીજુ પાસુ મખ્લૂક્‌ની તરફ, કે તેની તૌબા લોકોની નજીક એ રીતે જાહેર થઈ જાય કે દિલોમાં જે નફરત હતી તે દૂર થઈ જાય, મેલજોલ શરૂ થઈ જાય, વાતચીત વગેરેનો

*★અનુભવવામાં આવેલ છે કે દેવબંદીની છોકરીઓને જેઓ પોતે સુન્ની હોવા છતાં લાવ્યા, તો મોટાભાગે તેણીઓ તેમના બદ્‌અક્‌ીદા માબાપો સાથે સંબંધ રાખતી રહી તથા તેમને દેવબંદી અક્‌ીદાવાળા હોવા છતાં મુસલમાન જાણતી રહી, કેવળ ન્યાઝ ફાતિહા પૂરતી જાહેરમાં સુન્ની બની. તેમજ અનુભવે બતાવ્યું કે આવી જ સ્ત્રીઓએ છેવટે બાળકો થતાં તેમને દેવબંદી મદ્રસામાં જ પઢવા મોકલ્યાં અને છેવટે સૌ ઘરવાળાંને તે જ બનાવી દીધાં. –તંત્રી*

ક્રમ શરૂ થઈ જાય અને તેના સ્થાન પ્રમાણે તેની તા'ઝીમના કામો અંજામ પામે, એના માટે શરીઅતે બે તરીક઼ા રાખેલા છે, એક એ કે તેની સાથે મેલજોલ તથા વહેવાર ન રાખવામાં આવે. બીજો એ કે તેની તા'ઝીમના સંબંધી બાબતો દા.ત. તેની ઈક઼્તેદામાં નમાઝ પઢવાથી, તેની ગવાહી માન્ય રાખવાથી દૂર રહેવામાં આવે અને એના પર સંપૂર્ણ નજર રાખવામાં આવે કે તે પોતાની તૌબા પર કેટલા હદે ક઼ાયમ છે, ત્યાં સુધી કે તેની તૌબાની સચ્ચાઈ પર દિલ સંતુષ્ઠ થઈ જાય.'' જેમ કે સૈયદના ફ઼ારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના ખિલાફતકાળમાં ઈરાક઼માં એક શખ્સ બદ્અક઼ીદગીની વાતો કરવા લાગ્યો. જ્યારે આપને એની ખબર મળી તો તેને ખિલાફતના દરબારમાં બોલાવ્યો અને પૂછતાછ કર્યા બાદ ખજૂરની ડાળીઓ વડે પિટાઈ કરી ત્યાં સુધી કે લોહી નીકળી આવ્યું, પછી તેને કૈદખાનામાં મોકલી આપ્યો. ત્રણ દિવસ સુધી આપે એવું જ કર્યું, ત્યાં સુધી કે તેણે ગલત ખયાલોથી તૌબા કરી. તો હઝરત ઉમર رضی اللہ عنہએ તેને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہની પાસે મોકલી આપ્યો અને હુકમ આપ્યો કે કોઈ તેની પાસે ન બેસે, ન મેલજોલ રાખે. પછી જ્યારે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ ખબર આપી કે હવે તેનો હાલ નેક છે. એ વખતે હઝરત ઉમર رضی اللہ عنہએ મુસલમાનોને એની પાસે બેસવાની ઈજાઝત આપી. *(સારાંશ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૯, નિસ્ફ અવ્વલ, ૨૫૬–૨૫૭)* અને ધોકાની કોઈ નિશાની જાહેર ન થઈ.'' *(શરીઅતના હુકમની પાબંદી ત્યારના લોકોએ એ રીતે કરી હતી કે ૧૦૦ માણસો બેઠેલા હોય અને તે શખ્સ આવી જતો તો સૌ ઉઠીને વિખેરાઈ જતા !)*

તો આપણા વિષયની સ્થિતિમાં જ્યારે બદ્મઝહબે તૌબાનામા પર સહી કરી આપી તો આપણે તેને સુન્ની સમજીશું. (એમ સમજીને કે ખરેખર તૌબા કરી હશે) પણ વર્તમાન સંજોગોને ધ્યાનમાં લેતાં મુસલમાનોની નજીક તેની તૌબાના સહીપણા પર ઈત્મિનાનના માટે કેટલીક મુદત સુધી સાસરીવાળાં ઈન્તેઝાર કરે અને એ મુદતમાં ઉપરોક્ત બંને તરીક઼ાઓ પર અમલ કરીને જુએ કે તેના ચાલ ચલણ, રહેણી કરણીથી કેટલા અંશે સુન્નિયતની અસરો જોવા મળે છે અને કેટલા અંશે તે પોતાની તૌબામાં સાચો છે ? ત્યાં સુધી કે જ્યારે તેની સુન્નિયત પર ઈત્મિનાન તથા વિશ્વાસ થઈ જાય તો હવે શાદીની વાત આગળ વધારે, નહીં તો જો જરા સરખી પણ કમી જુએ તો તુરત જ સંબંધ તોડી આપે, ચાહે તે કેટલોય પ્રિય કેમ ન હોય. અને દુનિયાના થોડા દિવસના એશઆરામ ખાતર ખુદારા આખેરતના સખ્ત તથા લાંબા ગાળાના અઝાબને હરગિઝ ન ખરીદી લે, અને એ રહીમો કરીમના રહમો કરમ પર કામિલ ભરોસો રાખે કે તે તેમની પુત્રીઓ પુત્રોને આમ જ શાદી વિનાનાં ન રાખશે, ભલે સમાજવાળા કે સગાંઓ ગમે તે કહે, બલ્કે તેમને એનાથી પણ હજારગણુ બેહતર ખાનદાન અતા ફ઼ર્માવશે. જેમ કે હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاએ જ્યારે પોતાના પતિ અબ્દુલ્લાહ બિન જહશના ઈસાઈ ધર્મ અપનાવવાના સંજોગોમાં તેમનાથી તલાક઼ લઈ લીધી તો સૈયદે કાઈનાત રહમતે આલમ صلی اللہ علیہ وسلمએ તેમને પોતાના નિકાહમાં લઈ બુઝુર્ગી અતા ફ઼ર્માવી.

રહી વાત તૌબા પછી ઈન્તેઝારની મુદતની, તો એના માટે કોઈ મુદત નિશ્ચિત નથી, બલ્કે એટલો અરસો પસાર થવો જોઈએ કે જેમાં તૌબાના સહીહપણા પર ઈત્મિનાન થઈ જાય. અને એ દરેક વ્યક્તિની હાલતના પ્રમાણે વિવિધ હોય છે. જેમ કે ઈમામ ક઼ાઝીખાં عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان ફ઼ર્માવે છે કે, ''ફ઼ાસિક઼ જ્યારે તૌબા કરી લે તો એની ગવાહી સ્વીકાર્ય નથી જ્યાં સુધી એટલો સમય ન પસાર થઈ જાય કે તૌબાની અસરો એના પર જાહેર થાય.'' *(૨/૪૬૧)*

**નોંધ** : આ લખાણ કેવળ અને કેવળ સુન્ની અવામને સાચી સમજ આપવા માટે રજૂ કર્યુ છે, કેમ કે ગુજરાતમાં ઘણે ઠેકાણે આવી બાબત ઉભી થાય છે, જેથી કોઈએ બંધબેસતી પાઘડી પહેરી ન લેવા વિનંતિ છે. –*તંત્રી*

## બરકાતે ખ્વાજાની ટપાલ.......કાર્યાલય

### ★ યાદગારે ઉમર વ ઉષ્માન رضی اللہ عنہما ★

**દયાદરા** : દયાદરા જામા મસ્જિદ ખાતે ૧૮ ઝિલ હજ્જ તથા ૨૬ ઝિલ હજ્જના દિવસોએ અનુક્રમે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ તથા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની શહાદતના દિવસોમાં આ ઈસ્લામના મહાન ખલીફાઓની યાદમાં તા. ૪–૧૧–૨૦૧૨ તથા ૧૧–૧૧–૨૦૧૨ના રોજ સુન્ની દાવતે ઈસ્લામીના હપ્તાવારી ઈજતેમામાં અસર બાદ યાસીન શરીફના ખતમ બાદ બંને હઝરાતના ફઝાઈલ, કમાલાત તથા દીન પર અડગતા વિશે શાનદાર બયાન હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)એ કર્યું હતું.

### ★ સુન્ની તર્બિયતી ઈજતેમા ★

**સૂરત** : ખાતે ''સુન્ની દાવતે ઈસ્લામી'' થકી મર્કઝ અકબર શહીદ મસ્જિદ ખાતે ''જશ્ને હઝરત ઈબ્રાહીમ વ ઈસ્માઈલ'' علیہم السلام તા. ૨૦–૧૦–૨૦૧૨ શનિવારે ઈશા બાદ થયો જેમાં હઝરત અલ્લામા તલ્હા અશરફ કછોછવીએ તર્બિયતી ઈજતેમામાં હાજરી પર ખુશી પ્રદર્શિત કરી અને મઝારાતે અવલિયા પર ગૈર શરઈ કામો થાય છે તેના પર રોશની વેરતાં ઉર્સો શરીઅત પ્રમાણે થાય એના પર કલમ ઉઠાવવા ઉલમાને પણ અપીલ કરી. ઉપરાંત હઝરત અલ્લામા મુફતી નસીમ રઝા સાહબે સરળ અંદાઝમાં કુર્બાનીના મસાઈલ શીખવાડયા હતા. હઝરત મૌલાના સૈયદ મુહયુદ્દીન સાહબ (ખતીબો ઈમામ ખ્વાજાદાના મસ્જિદ)એ છેવટમાં સલામ પઢાવી, હઝરત તલ્હા અશરફ સાહબની દુઆ પણ ઈજતેમા ખત્મ થયો હતો. *(રજૂ. મુહમ્મદ ઝુબેર જયબી : મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

### ★ શાદી મુબારક ! ★

**ભરૂચ** : વસીમ વીલા ખાતે જનાબ મુહમ્મદ રફીકભાઈ અલીભાઈ આમોદી (દયાદરાવાળા)ની નેક દુખ્તર નિલોફરબાનુના નિકાહ તા. ૪–૧૧–૨૦૧૨ (૧૯–ઝિલ હજ્જ–૧૪૩૩) રવિવારે કરજણ નિવાસી મુબારક હાજી અહમદના નેક ફરઝંદ મુહમ્મદ આસિફ સાથે રાખવામાં આવ્યા. મુબારકબાદ ! અલ્લાહ તઆલા બંને જહાનની ખુશીઓ નસીબ ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : બીજલી નગર, સબ જેલ ગ્રાઉન્ડ પાસે જનાબ સૈયદ શબ્બીર અહમદ મુસ્તફામિયાં કાદરી (Asst. પો. માસ્તર, G.P.O. ભરૂચ)ના નેક ફરઝંદ મંઝૂર ઈલાહીની શાદી તા. ૪–૧૧–૨૦૧૨ના રોજ ફૈઝપાર્ક ભરૂચ ખાતે સૈયદ ઈકબાલ હુસૈનની નેક દુખ્તર શબાનાબાનુ સાથે, અને તા. ૫–૧૧–૨૦૧૨ના રોજ તેમની નેક દુખ્તર તબસ્સુમ બાનુની શાદી સલીમુલ્લાહ ખતીબના નેક ફરઝંદ ઈમરાનુલ્લાહ સાથે બીજલી નગર ખાતે રાખવામાં આવી. આ શાદી નિમિત્તે ૨–૧૧–૨૦૧૨ જુમ્આના રોજ ઈશા બાદ બીજલી નગર ખાતે ''મેહફિલે સમાએ નઅત''નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)એ નઅતે પાકની સાથોસાથ ઈસ્લામ તથા ઈસ્લામી જિંદગીનું મહત્વ સમજાવતું બયાન પણ પોતાના આગવા અંદાઝમાં કર્યું હતું. સૈયદ સાહબ તેમજ દુલ્હા દુલ્હનો બંનેના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : મુકામે જનાબ સુલેમાન વલી નમાઝીના નેક ફરઝંદ મુહમ્મદ નવાઝના નિકાહ પાલેજ નિવાસી યાકુબ યુસૂફ આમનજી કંબોલીવાળાની નેક દુખ્તર ફઝીલાબાનુ સાથે ૨૫ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૩૩, તા. ૧૦–૧૧–૨૦૧૨ના રોજ જુમ્આની નમાઝ બાદ કસીદા બુર્દા શરીફ, નઅતે પાક પેશ કર્યા બાદ તેમના

ઘરે થયા હતા. દુલ્હા દુલ્હન તથા બંનેના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺમાં સૌને બંને જહાનની ખુશીઓ બરકતોથી નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે ર૬ ઝિલ હજ્જ હિ.સ. ૧૪૩૩, તા. ૧૧–૧૧–૨૦૧૨ રવિવારના રોજ ઈકબાલ હુસૈન બરકતશા અબ્દાલની નેક દુખ્તર ફરજાનાની શાદી ચાંચવેલ નિવાસી અસ્લમ કાસમભાઈ અબ્દાલના નેક ફરઝંદ ઈમરાન સાથે રાખવામાં આવી. દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા સૌને ભરપુર ખુશીઓભર્યુ જીવન નસીબ કરે. (આમીન)

*–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ★

**હલદરવા** : મુકામે એમનબેન યૂસુફભાઈ પટેલનો ઈન્તેકાલ ર૯–ઝિલ કઅદ હિ.સ. ૧૪૩૩, તા. ૧૬–૧૦–૨૦૧૨ મંગળવારે થયો હતો. મગરિબ બાદ દફન વિધિ થઈ હતી જેમાં ગ્રામ્યજનો, બહારના સંબંધીઓ તેમજ દારુલ ઉલૂમ મુસ્તફાઈયા–હલદરવાના હુફ્ફાઝ ઉસ્તાદો વગેરેએ હાજરી આપી હતી. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) દારુલ ઉલૂમ મુસ્તફાઈયા–હલદરવા તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરી દુઆએ મગફેરત કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભાલેજ** : મુકામે જનાબ હાફેઝ સઈદ ભાલેજવાળાના દાદીમાનો તા. ૨૪–૮–૨૦૧૨ના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે એમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૫૦૦/– બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે. આમીન *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નાગપુર** : મુફતીએ આ'ઝમ મહારાષ્ટ્ર હઝરત અલ્લામા અલ્હાજ મુફતી મુહમ્મદ મુજીબ અશરફ સાહબ કિબ્લા ખલીફ–એ–હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદના અહેલિયાએ મોહતરમા તા. ૩–૧૦–૨૦૧૨ને બુધવારના દિવસે સવારના સાત કલાકે અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. આવા ગમઅંગેઝ મોકા ઉપર હઝરત અલ્લામા મુફતી મુજીબ અશરફ સાહબ હજ્જે બયતુલ્લાહના (ર૭મા) મુબારક સફર માટે રવાના થઈ ચૂક્યા હતા.

અલ્લાહ તઆલા મર્હૂમાની બાલ બાલ મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં આલા મકામ અતા ફર્માવે અને આપ્તજનોને સબ્રે જમીલ અતા ફર્માવે. આમીન *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ છોકરીઓનું યતીમખાનુ ★

સર્વ પ્રથમ વખત સમગ્ર સૌરાષ્ટ્રમાં મુસ્લિમ યતીમ દિકરીઓ માટે અદ્યતન સુવિધાથી સભર દારુલ ઉલૂમ ફયઝુર્રહમાન, જૂનાગઢ સંચાલિત દારુલ યતામા લિલ–બનાત (છોકરીઓનું યતીમખાનું) શરૂ કરેલ છે. જેની એડમિશન પ્રક્રિયા શરૂ છે. છોકરીની ઉમર આઠ વર્ષની હોવી જોઈએ અને તેના પિતાના મરણ પ્રમાણપત્રની ઝેરોક્ષ આપવી જરૂરી છે. યતીમખાનામાં દીની દુન્યવી તાલીમ આપવામાં આવશે. રહેવા જમવાની સગવડ, કિતાબો, કપડાની ધુલાઈ વગેરે મફત સુવિધા છે. વહેલા તે પહેલાનાં ધોરણે એડમિશન ચાલુ છે તે માટે નીચેના સરનામે સંપર્ક કરવો.

દારુલ યતામા લિલ–બનાત (છોકરીઓનું યતીમખાનું) અને જામિઆ આઈશા, સંઘાડીયા બજાર, ચારાપીઠનાં નાકે, **જૂનાગઢ**, મો. ૯૯૨૪૨ ૮૩૧૯૫, ૯૮૨૪૨ ૬૧૨૫૬

## અલ્લાહ જઝાએ ખૈર અતા કરે !

★ **મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર)** થકી ૩–**હાફિઝ** થનાર તલબાના તથા ૧ **સૈયદ** તાલિબે ઈલ્મના વાર્ષિક ખર્ચ પેટે **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"**ને સખીદાતાઓ તરફથી દરેકના મંથલી રૂા. ૧૦૦૦/– પેટે જમા કરાવવામાં આવ્યા છે.

★ **મર્હૂમ હાજી ઈસ્માઈલ અલી ચોકવાલા**ના ઈસાલે સવાબ અર્થે કુટુંબીજનો તરફથી રૂા. ૧૫,૦૦૦/– તથા રૂા. ૫,૦૦૦/– ન્યાઝ માટે **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"**ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની તેમજ તેમના ખાનદાનના દરેક સુન્ની મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

★ **હાફેઝ ગુલામ હુસૈન રઝવી કોલવણાવાળા** હાલ લંડન (યુ.કે.) તરફથી **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"**ના તમામ તલ્બા તથા સ્ટાફ માટે એક એક જોડી કપડા, તેમજ એક તાલિબે ઈલ્મની વાર્ષિક ખોરાકી રૂા. ૫૦૦/– લેખે મળ્યા છે. જઝાકલ્લાહ અલ્લાહ તબારક વ તઆલા તેના હબીબ ﷺના સદકામાં તેમની તમામ જાઈઝ મુરાદો પૂરી ફર્માવે. (આમીન)

રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં તથા ગૌષ પાક رحمۃ اللہ علیہ તથા ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના વસીલાથી સૌની નેકી કબૂલ કરી બંને જહાનમાં તેમને બદલો આપે. (આમીન) *–તંત્રી*

## ભાવનગરમાં સુન્ની ઈજતેમા

**ભાવનગર :** ખાતે **તા. ૨૯ તથા ૩૦ ડિસેમ્બર** શનિ–રવિ **સુન્ની દાવતે ઈસ્લામી**નો શાનદાર બે દિવસીય સુન્ની ઈજતેમા "શાંતિલાલ શાહ હાઈસ્કૂલ ક્રિકેટ ગ્રાઉન્ડ" (ક્રેસન્ટ સર્કલ પાસે) થશે. શનિવારે બપોરના ત્રણથી રાતના નવ સુધી બહેનો માટે અને રવિવારે સવારના દસ વાગ્યાથી રાતના દસ સુધી પુરૂષો માટે થશે જેમાં અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી, હઝરત મૌલાના સૈયદ અમીન અલી માલેગાંવી, બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ તથા અન્ય સાદાતે કિરામ ઉલમા તશરીફ લાવશે.

**મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ**

## ફક્ત સુન્નીઓ માટે જશ્ને સમૂહ શાદી

**મસ્લકે આ'લા હઝરત ! ઝિંદાબાદ**

ગૌષો ખ્વાજાઓ અશરફો રઝાના ચાહકોને એ જાણીને ખુશી થશે કે, **રઝાએ મુસ્તફા એજ્યુકેશન ટ્રસ્ટ વડોદરા** આયોજિત જશ્ને સમૂહ શાદી (યાદગારે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ વ હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ)નો પ્રોગ્રામ નીચે પ્રમાણે થશે જેમાં જોડાંના નામોની નોંધણી સત્વરે કરાવશો.

**કબ ?** : તા. ૬–૧–૨૦૧૩ રવિવારના રોજ

**કહાં** : ઠે. પાદરા વિદ્યુત બોર્ડ પાસે, એલ.પી.જી. પેટ્રોલ પંપ પાસે, જંબુસ રોડ, પાદરા

| નામ નોંધણી ફી : | દુલ્હા માટે રૂા. ૩૦૦૦/- | દુલ્હન માટે : રૂા. ૨૫૦૦/- |
|---|---|---|

**નોંધ** : ૬૫ ચીજો ભેટ રૂપે આપવામાં આવશે, ટેબલ, ખુરશી, પલંગ, તીજોરી વગેરે.

સંપર્ક કરો : હાફેઝ સઈદ નૂરી (તાંદલજા, વડોદરા, M. 9274518786)

## પોસ્ટકાર્ડ લખી કે SMS કરીને મફત મંગાવો

**૧૯મા ફિક્હી સેમીનારના ફેંસલા** *(પેજીસ : ૩૨)*

**રજૂકર્તા** : હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)*

**અનુવાદકો** : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**બરકાતુલ્ ઈમ્દાદ લિ અહ્લિલ્ ઈસ્તિમ્દાદ યા'ને બુઝુર્ગોની મદદોની બરકતો** *(પેજ : ૫૨)*

**લેખક** : આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**ઈસ્લામના ત્રીજા ખલીફા અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન ગની** رضی اللہ عنہ

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**વહાબીઓ થકી અસલ કિતાબોમાં થતી ઘાલમેલની દાસ્તાન !** *(પેજીસ : ૩૨)*

**સંપાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**૪ કિતાબોના પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**રૂા. ૩૦૦ ભરી મેમ્બર/ડોનર થનારને આવી કિતાબો ઘર બેઠાં ફ્રીમાં વરસભર મળતી રહેશે.**

**જરૂરી નોંધ** : ઈન્ટરનેટ પર ઈ.સ. ૨૦૦૪થી આજ સુધીનાં "બરકાતે ખ્વાજા" તથા વિવિધ **૧૫૫** ઉપરાંત ગુજરાતી દીની કિતાબો વાંચવા વેબ સાઈટ ઓપન કરો **www.barkatekhwaja.net**


**બોલ્ટન** : ખાતે હઝરત મૌલાના મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવીના ઘરે પુત્ર જન્મ થયો જેનું નામ "મુહમ્મદ" રાખવામાં આવ્યું. જેની ખુશાલીમાં તેમના નાના હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા સાહબે પોતાના તરફથી "બરકાતે ખ્વાજા (માસિક)"નું એક ગ્રાહક ચાલુ કરી આપ્યું છે. જઝાકલ્લાહ ! નવાંગતુકને રબ્બે કરીમ બંને જહાનની નેઅમતોથી ખૂબ નવાઝે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*


## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે 3 X 2 લક્ઝરી બસ

**બસ ઉપડવાની તારીખ :** ૨૬–૦૧–૨૦૧૩, રાત્રે : ૧૦ વાગ્યે.

**પ્રવાસના સ્થળો : ઔરંગાબાદ, ગોવા, મહાબળેશ્વર, પંચગની, લોનાવાલા, બોમ્બે (ગેટ વે ઓફ ઈન્ડિયા, હાજી અલી, ચોપાટી, માહિમ મખ્દુમશા, હાજી મલંગ) થઈ પરત ધોળકા.**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૩,૫૦૧/– | ૧૨ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૪૦૯૨૪૫૧૨૨, ૯૭૨૪૬૫૯૮૫૩**

**નોંધ** : **૧.** રૂા. ૨૫૦/– ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વિગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** રૂા. ૨,૦૦૧/– ડિપોઝીટ કરી મનપસંદ સીટ બુક કરાવી લેવી. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી. આઈ.સી. કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે એક આખી ટીકટી રૂા. ૫૦૦/– વધુ ચૂકવવાના રહેશે.